
# વૈદિક ખોજની પરિપૂર્ણતા

# ઈસુ ખ્રિસ્ત

- આચાર્ય દયાપ્રકાશ



GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

4BG12

# વૈદિક ખોજની પરિપૂર્ણતા— ઈસુ ખ્રિસ્ત


અંગ્રેજીમાં
મૂળ લેખક
આચાર્ય દયાપ્રકાશ ટાઈટસ
સાંતતાલ આશ્રમ, જિ. નેનિતાલ, યુ.પી.

અનુવાદકો

જેમ્સ એલ. રાઠોડ
એમ.એડ્, એમ.એ. (યુ.એસ.એ.)
નિવૃત્ત સંયુક્ત શિક્ષણ નિયામક
ગુજરાત રાજ્ય

પોલ વી. ગોહિલ
એમ.એ, બી.ડી.એમ.ફીલ (યુ.કે.)
પાસ્ટર, ટ્રિનીટી મેથોડિસ્ટ ચર્ચ
વડોદરા



ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવા સદન
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

પ્રથમ આવૃત્તિ - ૧૯૮૮
પુનઃ મુદ્રણ - ૧૯૯૭

નકલ : ૧૧૦૦

કિંમત : ૨૫-૦૦


મુદ્રક
ફોટ્રોનિક્સ
ભરવાડા હાઉસ, હાઈકોર્ટ રેલવે ક્રોસિંગ પાસે,
નવરંગપુરા, અમદાવાદ - ૯.



જન્મ તા. ૩૦-૬-૧૯૧૪ મરણ તા. ૧૨-૩-૧૯૩૮

સ્વ. શ્રીમતી ફ્રેનીબહેન (ફ્રાન્સીસ) ગિરધરલાલ ભગતના
સ્મરણાર્થે

પુત્રવધૂ શ્રીમતી વાયોલેટ સીડની સેમ્યુલ તરફથી શ્રીમતી ફ્રેનીબહેન (ફ્રાન્સીસ) ગિરધરલાલ ભગતના સ્મરણાર્થે આ પુસ્તકના પ્રકાશન માટે રૂ. ૫૦૦૦/-નું દાન મળ્યું છે. આ માટે શ્રીમતી વાયોલેટબહેનનો આભાર માનવામાં આવે છે.



મારી માતૃ-ભૂમિ
ઋષિમુનિઓના દેશને

સમર્પિત

# અનુક્રમણિકા


ઉપોદ્‌ઘાત vii

પ્રસ્તાવના ix

અનુવાદકોનું નિવેદન xi

**૧. પાપનું દાસત્વ :** ૧

પાપની સાર્વત્રિકતા - પાપનો નકાર - પાપી સ્વભાવ - અસાધ્ય પાપ - શરૂઆત - પાપની શિક્ષા - યુગોની વ્યથા - પરમેશ્વરની આગેવાની

**૨. કર્મ અને કૃપા :** ૧૮

કર્મનો અર્થ - કર્મચક્રની શરૂઆત - સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણકર્મ - અટલ કર્મ - કર્મસિદ્ધાંતની પ્રભાવશીલતા - કર્મ દ્વારા મોક્ષ નથી - ધર્મશાસ્ત્રોના જ્ઞાનથી પણ નહિ - ધર્મ સંકટ - પરમેશ્વરની કૃપા - કૃપાનું મૂલ્ય.

**૩. મોક્ષની અનુભૂતિ :** ૪૦

સમાન ભૂમિકા - અદ્વૈતવાદમાં અનુભૂતિ - વૈષ્ણવવાદમાં અનુભૂતિ - શૈવપંથીઓ - સાંખ્ય અને યોગમાં અનુભૂતિ - ખ્રિસ્તી અનુભૂતિ - અનુભૂતિની પ્રાપ્યતા - એકમાત્ર શુભ સમાચાર

**૪. વેદોમાં પ્રભુ ખ્રિસ્તનું દર્શન :** ૬૧

ખ્રિસ્ત ઈસુ : શાશ્વત શબ્દ અને સરજનહાર - નિષ્પાપ વ્યક્તિ - સર્વજ્ઞ - કર્મયોગી - સિદ્ધ બ્રહ્મચારી -

મહાન સંન્યાસી - સચ્ચિદાનંદ - જગતનાં પાપ હરનાર - વિશ્વંભર

૫. **સદ્‌ગુરુ અને તેમની શિષ્યતા :** ૮૬

અનિવાર્ય ગુરુ - પરમેશ્વર જ એકમાત્ર સદ્‌ગુરુ - શિષ્ય - ગુરુના દીક્ષાસંસ્કાર - શિષ્યતા : વધસ્તંભનો માર્ગ - ભારતને સદ્‌ગુરુનું નિમંત્રણ - નવી શિષ્યતા

૬. **યોગ : હિંદુ અને ખ્રિસ્તી દૃષ્ટિ :** ૧૦૯

વ્યાખ્યા - ખ્રિસ્તી સિદ્ધાંતમાં યોગ - પરસ્પર તફાવત - સૂફીવાદમાં યોગ - શારીરિક કસરત દ્વારા યોગ - યોગ પર ખ્રિસ્તી વિચારદર્શન - ખ્રિસ્તના શિષ્યો યોગીઓ તરીકે - દ્વૈતવાદની કરુણ દશા - ખ્રિસ્તી યોગમાર્ગ

૭. **ખોજ-યાત્રાની પરિપૂર્ણતા :** ૧૩૫

અતુલ્ય ખોજ - પરિપૂર્ણતા - ખોજ અને પ્રકટીકરણ એકબીજાનાં પૂરક - ખ્રિસ્તમાં પરિતૃપ્તિ

૮. **ઈશ્વરી-કૃપા દ્વારા બચાવ :** ૧૫૨

લેખકની સાક્ષી

# ઉપોદ્‌ઘાત

આ પુસ્તકનો ઉપોદ્‌ઘાત લખવા માટે વિનંતી કરવામાં આવી તે મારા માટે બહુમાન અને વિશેષાધિકાર છે. હું લેખકને ત્રીસ કરતાં વધારે વરસથી ઓળખું છું અને તેમનો પ્રશંસક છું. આ જવાબદારી હાથ ધરવા માટે તેઓ પૂરેપૂરા સજ્જ છે.

સ્વીકારીએ કે ન સ્વીકારીએ, દરેક પુરુષ અને સ્ત્રી પરમેશ્વરના શોધક હોય છે. જેઓ તેમને નકારે છે અથવા નાકબૂલ કરે છે તેઓ પણ અંતિમ પૃથક્કરણમાં તેમના ઉત્પન્નકર્તાની સંગત ઝંખે છે. જો આપણે કોઈ ઉદ્દેશ કે ન્યાયનો સ્વીકાર, કે બિરાદરી કે પ્રેમ, અથવા અન્ય કોઈ પરિણામ મેળવવા ઈચ્છતા હોઈએ તો વસ્તુતઃ આપણે પરમેશ્વરની ખોજ કરીએ છીએ. તેમણે માનવહૃદયમાં પોતાના માટે આવી તીવ્ર ઝંખના સ્થાપી છે.

ખરેખર આ ખોજની ગહનતા અને મિલન-બિંદુ ભારતમાં છે તેટલાં વિશેષ સંપૂર્ણ અને અવિચળ કોઈ પણ સ્થળે નથી. ભારતીય લોકોની અને મુખ્યત્વે હિંદુઓની આ એક સૌથી પ્રશંસનીય લાક્ષણિકતા છે. આ સંશોધન ઘણી શતાબ્દીઓ સુધી, કાળજીપૂર્વક પૃથક્કરણ કરીને, તેમ જ આશ્ચર્યકારક તીક્ષ્ણતા અને પ્રભાવથી વ્યવસ્થિત કરીને, વૈદિક લખાણોમાં રજૂ કરવામાં આવ્યું છે. જે કોઈ ભારત સાથે પરિચય કેળવે છે તે આ અંગે માહિતગાર હોય છે ને તે માટે કૃતજ્ઞતા અનુભવે છે.

આ પુસ્તકનું સાપેક્ષ દર્શન એ છે કે, આ ખોજની પરિપૂર્ણતા પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં પ્રાપ્ત થાય છે. લેખક આ પરિસ્થિતિ ખૂબ જ આગ્રહપૂર્વક અને સ્પષ્ટતાથી રજૂ કરે છે. તે વૈદિક દસ્તાવેજોનો તેમના સંસ્કૃત મૂળ સ્વરૂપમાં ઘરોબો ધરાવે છે, ને તેમને પોતાના રાષ્ટ્રીય

વારસાના ભાગ રૂપે સંભાળપૂર્વક સ્વીકારે છે. પોતે હિંદી ખ્રિસ્તી હોવા છતાં, આચાર્ય દયાપ્રકાશ રાષ્ટ્રીયતા-વિહોણી દષ્ટિ રાખતા નથી. આ કારણે તેઓ પોતાની વૈદિક પરંપરાની હાર્દિક પ્રશંસા કરે છે.

પરંતુ બીજી બાજુએ, લેખક ઈસુ ખ્રિસ્ત પ્રત્યેની પ્રભુ અને તારનાર તરીકેની વફાદારીમાં મક્કમ છે. ઈસુ ખ્રિસ્તમાં તેમણે અંગત પરિપૂર્તિ પ્રાપ્ત કરી છે તેની તે સાક્ષી આપે છે. તદનુસાર આ પુસ્તક પ્રમાણભૂત ઉત્કૃષ્ટતા ધરાવે છે. ઘણાં વરસો સુધી ભારતના વિવિધ ભાગોમાં ભરાતી સભાઓમાં તેના અંગે તેમણે ભારે જહેમત ઉઠાવી છે. દરેક વિચારશીલ મનોવૃત્તિ ધરાવનાર વ્યક્તિ જેના હાથમાં આ પુસ્તક આવે તેમને તેની ભલામણ કરું છું. તમામ નિષ્ઠાવાન ખોજ કરનાર પ્રાપ્ત કરનાર બને, અથવા સાચું કહીએ તો, જેમણે પોતાને ઈસુ ખ્રિસ્તમાં પ્રગટ કર્યા છે તે પરમેશ્વર, તેમને પ્રાપ્ત કરે !

જેમ્સ કે. મેથ્યુસ, બિશપ
આચાર્ય
સતતાલ આશ્રમ

મે ૨૩, ૧૯૮૨

# પ્રસ્તાવના

લેખકે ભારતવર્ષનાં સિત્તેરેક શહેરોમાં, સુશિક્ષિત જાહેર સમૂહોને આધ્યાત્મિક સત્સંગ વખતે આપેલ સંદેશાઓ મહદ્ અંશે આ પુસ્તકમાં આપેલા છે, ભિન્ન ભિન્ન સ્થળે વક્તા સાથે મંચ પર સન્માનીય સંતપુરુષો, આચાર્યો, પંડિતો, મૌલવીઓ, જ્ઞાનીઓ, પાળકો, નગરપતિઓ, અધ્યાપકો, અધિકારીઓ અને નાગરિકો સહભાગીદાર બને છે. અપવાદ વગર પરિણામ હંમેશાં ખૂબ ઉષ્માભર્યું રહ્યું છે. વારંવાર આ પ્રશ્ન પુછાતો કે : "શું તમે આ વિષય પર કંઈ લખ્યું છે? હવે છેવટે, "હા, મારી પાસે કંઈક લખાણ છે" એવો જવાબ હું આપી શકું એમ છું. આ પુસ્તક પ્રકાશિત કરવાનો હેતુ એ છે કે ઈશ્વરપિતા તેમની કૃપાથી બધા ધાર્મિક લોકોમાં સદ્ભાવના અને સમજ કેળવે. કારણ કે ખાસ કરીને આપણા બધાની માન્યતામાં ઘણું બધુંસામ્ય રહેલું છે, જેની આપણે આપ-લે કરી શકીએ. આ પુસ્તક, દુનિયાનાં પ્રાચિન ધર્મશાસ્ત્રોમાં રજૂ થતા પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફ નવી દૃષ્ટિથી નિહાળવાની આપણી પાસેથી અપેક્ષા રાખે છે, જેથી સદીઓ પૂર્વે આપણી માતૃભૂમિના વિદ્વાન સંતોએ તેમના વિચારો અને દર્શનોમાં જેમની ઝંખના કરી હતી, તે આ ઈસુ વગર બીજા કોઈ હોઈ ન શકે, તે આપણે ઉલ્લાસપૂર્વક અનુભવી શકીએ.

પ્લેટોએ પુરાતન કાળમાં જણાવ્યા મુજબ, શિક્ષણ નવી બાબતો કહેવામાં સમાયેલું નથી; પણ તે તો તેમની સ્મૃતિમાંથી તેઓ જે જાણે છે તેબહાર લાવવામાં રહેલું છે. હું માનું છું કે આ બાબત આ પુસ્તક માટેપણ ખરેખર સાચી છે. વિવિધ પ્રકારની વિચારસરણીઓ જે ઘણા ભારતીય અને વિદેશી લેખકો અને પ્રાચ્યવિદ્યા-નિષ્ણાતોની જહેમત દ્વારા મારા સ્મરણપટ પર નોંધાઈ છે તેઓનો હું કૃતજ્ઞતાપૂર્વક સ્વીકાર કરતાં આનંદ અનુભવું છું. ઋષીકેશ, દ્વારકા, વારાણસી,

પોંડિચેરી, પવનાર, કાંચીપૂરમ્, તીરુપત્તુર, ત્રિચી, સીહોર અને સાતતાલ જેવા આશ્રમો અને સ્થળોએ જે મિત્રોની મેં સંગતો અનુભવી તેઓનો પણ હું ઋણી છું.

સૂર્ય, ચંદ્ર, હવા, પાણી, ખોરાક અને અન્ય બાબતો પરમેશ્વર તરફથી ભેટસ્વરૂપ મળેલ છે, તે જ રીતે હું માનું છું કે કોઈપણ લખાણોમાં ક્યાંય સત્ય છે, તે સત્યનાં બીજ સાર્વત્રિક અને સર્વને માટે છે, ને તેથી આ પુસ્તકમાં વાચક જોઈ શકશે કે મેં છૂટથી વેદોનાં અવતરણોની સાક્ષી ચર્ચા દરમિયાન ટાંકી છે, દૈવી ભેટો કોઈ એક પંથ, ધર્મ, જાતિ કે રાષ્ટ્રનો ઇજારો હોઈ શકે નહિ અને છે પણ નહિ.

અહીં વાપરવામાં આવેલાં મૂળ અવતરણોના અર્થઘટન અને ચકાસણી પ્રત્યે અંગત ધ્યાન આપવામાં આવ્યું છે.

મારા હૃદય પર જે બોજ છે તે આ પુસ્તકનાં પાનાં જ વાચકને પ્રગટ કરશે એથી વિશેષ હું શું કહું ? અનંત આત્મા જેમનામાં પ્રત્યેક આત્માની મુક્તિ અને ઐક્ય છે તે તરફ દોરી લઈ જાય, એ જ મારી પ્રાર્થના છે અને હંમેશાં રહેશે.

શાન્તિ !

સાતતાલ આશ્રમ

મે ૧૫, ૧૯૮૨ **દયાપ્રકાશ**

# અનુવાદકોનું નિવેદન

કેટલાંક વરસોથી ગુજરાતમાં સાતતાલ ક્રિશ્ચિયન આશ્રમના નિવાસી આચાર્યશ્રી દયાપ્રકાશ ટાઈટસ દ્વારા અમદાવાદ, વડોદરા, સુરત જેવાં સ્થળોએ આધ્યાત્મિક સત્સંગની સભાઓ સફળતાપૂર્વક યોજાઈ છે. તેમણે ટૂંકમાં રજૂ કરેલા વિચારો, વિસ્તારથી પુસ્તક રૂપે પ્રાપ્ત કરવાની ઘણા શ્રોતાજનોની માગણી હતી. આવું પુસ્તક, 'Fulfilment of the Vedic Quest in the Lord Jesus Christ.' અંગ્રેજી તેમ જ હિંદીમાં પ્રાપ્ય હોવા છતાં પોતાની માતૃભાષા ગુજરાતીમાં તે મળી શકે તો વધારે સારું, એવી લાગણી વ્યક્ત થતી.

અમે સાતતાલના આશ્રમ નિવાસ દરમિયાન આચાર્યજીનાં પ્રવચનો તેમ જ તેમના અંગ્રેજી પુસ્તકથી પ્રભાવિત થઈ, પૂરતો અનુભવ ન હોવા છતાં, પ્રભુની પ્રાર્થના દ્વારા અનુવાદનું કાર્ય શરૂ કર્યું. આચાર્યશ્રીએ નિ:શુલ્ક અનુવાદ કરવાની તથા પ્રકાશન કરવાની હાર્દિક અનુમતિ આપી અમને પ્રોત્સાહિત કર્યા છે તે બદલ અમો તેમના ઋણી છીએ.

સેન્ટેનરી મેથોડિસ્ટ ચર્ચ વડોદરામાં રોજ સવારમાં સત્સંગની સભાઓનું સંચાલન કરનાર પ્રભુના સેવક સ્વર્ગસ્થ રેવ. ઈથિયેલભાઈ વિ. માસ્ટરે, નિવૃત્તિ દરમિયાન, પુસ્તકનાં અનુવાદિત પ્રકરણો, એક પછી એક, કાળજીપૂર્વક વાંચી, શબ્દોની પસંદગી અંગે ચર્ચાવિચારણા કરી, કીમતી માર્ગદર્શન અને પ્રેરણા આપેલાં છે, તેમનો આ સ્થળે આભાર પ્રદર્શિત કરીએ છીએ.

ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીના સેક્રેટરીશ્રી પ્રિન્સિપાલ ભગવતપ્રસાદ ચૌહાણનો સંપર્ક સાધતાં તેમનાં તરફથી ઉત્તેજનદાયક પ્રતિભાવ સાંપડયો. પ્રકાશન સમિતિએ આ પુસ્તક

પ્રકાશિત કરવા સ્વીકાર્યું છે તે બદલ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી અભિનંદનને પાત્ર છે.

ગુજરાતની ખ્રિસ્તી જનતા આ પુસ્તકને વધાવી લઈ તેનો ઝીણવટભર્યો અભ્યાસ કરશે તેમ જ તેમના અન્યધર્મી મિત્રોને તેની ભેટ આપશે તો બુદ્ધિશાળી વર્ગના વાચકો, ભારતીય પરંપરા અનુસાર, પ્રભુની કૃપાનો અનુભવ પ્રાપ્ત કરશે તેવી અપેક્ષા છે.

વડોદરા,

ઈસ્ટર ૧૯૮૮

અનુવાદકો

# ૧

# પાપનું દાસત્વ

## પાપની સાર્વત્રિકતા

માનવીને પાપના દાસત્વ કરતાં બીજો કોઈ વધારે મોટો મૂંઝવતો પ્રશ્ન નથી. આ દુનિયામાં જન્મેલો કોઈપણ મનુષ્ય પાપના ડંખથી છૂટી શકતો નથી. સતત લલચાવનારા પાપની આ આંતરિક શક્તિનો સંત, સાધુ, સંન્યાસી, પયગંબર, પંડિત, પાદરી કે મૌલવી, ફકીર કે રહસ્યવાદી, રાજા કે ગુલામ, અમીર કે ગરીબ બધાએ અનુભવ કર્યો છે.

ખ્રિસ્તી વ્યક્તિ તેની દરરોજની પ્રાર્થનામાં સ્વર્ગીય પિતાને આજીજીપૂર્વક વિનવે છે "બીજાઓના અપરાધ અમે માફ કર્યા છે તે જ પ્રમાણે અમે કરેલા અપરાધની અમને માફી આપો." તે જ પ્રમાણે વૈષ્ણવ બ્રાહ્મણ પણ ગાયત્રી મંત્રના જપ જપ્યા પછી સંસ્કૃતમાં નીચેની પ્રાર્થના કરે છે :

पापोहं पापकर्माहं पापात्मा पापसंभवः ।

त्राहिमाम् पुण्डरिकाक्षम् सर्व पाप हर हरे ॥

અર્થાત્ : "હું પાપી, પાપ કરનાર, પાપાત્મા, પાપમાં જન્મેલ છું. ઓ પ્રભુ, મારાં બધાં પાપમાંથી મુક્ત કરી મને બચાવી લો."

બાઈબલમાં ધર્મપિતૃઓ જેવા કે આદમ, અબ્રાહમ, મુસા, દાઉદ, સુલેમાન, પિતર યા પાઉલનાં પાપ સંતાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો નથી, એમ જ હિંદુ શાસ્ત્રોમાં દેવ, ઋષિ કે મુનિનાં

પાપોનો ઢાંકપિછોડો થયો નથી. એક મુસ્લિમ કવિએ તાજેતરમાં કાવ્ય રચ્યું છે :

जिंदगी क्या है, गुनाहे आदम
जिंदगी है तो गुनहगार हूँ मैं

જિંદગી, આદમના પાપ સિવાય શું છે ?
જો મને જીવન છે તો હું પાપી છું !

જાણીતા સર્વોદય નેતા શ્રી જયપ્રકાશ નારાયણે કહ્યું હતું: "માનવીના અંતરમાં પશુતા વ્યાપેલી છે; જો તેને નાથવામાં નહિ આવે તો તે વિશ્વનો વિનાશ નિશ્ચિત છે !"

આ પાપનાં નાનાં-મોટાં ઘણાં નામો છે. શાસ્ત્રોમાં તેનો ઉલ્લેખ ભિન્ન ભિન્ન રીતે થયેલો છે, જેમ કે :

पाप, पातक, एनस्, अध, दुरित, दुष्कुत,
किल्विष, मल, अनृत, तमस्, अपराध,
बंधन, माया, प्रकृति, अज्ञान, अविधा, असत्,
खता, कुसूर, गुनाह, तकसीर, पाश,

અથવા અંગ્રેજી ભાષામાં sin, evil, trespass, iniquity or transgression.

વેદમાં પાપને "પાશ" એટલે બંધન તરીકે ઓળખવામાં આવે છે કે જે પશુને પશુપતિ, ઈશ્વર સાથે એકરૂપ થવામાં અંતરાયરૂપ છે. પાપી મનુષ્ય મજબૂત દોરડાથી બંધાયેલા વાછરડા સમાન છે (ઋગ્વેદ ૨:૨૮:૫-૬). પાપ એ ઈશ્વર અને સમાજ સામેનો અપરાધ છે, ઋગ્વેદ ૭:૮૬:૩; યજુર્વેદ ૮:૧૩. તે ઈશ્વરના ધર્મ (નિયમ)નો આજ્ઞાભંગ છે, ઋગ્વેદ ૭:૮૯:૫; અથવા

ભાઈ, મિત્ર, પડોશી કે પરદેશીની વિરુદ્ધ આચરેલું કૃત્ય છે, (ઋગ્વેદ ૫:૮૫:૭-૮).

બાઈબલ પ્રમાણે પાપ એ ઈશ્વરના નિયમોનું ઉલ્લંઘન છે - ૧ યોહાન ૩:૪; તે માનવીના પોતાના સર્જનહાર વિરુદ્ધ કરેલ બળવો અને આજ્ઞાનું ઉલ્લંઘન છે -પુન. ૯:૭; યહોશુઆ ૧:૧૮. એ ધ્યેયને ચૂકી જવા બરાબર (હિબ્રૂમાં ચટા, નિર્ગમન ૧૦:૧૬ વગેરે), અને અધર્માચરણ છે -૧ યોહાન ૫:૧૭.

જે બંધનની આપણે વાત કરીએ છીએ તે પોતાના ઘરેથી ભટકી ગયેલ માનવીની પતિત અવસ્થા છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તે પાપી માનવીની આ પતિતાવસ્થા દર્શાવવા "ખોવાયેલું ઘેટું", "ખોવાયેલો સિક્કો" અને "ખોવાયેલો પુત્ર" જેવી ઉપમાઓ આપી છે (લૂક ૧૫). સરખાવો છાંદોગ્ય ઉપનિષદ ૬:૧૪:૧-૨.

આ પાપ સાર્વત્રિક છે, એટલે કે "સૌ કોઈએ પાપ કર્યાં છે ને સૌ કોઈ ઈશ્વરના મહિમાથી વંચિત થયા છે," રૂમી. ૩:૨૩, અને કોઈપણ વ્યક્તિ ઈશ્વરની સમક્ષ ન્યાયી નથી. ગી. શા. ૧૪૩ : ૨.

ભગવદ્‌ગીતા દર્શાવે છે કે ત્રિવિધ પ્રકૃતિનું બંધન જેને ત્રિગુણ કહેવામાં આવે છે તેનાથી પૃથ્વી પરની કોઈપણ વ્યક્તિ કે સ્વર્ગમાંના કોઈ દેવ કે કુદરતી રીતે જન્મેલ પ્રાણી મુક્ત નથી :

न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः ।
सत्त्वं प्रकृतिजैर्मुवतयदेभिः स्यात्त्रिभिर्गुणैः ॥ (૧૮:૪૦)

અને આ ત્રિગુણ (ધ્યાન દો, કે તેમાં સત્ત્વ કે ભલાઈ સમાયેલ છે!) દેહધારી આત્માનું બંધન છે (સરખાવો ગીતા ૧૪ : ૮).

ગોસ્વામી તુલસીદાસે કહ્યું છે :

काम क्रोध मद लोभ की जब लग मन में खान ।
तब लग पंडित मूरखौ तुलसी एक समान ॥

અને આગળ જણાવે છે :

तुलसी या जग आयके कौन भयो समरथ ।
कंचन वो कुचन पे, किन न पसारो हाथ ॥

## પાપનો નકાર

વિવિધ શાસ્ત્રોમાં પાપના અસ્તિત્વને વિસ્તૃત રીતે સ્વીકારેલ છે, છતાંયે હિંદુ અને ખ્રિસ્તી ધર્મના થોડાક માણસો પાપની વાસ્તવિકતાને નકારે છે, એ આશ્ચર્યજનક બાબત છે. પશ્ચિમના કેટલાક ચર્ચના પગારદાર પ્રાધ્યાપકો શીખવે છે કે પાપ સર્વવ્યાપી છે એ હકીકત ખરી નથી. તેઓ માને છે કે પાપ એ ફક્ત આકસ્મિક કે અમુક સંજોગ કે પરિસ્થિતિ આધારિત છે.

હિંદુ ધર્મમાં નાનકડો પણ પ્રભાવશાળી બુદ્ધિજીવી વર્ગ, માનવીના સ્વભાવમાં રહેલી પાપની દુષ્ટતાનો ભારોભાર ઈન્કાર કરે છે અને તેને असत, अविद्या, माया કે मिथ्या જેવાં પ્રતિષ્ઠિત નામો આપે છે.

આ પ્રકારના અર્વાચીન ઈશ્વરવિદ્યાવેત્તાઓ કે ફિલસૂફો તેમના શબ્દભંડોળમાંથી પાપ શબ્દ સગવડ ખાતર કાઢી નાખે છે પણ તેથી પાપની વાસ્તવિક્તા દૂર કરી શકાતી નથી. પાપનું નામ ન પાડીએ તોયે આ દુનિયા નામ વગર પણ એ રોગથી પિડાયા જ કરે છે. અગ્નિને અગ્નિ ન કહીએ તેથી કાંઈ અગ્નિ પોતાનો

ગુણ છોડશે નહિ, એ આંગળીને દઝાડશે જ. વિદ્વાન ફિલસૂફ ડૉ. એસ. રાધાકૃષ્ણને લખ્યું છે કે : "ઈતિહાસના આરંભથી આપણને પાપ વળગેલું છે પરંતુ તાજેતરમાં આપણે તેની પૂજા કરતા થયા છીએ" (The Hindu View of Life, p. 63). કાર્લ યુંગે નોંધ્યું છે : "બધાં પ્રાચીન પાપો મૃતપ્રાય થયાં નથી, પણ આપણાં આધુનિક હૃદયોના અંધારા ખૂણામાં સંતાઈને પડયાં છે... ત્યાં છે જ અને અગાઉની જેમ જ બિહામણાં છે." આપણે તેને ભૂલ કહીએ પણ ઈશ્વર તો તેને પાપ કહે છે. આપણે તેને નબળાઈ કહીએ પણ પરમેશ્વર તેને આપણું મનસ્વીપણું કહે છે. આપણે એમ વિચારીએ કે તે નસીબજોગે બનતું કૃત્ય છે પણ પ્રભુ જાણે છે કે એ આપણી પોતાની પસંદગીની બાબત છે.

પ્રભુ ઈસુએ માથ્થી ૧૨:૩૩માં કહ્યું છે તે મુજબ "ફળ ઉપરથી ઝાડ ઓળખાય છે." આપણે દૈનિક વર્તમાનપત્રોમાં ચોરી, લૂંટફાટ, કાળાં બજાર, દાણચોરી, ખૂન, વ્યભિચાર પૃથ્વીના દરેક ભાગમાં બનતાં વાંચીએ છીએ ત્યારે આ બધાંની પાછળ માનવજાતનો પાપી સ્વભાવ રહેલો છે, એ આપણે કબૂલ કરવું પડે છે. હિતોપદેશે સાચે જ જણાવ્યું છે:

रोग शोक परिताप बंधन व्यस्नानि च ।
आत्मापराध वृक्षाणां फलानि एतानि देहिनाम् ॥

(મિત્રલાભ ૪૧)

માંદગી, દુઃખ, દર્દ, બંધન અને આપત્તિ, એ બધાં માનવીનાં પોતાનાં જ પાપરૂપી વૃક્ષનાં ફળો છે.

શીખોના આદિ ગ્રંથ સાહેબમાં પણ પાપની વેદના પ્રગટ થયેલી છે :

हूं पापी पतितु परम पाखंडी
तू निर्मलु निरंकारी

(પાન ૫૯૬, સોરઠ મોહલા)

## પાપી સ્વભાવ

શાસ્ત્રો સંસારમાં પાપની હસ્તીનો સ્વીકાર કરે છે એટલું જ નહિ પણ જણાવે છે કે પાપ માનવીની મૂળ પ્રકૃતિમાં જ છે, તેથી જેમ ઘણા સમજે છે તે કરતાં આ વધુ ગંભીર છે. જો પાપ આકસ્મિક કે પરિસ્થિતિજન્ય હોત તો આપણા દઢ નિશ્ચય ને શિસ્ત દ્વારા આપણી પરિસ્થિતિ સુધારી શકીએ, પણ જો પાપ આપણા મૂળ સ્વભાવમાં જ હોય તો આપણે લાચાર છીએ, કેમ કે આપણે આપણી પ્રકૃતિની વિરુદ્ધ જઈ શકીએ નહિ. હું કોઈ ગુનામાં સપડાયો હોઉં તેથી નહિ પણ ક્યારેક દશ્ય કૃત્ય થયું હોય કે ન થયું હોય તોપણ મારામાં જે પાપી સ્વભાવ છે તે કારણે હું પાપી છું. તેનું બીજ મારા સ્વભાવમાં છે જ. ઉદાહરણ રૂપે, કૂતરો ભસે છે માટે તે કૂતરો છે એમ નથી, પણ તેથી ઊલટું કૂતરો ભસે છે, કારણ કે ભસવું તે તેના સ્વભાવમાં છે. એ જ પ્રમાણે માણસ પાપ કરે છે માટે તે પાપી છે એમ નહિ, પણ તેના પતન બાદ પાપ કરવું એ તેના સ્વભાવમાં ઊતરેલું છે.

આથી આપણા સમાજમાં રોજબરોજ જે નાનાં-મોટાં પાપો થયાં કરે છે તે માટે હું ઝાઝી ચિંતા કરતો નથી. જેઓ અવ્યવસ્થા આચરે છે તેઓને શિક્ષા કરવા તેમ જ સુધારવા પોલીસ અને સંસ્થાઓ છે. આપણે માણસના પતિત સ્વભાવ કે પ્રકૃતિની વધુ ચિંતા કરવી જોઈએ, કે જે સામાજિક અથવા ધાર્મિક સત્તાધીશોથી કદીયે સુધારી શકાતી નથી. માણસ એની પાંચ જ્ઞાનેન્દ્રિયનો ભોગ

બનેલો છે, અને ઈન્દ્રિયો તેના સ્વભાવની ગુલામ છે. હિતોપદેશ તરફ ફરી આપણે ધ્યાન દઈએ:

न धर्मशास्त्रं पठतीति कारणं
न चापि वेदाध्ययनं दुरात्मनः ।
स्वभावेवात्र तथऽतिरिच्यते
यथा प्रकृत्या मधुरं गवा पयः ॥ (મિત્રલાભ ૧૭)

માણસ ધર્મગ્રંથો વાંચતો નથી ને વેદોનો અભ્યાસ કરતો નથી માટે તે દુષ્ટ છે એમ નહિ પણ જેમ ગાયનું દૂધ તેના સ્વભાવથી મીઠું છે તેમ તે પોતાના આંતરિક જન્મજાત ગુણોને લીધે દુષ્ટ છે.

શ્રી ભગવદ્‌ગીતા ૩.૩૩માં જણાવે છે:

सद्यशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ॥

(ગીતા ૩:૩૩)

જે માનવી જ્ઞાન ધરાવે છે તે પણ પોતાના સ્વભાવ પ્રમાણે વર્તે છે. બધાં પ્રાણીઓ પોતાના સ્વભાવ પ્રમાણે વર્તે છે તો તેને રોકવાથી શો ફાયદો?

અર્જુન હજી પણ પોતાની પૃચ્છા છોડી દેતો નથી ને પૂછે છે:

अथ केन प्रयुकतोऽयं पाप चरति पुरुषः ।
अनिच्छन्नपि वार्ष्णेय बलदिव नियोजितः ॥ (ગીતા ૩:૩૬)

મહાપુરુષ મને કહો કે કઈ શક્તિ કે આવેશથી તે ઇચ્છતો ન હોય છતાં પણ પાપ કરે છે?

ત્યાર પછીનો શ્લોક તેના જવાબમાં કહે છે : આંતરિક મનોવિકાર જે તેનો દુશ્મન છે તેનાથી જન્મેલ મોહ ને ક્રોધને લીધે તેમ થાય છે.

મનોવિકાર એ માણસના સ્વભાવ કે પ્રકૃતિમાં જન્મેલ છે. આ પાપી સ્વભાવ સર્વત્ર ફેલાયેલો હોવાથી પાપને પોતાના શિષ્યોને તાલીમ આપવા કે તેનો પ્રચાર કરવા કોઈ શાળા કે વિશ્વવિદ્યાલયની જરૂર પડતી નથી. ધર્મને મંદિર કે ચર્ચની જરૂર પડે પણ પાપને એવા કશાની જરૂર હોતી નથી.

## અસાધ્ય પાપ

દુઃખની વાત એ છે કે માનવ પ્રયત્નથી માણસના સ્વભાવને સુધારવો અશક્ય છે. જ્યારે આપણે માણસ શબ્દ વાપરીએ છીએ ત્યારે પુરુષ અને સ્ત્રી, યુવાન અને બાળક એમ બધાં તેમાં ગણીએ છીએ. માણસનો સ્વભાવ તે લીમડાના ઝાડ જેવો છે. હવે ધારો કે કોઈ ધનવાન માણસ લીમડાનો સ્વભાવ સુધારવા ઇચ્છે કે જેથી ભવિષ્યમાં તેનાં ફળ કડવાંને બદલે મીઠાં થાય ને તેનાં બાળકો ઝાડ પર ચઢીને આનંદથી ફળ ખાઈ શકે ! તે મજૂરો રોકીને ઝાડની આસપાસ ઊંડો ખાડો ખોદીને તેને ખાંડ કે ગોળથી ભરે અને રોજ રોજ પૂરતા પ્રમાણમાં પાણી રેડે. શું તમે માનો છો કે આ લીમડો તે પ્રયોગના પરિણામે બીજે વર્ષે મીઠાં ફળ આપશે ? લીમડો તેની પ્રકૃતિથી જ કડવો છે અને તેની પ્રકૃતિ કશાથી બદલી શકાય નહિ (કદાચ તેનાં મૂળ કાઢીને બીજા ઝાડ સાથે તેની કલમ કરાય તો શક્યતા ખરી).

> હબસી પોતાની ચામડી કે ચિત્તો પોતાનાં ટપકાં બદલી શકે શું? તો તમે ભૂંડું કરવાને ટેવાયેલા પણ ભલું કરી શકશો ?
>
> (યિર્મેયાહ ૧૩:૨૩)

બાઈબલ પ્રમાણે પાપી માણસમાં કંઈ જ સારું વસતું નથી -રૂમી ૭:૧૮. તેની બુદ્ધિ અંધકારમય થયેલી છે -એફેસી. ૪:૧૮;

૧ કોરીંથી ૨:૧૪. તેનું હૃદય કપટી છે -યિર્મેયાહ ૧૭:૯-૧૦ તેનું મન ભૂંડું છે -ઉત્પત્તિ ૬:૫; તીતસ ૧:૧૫ તેની ઇચ્છાશક્તિ નબળી છે -રૂમી. ૭:૧૮. તે ઈશ્વરથી વિમુખ થયો છે -યશાયાહ ૫૯:૨. સર્વોત્તમ ઝાંખરા સમાન છે -મીખાહ ૭:૪; સરખાવો યશાયાહ ૧:૬; અયૂબ ૧૪:૪

## પાપની શરૂઆત

આવું ભયાનક પાપ માનવજાતના સ્વભાવ કે પ્રકૃતિમાં કેવી રીતે પ્રવેશ્યું? બૃહદારણ્યક ઉપનિષદ (૪:૩:૮)માં જણાવેલ છે કે જીવ (આત્મા) તેના જન્મ વખતે જ ભૂંડાઈ પ્રાપ્ત કરી લે છે. ઈસ્લામ મુજબ શેતાન દરેક વ્યક્તિને જન્મતાંની સાથે જ અડકે છે. બાઈબલ પણ માને છે કે માણસ જન્મથી જ પાપી છેઃ

"જન્મ થયો મુજ તે કાળથી હું તો રહ્યો છું પાપી,
મુજ માતાએ ગર્ભ ધાર્યો ત્યારથી હું અપરાધી."

(ગી. શા. ૫૧:૫)

પ્રજોત્પત્તિના સિદ્ધાંતમાં માનવું એ કંઈ પાપ નથી, પણ જો માબાપ પાપી હોય તો તેઓ પાપીને જ ઉપજાવી શકે. ઉત્પત્તિના પુસ્તકના વૃત્તાંત મુજબ આદમ અને હવાના ઈશ્વરની ઇચ્છાની આજ્ઞાભંગ દ્વારા પાપની શરૂઆત થઈ. ત્યારથી તેમના વંશજો આ પતિત સ્વભાવનો વારસો પામતા આવ્યા છે, રૂમી. ૫:૧૨, ૧૯. પાપ તે ઈશ્વરનું સર્જન નથી પણ માણસનું પોતાના ઉત્પન્નકર્તાની વિરુદ્ધનું ફિતૂર છે.

દુનિયાના મુખ્ય ધર્મોમાં આ પ્રકારની સમાનતા આપણે આટલે સુધી નિહાળીએ છીએ. આપણા જીવનનો કૂટપ્રશ્ન એ એકસરખો છે એટલે કે "પાપનું બંધન". આત્મિક રીતે જોતાં

માનવજાત ભરદરિયે ડૂબતા વહાણમાં એક સાથે સફર કરી રહી છે. આપણ બધાંની એક સામાન્ય જરૂરિયાત તે બચવાની છે : તમે તેને ઉદ્ધાર કે મુક્તિ, જે કહો તે.

## પાપની શિક્ષા

હવે બાઈબલ પાપ સંબધી બહુ કડક વલણ અપનાવે છે અને જણાવે છે કે "પાપનો મુસારો મરણ છે." રૂમી. ૬:૨૩ - મરણ, જે આત્માને પરમેશ્વર તેમ જ પ્રકાશ તથા જીવનથી જુદો પાડે છે. બીજા શબ્દોમાં કહીએ તો તે નર્ક છે. ગીતશાસ્ત્ર ૧૧:૬માં દુષ્ટો પર અગ્નિ પડવા વિષે જણાવે છે અને યશાયાહ ૪૮:૨૨માં જાહેર કરે છે કે દુષ્ટોને કંઈ શાંતિ હોતી નથી.

મંડલ બ્રહ્મોપનિષદ ૨:૪ જણાવે છે કે "पाप फल नरकादिमाडस्तु" (પાપનું ફળ નર્ક છે).

ગીતામાં દર્શાવ્યા મુજબ નર્કમાં પ્રવેશ ત્રિપાંખિયો છે - મનોવિકાર, ક્રોધ અને લાલસા, ૧૬:૨૧. જેઓ અજ્ઞાનથી છેતરાય છે તેઓ છળકપટભર્યા નર્કમાં પડે છે, ૧૬:૧૬; ભૂંડાઈ આચરનારાઓને દુષ્ટ યોનિઓમાં (કે પુનર્જન્મોમાં) ફેંકી દેવામાં આવે છે, ૧૬:૧૯.

પુનર્જન્મ અથવા જન્માંતરનો સિદ્ધાંત (જેમાં હું વ્યક્તિગત રીતે માનવા પોતાને અશક્તિમાન ગણું છું) ઘણો આકરો છે અને હિંદુ વ્યક્તિને આનંદદાયક લાગતો નથી, કારણ તેને તે મુજબ ચોર્યાસી લાખ અવતારની શક્યતા રહે છે. જો પ્રાણીનું સરેરાશ આયુષ્ય કદાચ દશ વરસ ગણીએ તો તેના માટે કદાચ ૮,૪૦,૦૦,૦૦૦ વરસ સુધી દુઃખ અને દર્દ ભાગ્યમાં આવે. આ

ઉપરાંત આ પુનર્જન્મ વ્યક્તિને સૃષ્ટિના ધૃણાસ્પદ વિભાગમાં-ગંદાં અને ભયાનક પ્રાણીઓ, કીડા, જંતુઓ, ઝાડ, છોડ વગેરેના - લઈ જાય છે. ભગવદ્‌ગીતા તેથી પુનર્જન્મને दुःखालयमशाश्वतम् (અર્થાત્ દુઃખનું સ્થાન જે શાશ્વત જીવનથી વિરુદ્ધ પ્રકારનું છે) ગણે છે, ૮:૧૫ વિદ્વાન યાજ્ઞવલ્કયે માનવજીવનને असत्, तमस्, मृत्यु (કાલ્પનિક, અંધકાર અને મરણ) માન્યું છે, બૃ. અ. ઉપ. ૧ :૩:૨૮; આદિ શંકરાચાર્યે સાચી રીતે 'पुर्नजन्म' ને पुनर्मृत्यु' (ફરી ફરી મૃત્યુ) કહ્યું છે, કારણ જ્યારે કોઈ મૃત્યુ પામે ત્યારે જ પુનર્જન્મ થઈ શકે. વળી ઘણા પુનર્જન્મ એટલે ઘણાં મૃત્યુ.

આમ હિંદુ સંકલ્પનામાં પાપનો મુસારો કંઈ ઓછો દુઃખદાયક અને ભયાનક નથી તે તદ્દન સ્પષ્ટ થાય છે.

બંને ધર્મગ્રંથો એવું મંતવ્ય ધરાવે છે કે આ પાપના સ્વભાવની સ્થિતિમાંથી બહાર નીકળવું માનવીય રીતે અશક્ય છે. તેને કોઈ પણ રીતે સારાં કે સદ્દગુણી કૃત્યો દ્વારા બદલી કે સુધારી શકાય નહિ.

> "કેમ કે જો તું પોતાને ખારાથી ધૂએ તથા પોતાને ઘણો સાબુ ચોળે, તોપણ તારા પાપના ડાઘ મારી નજરે દેખાય, એમ પ્રભુ યહોવાહ કહે છે" (યિર્મેયાહ ૨૨:૨).

પાપને કારણે આત્માને પરમેશ્વર અપ્રાપ્ય છેઃ

> न चक्षुषा गृह्यते नापि वाचा ।
> नान्यैः देवै तपसा कर्मणा वा ॥

"આંખો, વાણી, દેહદમન, કૃત્ય કે બીજાં કોઈ સાધનો દ્વારા પરમેશ્વરને પ્રાપ્ત કરાતા નથી." (મુંડકા ઉપ. ૩:૧:૮)

આગળના પ્રકરણમાં "सत्त्व" (ભલાઈ કે સદ્‌ગુણ)ની બિનઅસરકારકતા વિષે વિચારણા કરીશું. અહીં તો આપણે પાપની વ્યાધિ તદ્દન અસાધ્ય છે. એટલું સ્વીકારી લઈએ તેટલું બસ છે.

## યુગોની વ્યથા

સેનેકાએ નિવેદન કરેલું, "દરેક દોષિત માણસ તેનો પોતાનો જલ્લાદ છે." આથી માનવજાતની અહીં, તહીં અને સર્વત્ર મદદ માટેની, યુગોના યુગોની, દુઃખદાયક ઝંખના સમજી શકાય તેમ છે. માનવીએ વૃક્ષ, કબર, પર્વત, નદી, ખડક કે પથ્થર અને પક્ષી, નાગ, વાયુના આત્માઓ તેમજ ગળામાં પહેરેલ વધસ્તંભના પ્રતીક તરફથી મદદ મેળવવા માટે પ્રયત્ન કર્યો છે. આપણા વહાલા પૂર્વજોના કરતાં, પૃથ્વી પરની કોઈ અન્ય પ્રજાએ પાપના દાસત્વની લાગણીથી કષ્ટ વેઠયું નથી, અને હું માનું છું કે પરમેશ્વર ભારત પર, તેની મોક્ષની પ્રાચીન ઝંખના માટે વિશેષ પ્રેમ કરે છે. જૂના જમાનામાં ભારતના સંતો હિમાલયનાં જંગલોમાં, મુક્તિની શોધમાં એક જગાએથી બીજી જગાએ ફર્યા છે. તીવ્ર શિયાળામાં આકાશ નીચે ઉઘાડા શરીરે રહેવાનું પસંદ કરીને, અગ્નિ અને ખીલા પર ચાલીને; નહિવત્ ખોરાક પર નભીને તેઓએ લાંબો સમય તપ કર્યું છે; છતાં ઋગ્વેદમાં (૭:૮૬:૨-૭) ઋષિમુનિઓએ કહ્યું છે તેમ "નિદ્રાથી પણ બધા દુષ્કૃત્યો દૂર થતાં નથી," એવો શોક વ્યક્ત કર્યો છે.

આવા આત્મિક તણાવની વ્યથામાં વૈદિક સંતે મોટેથી પોકાર્યું :

अपां मध्ये तस्थिवांसं तृष्णाविदज्जरितारम् ।<br>
भृला सुक्षत्र मृलय ॥ (ઋગ્વેદ ૭:૮૯:૪)

હું પાણી મધ્યે હોવા છતાં પણ પાણી માટે તૃષિત છું.

દયા કરીને મને વિશ્રાંતિ આપો.

કર્મબંધન (જેને પાપનું બંધન પણ કહી શકાય)માં આત્મા એવો તો જકડાઈ ગયેલો છે કે એક સંત, જે પાપ સતાવતું હતું તેને નસાડવા ખરેખર બોલી ઊઠયો.

परोऽपेहि मनस्याय किमशस्तानि शंससि परेहि न त्वा कामये ।

(અથર્વવેદ ૬:૪૫:૧ (अ)

ઓ મારા મનના પાપ, તું મને ભૂંડી સલાહ શા માટે આપે છે ?
દૂર જા, મારે તારી જરૂર નથી !

આ જ બંધન હેઠળ બીજા એક મહાન ઋષિએ દર્દમય અવાજે પ્રાર્થના ઉચ્ચારી:

असतो मा सद् गमय
तमसो मा ज्योतिर्गमय
मृत्योर्मा अमृतं गमय ॥

(બૃહદારણ્યક ઉપનિષદ ૧:૩:૨૮)

(તથા શત્પથ બ્રાહ્મણ ૪:૩:૧:૩૦)

અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા
ઊંડા અંધારેથી પરમ તેજે તું લઈ જા
મહામૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઈ જા

આ અસત્ય, અંધકાર અને મૃત્યુના મહાપાસથી વિદ્વાન શંકરાચાર્યનો આત્મા એટલો ઊકળી ઊઠયો કે તેઓએ પોકાર્યું:

पुनरपि जननं पुनरपि मरणं
पुनरपि जननी जठरे शयनं ।

इह संसारे वहु दुस्तारे
कृप्याऽपारे पाहि मुरारे ॥ (ભજ ગોવિંદમ્)

પુનર્જન્મ, પુનર્મૃત્યુ અને માતાના ઉદરમાં વારંવાર શયન - એ દુન્વયી પ્રક્રિયાઓમાંથી પાર ઊતરવું અતિ મુશ્કેલ છે. હે મુરાને મારનાર તારી કૃપા વડે મને બચાવ.

એમ જ અર્વાચીન સંતોએ આત્મામાં કષ્ટાઈને કહ્યું છે:

तुका म्हणे झाली अन्धलयाची परी ।
आतां मज हरी बाट दावी ॥ (સંત તુકારામ)

હું આંધળા માણસ જેવો બન્યો છું. ઓ ત્રાતા, મને માર્ગ બતાવો.

दुर्बल मी नीच भंड
दुर्विचार करि उदंड
प्रभु बिन मम पाप दंड
कवण भरिल भरिल भरिल ॥

હું દુર્બળ અને અધમ-ભૂંડા વિચારોથી ભરપૂર
પ્રભુ વિના મારા પાપનો દંડ ભરે કોણ ?

(નારાયણ વામન ટિળક)

દક્ષિણ ભારતીય કવિ જણાવે છે:

"કેટલા જન્મ વીતી ગયા તે હું કહી શકતો નથી;
હજી કેટલા જન્મ લેવા પડશે તે કોઈ કહી શકે નહિ.
પણ હું આટલી એક વાત જાણું છું ને પૂરી રીતે જાણું છું કે
વેદના અને સંતાપ આખો માર્ગ કડવો ઝેર બનાવી રહ્યાં છે."

હા, કર્મબંધન કે જન્મબંધનનાં દર્દ અને યાતના ભારતના આત્મા સિવાય કોણ પિછાણી શકે ? છતાં આ પાપ રોગ તે સર્વત્ર છે. પયગંબર દાવિદની પ્રાર્થના સરખાવો:

"હે દેવ, તારી કૃપા પ્રમાણે મારા પર દયા કર;
તારી પુષ્કળ રહેમ પ્રમાણે મારાં ઉલ્લંઘન ભૂંસી નાખ."

(ગી. શા. ૫૧:૧)

પાઉલની મુક્તિ પહેલાંની આત્મિક વેદના જુઓ:

"પાપને મારામાં પ્રસંગ મળવાથી તેણે આજ્ઞાની મારફતે મને છેતર્યો. આજ્ઞાના આધારે પાપે મને મારી નાખ્યો... આપણે જાણીએ છીએ કે નિયમશાસ્ત્ર ઈશ્વરે આપેલું છે, પરંતુ હું પૃથ્વીનો માનવી છું. હું ગુલામ તરીકે પાપને વેચાયેલો છું... હું જે કરું છું તે હું સમજી શક્તો નથી. હું જે કરવા ધારું છું તે હું કરતો નથી તેથી આ જે કરનાર છે તે હું નહિ, પણ મારામાં વસી ગયેલું પાપ કરે છે... હું કેવો દુઃખી માનવી છું ! મરણને માર્ગે લઈ જનાર પાપના સિદ્ધાંતના નિયંત્રણ નીચેના શરીરથી મને કોણ બચાવશે ?" (રૂમી. ૭:૧૧-૨૫)

આપણા આધુનિક કવિઓમાંના એકે પોતાની લાગણીઓ તીવ્રતાથી નીચે પ્રમાણે રજૂ કરી છે:

न मुझे चैन मिला है न मिलेगा ।
सफर अधूरा है, अधूरा ही रहेगा ॥

મને શાંતિ મળી નથી અને કદીયે મળશે પણ નહિ.
મારી યાત્રા અધૂરી છે અને તે સદાય અધૂરી જ રહેશે.

આ ઉપરાંત બીજા કવિ પણ આવી જ દયાજનક મૂંઝવણ નીચે મુજબ વ્યક્ત કરે છે:

क्या वजह आसी गुनाहों से शिका पाता नहीं ?
जबकि है लाखों मुवालिज पर मर्ज़ जाता नहीं ।
अच्छे अच्छे पारसा देखे गुनाह में मुबतिला
जीते जी आदम गुनाह से, मखलसी पाता नहीं ॥

## પરમેશ્વરની આગેવાની

આ બંધનનો તો પછી કોઈ ઉપાય છે? આપણે ક્યાં જઈશું ? શું પરમેશ્વરને તેનાં બાળકોની જવાબદારી છે કે પછી તે તેમની ચિંતા કરતો નથી? બાઇબલ કહે છે કે પરમેશ્વર માનવજાતનો પિતા અને તારનાર (ત્રાતા) છે. ઋગ્વેદ પરમેશ્વરને "ત્રાતા" અને પિતૃતમઃ પિતૃણાં (સર્વ પિતૃઓમાં સર્વશ્રેષ્ઠ પિતા), ૪:૧૭:૧૭, માને છે. પોતાનાં ફરજંદો માટે માબાપો શું કરે છે? આપણા દેશમાં ગ્રામ્ય વિસ્તારમાં ઘણા અરક્ષિત કૂવાઓ હોય છે અને કોઈક વખત, આવા કૂવામાં બાળક પડી જાય છે, માતા, તેની માતૃત્વની પ્રેરણાથી બાળકને બચાવવા પોતાની સલામતીની પરવા કર્યા વિના, એકદમ કૂવામાં ઝંપલાવે છે. અથવા બીજું ઉદાહરણ લો. મુંબઈ જેવાં શહેરમાં જ્યાં ઘણાં બહુમાળી મકાનો હોય છે ત્યાં પ્રસંગોપાત આગ લાગે છે. એક મકાનમાં આગ લાગી છે અને પાંચમા માળે એક બાળક નિઃસહાય સપડાયું છે. ઓફિસેથી તેના પિતા ધસી આવે છે અને તે શું કરે છે? પોતાના દીકરાને બચાવવાના મરણિયા પ્રયાસમાં, તે પોતે ધુમાડા અને આગમાં ફના થઈ જાય તેમ હોવા છતાં દાદરા પર દોડી જાય છે. આ કૃત્ય અવેજી દુઃખ છે. એટલે કે પ્રેમની ભાવનાથી બીજા કોઈની અવેજીમાં દુઃખ ભોગવવું. આ માનવી માબાપના કરતાં આપણા પિતા અને ઉત્પન્નકર્તા પરમેશ્વરે વધુ પ્રેમ દર્શાવ્યો ન હોત તો આપણને તેમના પ્રત્યે અત્યંત નિરાશા ઊપજી હોત. આપણે તેમને પિતા તરીકે સંબોધત નહિ કે તેમને ચાહત પણ નહિ. તે આપણા ઉત્પન્નકર્તા હોવાથી, માત્ર તેમનો ડર રાખીને આપણે તેમની આજ્ઞા પાળત.

પણ જુઓ, આ તબક્કે આકાશમાં રૂપેરી કિરણ દશ્યમાન થાય છે! જ્યારે – ધર્મોની ગ્રીક, સાંખ્ય, વેદાંત, યોગ, હિબ્રૂ, જૈન,

બૌદ્ધ, ફારસી અને અન્ય મુખ્ય ફિલસૂફીઓ એમની પરાકાષ્ઠાએ પહોંચી હતી ત્યારે – ઈતિહાસ સાક્ષી પૂરે છે કે લગભગ બે હજાર વરસ પૂર્વે, ઈશ્વર પિતાએ પૂર્ણાવતાર પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં માનવ દેહ ધારણ કર્યો. તેઓ માનવજાતના "કર્મદંડ' અથવા બંધનને, હંમેશને માટે પોતાના વધસ્તંભ પર ઉઠાવી લેવા આવ્યા. "સંપૂર્ણ થયું," એમ કહીને તેઓ કબરમાં દટાયા અને સજીવન થયા, જેથી જે કોઈ પુરુષ કે સ્ત્રી તેમની પાસે આશ્રય મેળવવા આવે તેઓ સદાને માટે બંધનમાંથી મુક્તિ પામે.

મદ્રાસના એક બ્રાહ્મણ યુવક સી. ટી. વેનુગોપાલે "જો આ સાચું નથી તોપણ તે સાચું હોવું જોઈએ," એમ કહીને ઈશ્વરની શાંતિ અને આનંદ અનુભવ્યાં.

બેંતાલીસ વરસ ઉપર મારી ભરજુવાનીમાં મેં પરમેશ્વરના ઉદ્ધારક પ્રેમનો અનુભવ કર્યો અને તુરત જ તેમની શાંતિ, આનંદ અને જીવન પ્રાપ્ત કર્યાં. મારું બંધન રદ કરાયું; અને મારાં દુઃખ તેમ જ બીકનો બોજ ઊંચકી લેવાયો. મારા જેવા પાપી માટે પરમેશ્વરે જે કર્યું છે, તેવું જ દુનિયાનાં તેનાં સર્વ બાળકો માટે તેણે અગાઉથી ઠરાવ્યું છે.

> "ઈશ્વરે દુનિયા પર એટલો પ્રેમ કર્યો કે તેમણે પોતાનો એકનો એક પુત્ર આપી દીધો; જેથી તેમના પર જે કોઈ વિશ્વાસ મૂકે તે સાર્વકાલિક મરણ ન પામે, પરંતુ સાર્વકાલિક જીવન પ્રાપ્ત કરે." (યોહાન ૩:૧૬).

अश्रद्धा परमं पापं, श्रद्धा पाप प्रमोचिनी

અશ્રદ્ધા એ સૌથી મોટું પાપ છે - શ્રદ્ધા પાપને દૂર કરે છે.

(મહાભારત : શાંતિપર્વ ૨૬૪: ૧૫-૧૯).

શાન્તિ !

# ૨

# કર્મ અને કૃપા

## કર્મનો અર્થ

સંસ્કૃતમાં કર્મ શબ્દનો અર્થ સામાન્ય રીતે કૃત્ય કે કૃત્યો થાય છે. આ શબ્દ મુખ્ય વેદોમાં જવલ્લે જ જોવા મળે છે, પણ બ્રાહ્મણો અને ઉપનિષદોના સમયમાં ઉચ્ચ બુદ્ધિગ્રાહ્ય અને ફિલસૂફીભર્યો ભાવાર્થ કર્મના અર્થમાં આવ્યો. કર્મને લગતી સૈદ્ધાંતિક રજૂઆત સૌ પ્રથમ શતપથ બ્રાહ્મણ અને બૃહદારણ્યક ઉપનિષદ (૩:૧-૪:૪)માં જોવા મળે છે. મહાભારત આ સિદ્ધાંતને અનુમોદન આપે છે:

कर्मणा बध्यते जन्तुर्विद्यया तु प्रमुच्यते ।

(શાંતિપર્વ ૨૪૧:૭)

આત્માઓ કર્મથી બંધાયેલા છે, જ્ઞાનથી મુક્તિ પામે છે.

આ દુનિયામાં ભૂંડાઈ અને દુઃખ કેવળ જીવાત્માના પૂર્વજન્મનાં કૃત્યો સાથે સંકળાયેલાં છે; તે સિવાય તેનું કારણ બીજી કોઈ રીતે સમજાવી શકાય એમ ન હોવાની સમજથી કર્મના સિદ્ધાંતની મૂળભૂત જરૂરિયાત ઊભી થઈ છે. આના પરિણામે પુનર્જન્મ કે આવાગમનનો સિદ્ધાંત અસ્તિત્વમાં આવ્યો. એ સિદ્ધાંત પુનર્જન્મમાં કૃત્યોને શક્ય બનાવે છે. સમયના વહેણમાં જૈન, બૌદ્ધ અને શીખ ધર્મો વૈદિક અધિકારથી અલગ થયા પણ તેમાંથી કોઈ કર્મ અને જન્માંતર (પુનર્જન્મ)ની માન્યતા વગર ચલાવી શક્યું નહિ.

ગીતા (૮:૩) અનુસાર કર્મ એ સર્જનશક્તિ છે જે આત્માને અસ્તિત્વમાં કે પુનર્જન્મમાં લાવે છે. પંડિત બાલ ગંગાધર ટિળકના શબ્દોમાં सृष्टि व्यापार कर्म है । (સૃષ્ટિ સર્જન જાતે જ કર્મ છે).

ભારતીય વિચારસરણી મુજબ कर्मबंधन અને पापबंधन ઘણી રીતે એકસરખા કે समानार्थक છે (સરખાવો : ઋગ્વેદ ૨:૨૮:૫; બૃહદારણ્યક ઉપનિષદ ૧:૬:૧, અને બા. ગં. ટિળકના પુસ્તક 'ગીતારહસ્ય' ની પાન નં. ૨૬૪ ઉપરની ટીકા), પણ કર્મનો સિદ્ધાંત ખરેખર વધારે જટિલ છે.

કર્મના પુનર્જન્મ-ચક્રને કર્મ-સંસાર કહે છે. સૃષ્ટિ કર્મભૂમિ છે. દરેક જીવ જન્મથી જ कर्मबद्ध છે.

જ્યારે આપણે કર્મ શબ્દ વાપરીએ છીએ ત્યારે તેના જુદા જુદા અર્થ હોઈ શકે:

(૧) માણસનાં કામ કે કૃત્યો. सात्त्विक (સારાં), राजसिक (ગર્વ કે મનોવિકારનાં), અથવા तामसिक (ભૂંડાં); જેમને એકી સાથે ત્રિગુણ કે ત્રિવિધ પ્રકારનાં કૃત્યો કહેવાય છે.

(૨) कर्मसंसार કે कर्मचक्र. ભૂત, વર્તમાન કે ભવિષ્યનાં તેનાં બધાં જ કર્મોના ભલાં કે ભૂંડાં ફળ જીવ ભોગવે તે મુખ્ય હેતુથી આ અનંત ચક્ર અસ્તિત્વ ધરાવે છે. આ ફળ ભોગવવા માટેનો શબ્દ कर्मभोग છે. આ જગત કર્મની પકડમાં સખત રીતે ફસાયેલું છે. (ગીતા ૩:૯).

(૩) कर्मयोग કે निष्काम. એટલે કોઈપણ ઈચ્છા કે બદલાની આશા વગર કરેલું કૃત્ય કે કૃત્યો.

**કર્મચક્રની શરૂઆત**

પ્રથમ કર્મ ક્યારે અને કેવી રીતે અસ્તિત્વમાં આવ્યું અને આ ભયાનક ચક્રનો સ્વયંસંચાર થયો એ વિષે કોઈ સંતોષકારક ખુલાસો હિંદુ વિચારધારામાં મળતો નથી. કોણે પ્રથમ કર્મફલ પ્રાપ્ત કર્યું, અથવા કેવી રીતે સ્વભાવ અથવા પ્રકૃતિ ઉત્પન્ન થઈ એ પ્રશ્નોના જવાબ મળતા નથી. આદિ શંકરાચાર્યે કબૂલ કર્યું છે કે આ એક તાર્કિક ચીચવો છે, કારણ કે કર્મ વગર કર્મસંચાર (દુનિયા, પીપળાનું ઝાડ)માં પ્રવેશ શક્ય બન્યો જ ન હોત. બીજી બાજુ, જન્મના અસ્તિત્વ સિવાય, પ્રથમ કર્મ કરી શકાયું જ ન હોત (સરખાવો શંકર ભાષ્ય ૨:૧:૩૬).

કર્મ એ સ્વચાલિત છે. સૃષ્ટિની રચનાનો આધાર મોટે ભાગે ઈશ્વર અને પ્રકૃતિ (કુદરત)ના સહયોગ પર અવલંબે છે. તોપણ ઈશ્વર કર્મના રચનાકાર નથી (ગીતા ૫:૧૪, ૧૫). એમ હોવા છતાં પણ શ્વેતાશ્વતર ઉપનિષદમાં ઈશ્વરને કર્માધ્યક્ષ કે કર્મના અધિકારીના રૂપમાં દર્શાવ્યા છે, શ્વેતાશ્વતર ઉપ. ૬:૧૧.

કર્મ જે પ્રાકૃત-સ્વભાવ છે (સરખાવો ગીતા ૩:૨૭) તેને વેદાંતસૂત્ર ૨:૧:૩૫-૩૭માં અનાદિ અને ગીતામાં (ગીતા ૧૩:૧૯ :૧૫:૩) પ્રમાણે અનાદિ અને અનંત ગણ્યું છે, અને તેથી કર્મને વિવેક ચૂડામણિ (પદ ૧૦૮-૧૦૯) અનુસાર પરમેશ્વર સાથે સદા વિદ્યામાન એવી માયા કે પ્રમેશ-શક્તિ તરીકે દર્શાવેલ છે. આથી એ સમજવું સરળ છે કે વેદાંતને (એટલે ઉપનિષદોને) પરમેશ્વર અને પ્રકૃતિના અનાદિ દ્વૈતવાદની જટિલતામાં પ્રકૃતિને માયા તરીકે ગણવાની ફરજ પડી. તોપણ આ સિદ્ધાંતના મુખ્ય પ્રતિપાદક શ્રી શંકરાચાર્યનો શ્રી રામાનુજાચાર્યે તેમના વિશિષ્ટાદ્વૈતવાદ દ્વારા સખત વિરોધ કર્યો. ભગવદ્ગીતા આ માયાને દૈવી ગણે છે. (૭:૧૪).

કર્મનું મૂળ ગમે તે હોય, હિંદુ મિત્રો તેને બહુ જ ભયાનક માને છે. જીવાત્મા ઉપર લાદેલી આ એવી અનિવાર્ય અને અપયશ આપનાર શક્તિ છે જેને કર્મની યોગ્યતા કે અયોગ્યતાથી જીવ પૂરી રીતે જન્માંતરના ચક્રમાં ભોગવી ન લે ત્યાં સુધી માનવીય સાધનોથી રદ કરવી કે વશ કરવી અસંભવિત છે.

## સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ

વ્યક્તિએ કરેલ કાર્યો તરીકે કર્મનું વધુમાં નીચે મુજબ વર્ગીકરણ કરેલું છે:

(क) સંચિત કર્મ : પુરુષ કે સ્ત્રી તરીકેના બધાં પૂર્વજન્મોનાં એકત્રિત થયેલાં કર્મફળ.

(ख) પ્રારબ્ધ કર્મ : સંચિત કર્મોમાંથી પ્રાપ્ત થતો નાનો ભાગ જે પ્રત્યેક યોનીમાં પ્રવેશ કરતાં જીવાત્માને આપમેળે જોડાઈ જાય છે તે.

(ग) ક્રિયમાણ કર્મ : જીવાત્મા પોતાના માનવજીવન કાળ દરમિયાન પોતે કરેલાં, ગુણ-અવગુણ પ્રમાણેનાં કર્મો એકત્રિત કરે છે તે.

આ સંબંધીનું વિવેચન વેદાંતસૂત્ર ૩:૨:૩૯-૪૦; ૪:૧:૧૫; અને ગીતા ૧૮:૧૫ ઈત્યાદિમાં મળી શકે છે.

## અટલ કર્મ

વિશ્વનું સૌથી લાંબું મહાકાવ્ય મહાભારત સ્પષ્ટતા કરે છે કે કર્મના સ્વયંસંચાલિત, દોષ રહિત, નિર્દય ચક્રને કોઈપણ ભુલાવામાં નાખી શકતું નથી. જેમ કોઈ ગાયનું વાછરડું, હજારો અન્ય

ગાયોના ટોળામાંથી પોતાની માને શોધી કાઢે છે તેમ કર્મ પણ જે ખરી વ્યક્તિ સાથે તેને સંબંધ છે તેને શોધી કાઢવાનું કદી ચૂકતું નથી. બીજા શબ્દોમાં, દરેક મનુષ્યના માથા પર તેના કર્મની છાપ લાગેલી જ હોય છે અને તેના દ્વારા જીવાત્માનું ભાગ્ય સતત કે નિરંતર નિશ્ચિત્ થયેલું હોય છે.

કમનસીબે, તમે અથવા હું શા માટે અમુક પુનર્જન્મની પીડા ભોગવીએ છીએ એ સમજવા આ સિદ્ધાંતમાં કોઈ ઉપાય કે સાધન નથી, તે ઉપરાંત આપણે ભૂતકાળનાં કર્મો અથવા ભવિષ્યમાં થનાર ભૂલો સુધારી શકીએ એવી કોઈ તક આપવામાં આવતી નથી.

## કર્મ-સિદ્ધાંતની પ્રભાવશીલતા

પાછલાં ત્રણેક હજાર વરસોના ગાળા દરમિયાન કર્મચક્રના સિદ્ધાંતમાં શ્રદ્ધા રાખવાને કારણે આપણા દેશની જીવનશૈલી પર, સારી અથવા ખોટી, બંને રીતે નિર્ણયાત્મક પ્રભાવ પડેલો છે. પરંતુ તેણે પ્રત્યેકના અણદીઠ ભાવિ પ્રત્યે ઉદાસીનતા ઉત્પન્ન કરી છે. ગરીબ, અંધ તથા કચડાયેલા નિઃસહાય લોકો, કર્મને બદલી શકાય નહિ એમ માનીને પોતાના ભાગ્યને આધીન થાય છે.

બીજું, આ સિદ્ધાંતે બીજા પ્રત્યે બેપરવા રહેવાની લાગણી ઉત્પન્ન કરી છે અને લોકોની સમાજસેવા કરવાની પ્રેરણા થાય તેવી ભાવના નષ્ટ કરી છે. આથી જો કર્મ દરેક જીવાત્મા સાથે અતિ ચોકસાઈથી જોડાયેલું હોય, તો પછી આ વિશ્વમાં એક મનુષ્યના ન્યાયી અને સાચા માર્ગને બદલવા માટે કોઈએ શા માટે તકલીફ લેવી જોઈએ? જેટલો જલદી જીવાત્મા કર્મની આ અગ્નિપરીક્ષામાંથી પાર ઊતરી શકે તેટલું તેના માટે સારું! કોઈ એક વ્યક્તિના ભાગ્યમાં માથું મારવાથી શક્ય છે કે તેનું એક

કર્મચક્ર પૂરું કરવામાં તેને હરકત અને વિલંબ થાય. આને પરિણામે, સૌ પ્રથમ આપણે ખ્રિસ્તી ધર્મની અસર નીચે આવેલા રાજા રામમોહન રાય અને એમના જેવા અન્ય સમાજસુધારકોનાં નામો સાંભળીએ છીએ ત્યાં સુધી ભારતમાં સૈકાઓ પર્યંત કોઈ સમાજસુધારક દૃષ્ટિગોચર થતો નથી.

મહાત્મા ગાંધી, શ્રી દયાનંદ સરસ્વતી કે સ્વામી વિવેકાનંદ જેવા વિદ્વાન સુધારકો જો કર્મ-સિદ્ધાંતને ચુસ્ત રીતે અનુસર્યા હોત, તો સમાજ, ધર્મ અથવા રાષ્ટ્રીય સ્વતંત્રતા માટે તેઓએ જે સિદ્ધિઓ મેળવી તે તેઓ કદી જ મેળવી શક્યા ન હોત.

ત્રીજું, આ વર્તમાન જીવનમાં જીવાત્માનાં આત્મિક બંધનોમાંથી મુક્ત થવાના અને મોક્ષપ્રાપ્તિના કોઈપણ ગંભીર પ્રયત્નોને કર્મનો સિદ્ધાંત દયાજનક રીતે વિલંબમાં નાખે છે કે ટાળી દે છે; કારણ એવું માનવામાં આવે છે કે પુનર્જન્મના વિશાળ જીવનચક્રમાં, ભલે લાખ વરસ પસાર થઈ જાય તોપણ એક દિવસ તેને કોઈપણ રીતે મોક્ષ પ્રાપ્ત થશે. પૂનાના વિદ્વાન પંડિત લોકમાન્ય બાલ ગંગાધર ટિળકે કુશળતાપૂર્વક સમજાવ્યું છે કે કર્મ અને કર્મથી સ્વતંત્ર થવાની અભિલાષા, એ બંને પરસ્પર વિરોધી બાબત છે (ગીતા રહસ્ય પાન ૨૮૦), કારણ કે જે મનુષ્ય કર્મની અવિદ્યા અથવા માયાની અસર હેઠળ હોય છે તે ઉદ્ધારની સાચી ઉમેદ ધરાવવા માટે ભાગ્યે જ મુક્ત હોય છે.

જ્યારે એક ખ્રિસ્તી વ્યક્તિની વાત કરીએ ત્યારે ખ્રિસ્તી વ્યક્તિ કર્મ એટલે કૃત્યોના ફળમાં માનતી નથી એમ કહેવું અસત્ય છે. બાઈબલનું વચન છે કે મનુષ્ય જેવું વાવશે તેવું લણશે

(ગલાતી ૬:૭-૮; ૨ કોરીંથી ૫:૧૦). તેમાં એવું પણ સ્વીકારેલું છે કે, હંમેશ નહિ પણ કેટલીક વાર વર્તમાન દુઃખ માબાપનાં કોઈ ભૂતકાળનાં કર્મોના પરિણામે પણ હોઈ શકે (નિર્ગમન ૩૪:૭). આમ છતાં ખ્રિસ્તી વ્યક્તિ કર્મના ચક્રમાં અથવા તેની સાથે સંકળાયેલ જન્માંતર અંગેના વિચારોમાં માનતી નથી.

## કર્મ દ્વારા મોક્ષ નથી

કર્મ-સિદ્ધાંતના પ્રભાવ અને પરિણામ અંગે વધુ ચર્ચા કરવાની આપણે જરૂર નથી, પણ જીવાત્માને કર્મ અથવા પાપબંધનમાંથી છુટકારો મેળવવાને માટે જે વધુ મુદ્દાસરની વાત છે તે તરફ આગળ ધપીએ. બાઈબલ તથા ઉપનિષદો, બંને એ હકીકત પર ભાર મૂકે છે કે મોક્ષ અથવા મુક્તિની પ્રાપ્તિ, ભલાં અથવા ભૂંડાં કર્મો દ્વારા થઈ શક્તી નથી. આમ છતાં, બંને ધર્મના અનુયાયીઓ સારાં કર્મો, દયા, તપ, ધર્મ-સંસ્કાર (ક્રિયાકાંડ), ધાર્મિક વિધિઓ, યોગાસનો અને એવી અનેક બાબતોને ભૂલથી પોતાના ઉદ્ધારનું સાધન માને છે. હિંદુ વ્યક્તિ પોતાના દાન, ધ્યાન, સ્નાન થી તો ખ્રિસ્તી કદાચ મોટે ભાગે ચર્ચમાં પોતાનું સભ્યપદ જાળવીને, દાન આપીને યા સમિતિઓમાં નિમાઈને સંતોષ માને. જો કે બંને કોમોમાં અપવાદો હોય છે, પણ તે બહુ જૂજ છે.

બાઈબલ સ્પષ્ટપણે દર્શાવે છે કે ઉદ્ધાર કરણીઓથી નહિ પણ કેવળ ઈશ્વરના અનુગ્રહથી છે (એફેસી. ૨:૮). "અમારાં સર્વ પુણ્યકર્મો મેલાં વસ્ત્રો જેવાં છે" યશાયાહ ૬૪:૬. ધર્મમાં ગમે તેટલી ઈચ્છનીય હોય છતાં સારી કરણીઓ પાપનો ઈલાજ નથી (મીખાહ ૬:૬-૭; હઝકિયેલ ૩૩:૧૩ વગેરે). જો મનુષ્ય સાચે જ પુણ્યકર્મોથી ઉદ્ધાર પામી શકતો હોત તો પરમેશ્વરને પોતાને ખાલી

કરી ખ્રિસ્તમાં દેહધારી થવાની અને વધસ્તંભ પર દુઃખ ઉઠાવવાની આવશ્યકતા ન રહેત.

શ્રીમદ્ ભગવદ્ગીતાએ ઉપનિષદોનો સિદ્ધાંત સક્ષમતાથી વિકસાવ્યો છે કે પરમેશ્વર ભલાં કે ભૂંડાં (૨:૫૦; ૫:૧૫), सुकृत, दुष्कृत કર્મો સ્વીકારતાં નથી. હિંદુ ધર્મમાં બંને પ્રકારનાં કાર્યો (सुकृत के दुष्कृत) અનિવાર્ય ભોગને માટે પુનર્જન્મ ઉત્પન્ન કરે છે તેથી મોક્ષપ્રાપ્તિ માટે બિનઅસરકારક છે, તે સારી પેઠે સમજવું રહ્યું. પુનઃજન્મ હંમેશાં દુઃખોનું ઘર છે, ગીતા ૮:૧૫ વિકલ્પ-રૂપે ગીતા કર્મયોગ અથવા નિષ્કામ એટલે બદલો કે ફળ મેળવવાની આશા વગરના કર્મના સિદ્ધાંતને અનુમોદન આપે છે.

શીખ ધર્મગ્રંથો પણ મોક્ષ મેળવવા માટે પુણ્યકર્મની અસરકારકતાને નાપસંદ કરે છે:

अनिक जतन नहीं होत छुटारा

(પાન ૧૭૮, આદિ ગ્રંથ સાહેબ)

અનેક પ્રયત્નો કરવાથી પણ છુટકારો મેળવવો શક્ય નથી.

મનુષ્યમાં સારાં કાર્યો દ્વારા ઉદ્ધાર પ્રાપ્ત કરવાનું સ્વાભાવિક વલણ રહેલું હોય છે, એ જાણવા છતાં, આપણે આપણી માતૃભૂમિના પ્રાચીન ઋષિ-મહર્ષિઓની પ્રશંસા કરવી જોઈએ કે તેમણે સ્પષ્ટતાપૂર્વક જાહેર કર્યું કે કોઈપણ પ્રકારની યોગ્યતા દ્વારા મોક્ષની પ્રાપ્તિ અસંભવિત છે. જો આપણે થોડો સમય એ દ્રષ્ટાઓ અને ભાષ્યકારોના નિષ્કર્ષ તરફ ધ્યાન આપીએ તો આપણી વિચારસરણી સ્પષ્ટ થશે : શિક્ષણ કે શ્રવણથી મોક્ષ મળતો નથી :

नायमात्मा प्रवचनेन लभ्यो
न मेघया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्य
स्तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम् ॥

(મુંડકા ઉપ. ૩:૨:૩; કઠ. ઉપ. ૧:૨:૨૩)

પરમાત્મા પ્રવચન, બુદ્ધિ કે શ્રવણથી પ્રાપ્ય નથી. તે જેને પસંદ કરે છે તેવા તેના પસંદિતોને તે પોતે પ્રગટ કરે છે ને તેમને પરમાત્મા મળે છે.

દૃષ્ટિ, વાણી, તપ કે કર્મથી નહિ:

न चक्षुषा गृह्यते नापि वाचा
नान्यैर्देवैस्तपसा कर्मणा वा ।
ज्ञानप्रसादेन बिशुद्धसत्त्व-
स्ततस्तु तं पश्यते निष्कलं ध्यायमानः ।

(મુંડકા ઉપનિષદ ૩:૧:૮)

પરમેશ્વર દૃષ્ટિ, વાણી, તપ કે કર્મથી ગ્રાહ્ય નથી. જ્ઞાન પ્રસાદથી હૃદય શુદ્ધ થવાથી, ધ્યાન મારફતે અવિભાજ્ય પરમેશ્વર પ્રગટ થાય છે.

नास्त्रैर्न शस्त्रैरनिलेन वह्निना
छेत्तुं न शक्यो न च कर्मकोटिभिः ।
विवेकविज्ञानमहासिना विना
धातुः प्रसादेन शितेन मञ्जपना ॥

(વિવેક ચૂડામણિ ૧૪૭)

આ કર્મબંધન શસ્ત્ર, વાયુ, અગ્નિ કે કરોડો સુકૃત્યોથી તોડી શકાતું નથી. સારાસાર દ્વારા પ્રાપ્ત થતી અદ્‌ભુત વિવેકજ્ઞાનરૂપી તલવાર જે પ્રભુની કૃપાથી તીક્ષ્ણ કરાયેલી છે તે જ તેનો સંહાર કરી શકે.

**મનની બૌદ્ધિક શક્તિથી પણ નહિ:**

न तत्र चक्षुर्गच्छति न वाग्गच्छति
नो मनो न विघ्नो न विजानीमो यथैतदनुशिष्या-
दन्यदेव तद्विदितांदथो अविदितादधि
इति शुश्रुभ पूर्वेषां ये नस्तत् व्याचचक्षिरे ॥

(કેન ઉપનિષદ ૧:૩)

તેને આંખોથી જોઈ શકાતો નથી, જીભથી રજૂ કરી શકાતો નથી, મનથી પામી શકાતો નથી. તેને આપણે જાણતા નથી કે શીખવી શક્તા નથી. જાણકારથી તેમ જ અજાણ્યાથી તે ભિન્ન છે એવું આપણે જ્ઞાની પૂર્વજોના મુખેથી સાંભળતા આવ્યા છીએ. (સરખાવો મૈત્રેયી ઉપનિષદ ૧:૧૩)

**ધર્મશાસ્ત્રોના જ્ઞાનથી પણ નહિ:**

પિંગળ ઉપનિષદ ૪:૨૨-૨૫ સૂચવે છે કે માનવી એક હજાર વર્ષ સુધી શાસ્ત્રાભ્યાસ કરે તોપણ તેનો અંત ન આવે; માટે તેણે शास्त्रजालानि (એટલે શાસ્ત્રોની જાળ)થી દૂર રહી સત્ય અને ઈશ્વરપ્રાપ્તિ તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

वदन्तु शास्त्राणि यजन्तु देवान्
कुर्वन्तु कर्माणि भजन्तु देवताः ।
आत्मैक्यबोधेन विनापि भक्ति-
र्न सिध्यति ब्रह्मशतान्तरेऽपि ॥

(વિવેક ચૂડામણિ ૬)

જ્યાં સુધી માણસનો આત્મા પરમાત્મામાં એકરૂપ થઈ જતો નથી ત્યાં સુધી ભલે તેઓ શાસ્ત્રોચ્ચાર કર્યા કરે, દેવોને યજ્ઞાર્પણો ચઢાવે, ક્રિયાકાંડો કર્યા કરે, દેવતાઓની ભક્તિ કરે; અરે બ્રહ્માનાં એકસો

જીવનકાળ એક સાથે એ પ્રમાણે કર્યા કરે તોપણ મુક્તિ ન મળે. (જીવનકાળ એટલે સર્જનહાર બ્રહ્માનો એક દિવસ જે મનુષ્યના ગણિત પ્રમાણે ૪૩૨૦ લાખ વર્ષો થાય).

કર્મબદ્ધ મનુષ્ય પરમેશ્વરને જાણવા માટે પોતાના જ્ઞાનથી અભ્યાસ તથા પ્રયત્ન કરે તોપણ તે ક્યાં સુધી જઈ શકે? ભગવદ્ગીતા (૫:૧૫) જણાવે છે अज्ञानेन आवृत्तम् ज्ञानं, એટલે જ્ઞાન તો અજ્ઞાનથી ઢંકાયેલું છે (જે માયા કહેવાય છે).

સ્નાન, પ્રાણાયામ કે દાનથી પણ નહિઃ

अर्थस्य निश्चयो दृष्टो विचारेण हितोक्तितः ।
न स्नानेन न दानेन प्राणायाम् शतेन वा ॥

(વિવેક ચૂડામણિ ૧૩)

ઈશ્વરના સત્યની ખાતરી, સ્નાન કે દાન અથવા સેંકડો પ્રાણાયામથી નહિ, પરંતુ વિદ્વાનોની હિતકારક સલાહ પર વિચારણા કરવાથી પ્રાપ્ત થાય છે.

વધુમાં સરખામણી કરોઃ

न शरीर मल त्यागात् नरो भवति निर्मलः ।
मानसु तु मले त्यक्ते भवत्यन्तः सुनिर्मलः ॥

(સ્કન્ધ પુરાણ, કાશી ખંડ ૬)

શરીરનો મેલ દૂર કરવાથી મનુષ્ય નિર્મળ નથી બનતો પરંતુ મનનો મેલ દૂર થઈ જાય તો તેનું અંતઃકરણ શુદ્ધ થાય છે.

બલિદાનના કર્મકાંડથી પણ નહિઃ

યજ્ઞરૂપી અઢાર નૌકાઓ (यज्ञरूपा) મોક્ષને માટે મર્યાદિત અને ક્ષણભંગુર છે. મૂર્ખજન તેમને જ કલ્યાણના શ્રેષ્ઠ માર્ગ તરીકે આદર કરે છે, પરંતુ તેઓ જન્મ તેમ જ મૃત્યુને આધીન થાય છે.

(મુંડક ઉપનિષદ ૧:૨:૭)

તંત્ર અને તીર્થ દ્વારા પણ નહિ:

उत्तमा तत्त्वचिन्तैव मध्यमं शास्त्रचिन्तनम् ।
अधमा तन्त्रचिन्ता च तीर्थ भ्रान्त्यधमाधमा ॥

(મૈત્રેયી ઉપનિષદ ૨:૨૧)

તત્ત્વચિંતન સર્વોત્તમ, શાસ્ત્રચિંતન મધ્યમ, તંત્ર ચિંતન અધમ અને તીર્થોમાં ફરી સ્નાન કરવું સૌથી નીચલી કક્ષાનું છે.

ધ્યાનથી પણ નહિ:

दुःसाध्यं च दुराध्यं दुष्प्रेक्ष्यं च दुराश्रयम् ।
दुर्लक्षं दुस्तरं ध्यानं मुनिनां च मनीषिणाम् ॥

(તેજોબિંદુ ઉપનિષદ ૨)

મુનિઓ તેમ જ જ્ઞાનીઓનું ધ્યાન, સાધવામાં કઠણ, પ્રાપ્ત કરવામાં દુર્લભ, સમજવામાં અઘરું, આશ્રય લેવામાં દુર્ગમ, સ્પષ્ટ કરવામાં અઘરું અને પાર પામવામાં મુશ્કેલ હોય છે. (અવધૂત ઉપનિષદ ૨૧ સાથે સરખાવો)

યોગ તથા સાંખ્ય તત્ત્વજ્ઞાનથી પણ નહિ:

न योगेन न सांख्येन कर्माणा नो न विद्यया ।
ब्रह्मात्मैकत्व बोधेन मोक्षः सिध्यते नान्यथा ॥

(વિવેક ચૂડામણિ ૫૬)

મોક્ષ, યોગ કે સાંખ્ય તત્ત્વચિંતન અથવા કર્મ કે વિદ્યા દ્વારા કે બીજા કોઈ સાધન મારફતે પ્રાપ્ત થતો નથી પણ માત્ર પરમેશ્વર અને જીવાત્માના એકીકરણનું ભાન થાય ત્યારે જ શક્ય બને છે.

વેદ અધ્યયન, તપ, દાન કે યજ્ઞથી પણ મોક્ષ મળતો નથી:

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्यं एवंविधो द्रुष्टुं दृष्टवानसि मां यथा ॥

(ગીતા ૧૧:૫૩)

જેવો તેં મને જોયો છે તેવો મને વેદ અધ્યયન, તપ, દાન કે યજ્ઞથી કોઈ જોઈ શક્તું નથી.

નક્ષત્રજ્ઞાન (જ્યોતિષ વિદ્યા) દ્વારા પણ નહિઃ

नक्षत्रं इति पृच्छन्तं बालमर्थोऽतिवर्तते ।
अर्थो हि अर्थस्य नक्षत्रं किं करिष्यति तारकाः ॥

(કૌટિલ્ય અર્થશાસ્ત્ર)

નક્ષત્રજ્ઞાન પર ભરોસો રાખનાર, બાલિશ મૂર્ખજન લક્ષ્ય પ્રાપ્ત કરવામાં છેતરાય છે. અપેક્ષિત વસ્તુ જ તે અપેક્ષાનું નક્ષત્રં હોય, તો તેમાં ગ્રહો શું કરી શકે?

ધર્મપાલન દ્વારા પણ નહિઃ

ધાર્મિક કર્મક્રિયા કરતા રહેવાથી (ધર્મ દ્વારા) મોક્ષ પ્રાપ્ત કરવો સંભવિત નથી. ધર્મ ઉત્તમ છે અને સમાજનું માળખું તેના પર આધારિત છેઃ

पृथिवीं धर्मणा धृतां ।

(અથર્વવેદ ૧૨:૧:૧૭)

ધર્મ જ પૃથ્વીનો આશ્રય છે.

धर्मो धारयते प्रजाः

(મહાભારત, કર્ણ પર્વ)

ધર્મ જ સમાજને એકરૂપ રાખે છે.

સામાન્ય રીતે કહેતાં, વત્તા ઓછા પ્રમાણમાં બધા ધર્મો સારા છે. ખ્રિસ્તી ધર્મ મુસાના નિયમશાસ્ત્રનો વિકાસ છે અને હિંદુ ધર્મ સ્મૃતિઓ (મનુ, પરાસર અને અન્યની) માં સમાયેલો છે. બધા ધર્મો પ્રામાણિક્તા, પ્રેમ, ન્યાયીપણું, બલિદાન ઈત્યાદિ શીખવે છે, પણ સમસ્યા એ છે કે કોઈ પણ ધર્મ જીવાત્માને ઉદ્ધાર પામવાનું

સામર્થ્ય આપી શકતો નથી. ધર્મ અધિકાંશ રીતે પાર્થિવ અને સાંસારિક વાનાંને પોષે છે, જ્યારે મોક્ષ આત્મા અને અનંતકાળને સ્પર્શે છે. ધર્મ સારા સિદ્ધાંતો કે ઉસૂલ આપી શકે પણ સમુદ્રમાં ડૂબતા મનુષ્યને ગમે તેટલા સારા સિદ્ધાંતો બચાવી શક્તા નથી. તેને બચાવનારની આવશ્યક્તા છે કે જે પોતે તરી શકે ને બીજાને બચાવે.

વર્તમાન પેઢીઓમાં વિશ્વની બધી "ધાર્મિક" સંસ્થાઓ તેમની વ્યવસ્થાઓમાં તડ ને સડાનાં ચિહ્નો દર્શાવે છે. ઈશ્વર રહિતતા, અનૈતિક્તા અને યુદ્ધખોરી ફૂલેફાલે છે ને સામાજિક અને રાજકીય ક્ષેત્રે ભ્રષ્ટાચાર વ્યાપે છે ત્યારે ધર્મના આગેવાનો શું કરે છે? શું ધર્મ પાસે માણસના સ્વભાવને બદલવાની શક્તિ છે? ધર્મ તો નહિ, પણ ઈશ્વરની કૃપા જ બદલી શકે! (તેથી બધા જ ધાર્મિક ઝઘડા અર્થહિન છે ને ઈસુ ખ્રિસ્તના સંદેશ વડે ખ્રિસ્તી ધર્મ કોઈ પણ પ્રકારે ચડિયાતો છે તેવું દર્શાવવાનો પ્રયત્ન નથી).

ઉપર જણાવેલ બધી બાબતોને દુર્યોધનની પોતાની કબૂલાતથી સમર્થન મળે છે:

जानामि धर्मं न च मे प्रवृत्ति
जानाम्यधर्मं न च मे निवृत्तिः ।
केनापि देवेन हृदि स्थितेन
यथा नियुक्तोऽस्मि तथा करोमि ॥

(પાંડવગીતા)

હું જાણું છું કે ધર્મ શું છે, પણ એના પ્રત્યે મને ભાવ છે એવું નથી, અને હું ભૂંડાઈ શું છે તે પણ જાણું છું, છતાં તેમાંથી બહાર નીકળી શક્તો નથી. મારે જે જે કરવાનું છે તે મારામાં

રહેલ દૈવી શક્તિના સંચાલન અને નિયુક્તિથી જ છે એમ મને લાગે છે.

વિદ્વાન નારદ મુનિ તેમની સમસ્યા સનતકુમારની સમક્ષ આ પ્રમાણે જણાવે છે:

હે મહાશય, હું ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ તેમ જ તે ઉપરાંત બીજાં ઘણાં શાસ્ત્રો જાણું છું. હું મંત્રો જાણું છું પરંતુ આત્મ એટલે પરમેશ્વરને જાણતો નથી.

(છાંદોગ્ય ઉપનિષદ ૭:૧:૨)

## ધર્મસંકટ

આથી વેદાંતીઓને લાંબા સમયથી આ સમસ્યા સતાવે છે કે એક તરફ મોક્ષ, માનવીની ખૂબ મહત્ત્વપૂર્ણ જરૂરિયાત છે, જેમ કેન ઉપનિષદ ૨:૫માં દર્શાવ્યું છે:

જીવતા જીવ જે મનુષ્ય ઈશ્વરને ઓળખી લે છે તેને ધન્ય છે. જો તેના જીનવકાળ પર્યંત તે તેને પ્રાપ્ત કરી ન લે તો તે મહાવિનાશ (વિનષ્ટિ:)માં છે.

શ્રી શંકરાચાર્ય કહે છે:

જે મનુષ્યે માનવજન્મ-તેમાંયે પુરુષ દેહ પ્રાપ્ત કર્યો છે ને વેદોમાં નિપુણ છે; પણ મૂર્ખતાથી મોક્ષપ્રાપ્તિ માટે દૃઢ પ્રયત્ન કરતો નથી, તે ખરેખર અવાસ્તવિક વસ્તુઓ પ્રાપ્ત કરીને આત્મહત્યા કરે છે.

(વિવેક ચૂડામણિ ૪)

બીજી તરફ એ સ્પષ્ટ છે કે મોક્ષ કોઈ જગ્યાએ દશ્યમાન નથી. તૈત્તિરીય અરણ્યક ૮:૨ આધારિત પ્રખ્યાત સ્મૃતિ જેનું સમર્થન સાયણ ભાષ્યમાં છે તે દર્શાવે છે:

नाभुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि ।
अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ॥

કર્મનું ફળ લાખો વરસો સુધી ભોગવો તોપણ કર્મનો નાશ થતો નથી. સારાં કે નરસાં કર્મનું ફળ ભોગવવું જ રહ્યું.

શંકરાચાર્ય બીજો વિચાર દર્શાવતા કહે છે:

दुर्लभं त्रयमेवैतदेवानुग्रह हेतुकम् ।
मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुष संश्रयः ॥

(વિવેક ચૂડામણિ ૩)

ત્રણ વસ્તુઓ અતિ દુર્લભ છે અને પરમેશ્વરની કૃપાથી જ પ્રાપ્ત થતી હોય છે, જેવી કે માનવજાત, મોક્ષની અભિલાષા અને સિદ્ધ પુરુષોનો સંગ.

તો માનવજીવની આ ગંભીર કપરી દશામાંથી બહાર નીકળવાનો કોઈ જ માર્ગ નથી?

## પરમેશ્વરની કૃપા

બાઈબલમાં જૂના કરારના સમયના લોકોને પરમેશ્વરના પવિત્ર આત્માએ દર્શાવ્યું કે પ્રભુ પરમેશ્વર કરુણામય ને કૃપાળુ છે, નિર્ગમન ૩૪:૬; તે માણસોને સનાતન પ્રેમથી ચાહે છે, યિર્મેયાહ ૩૧:૩; અને પાપીના વતી દુઃખ ભોગવે છે, યશાયાહ ૫૩:૪-૫ તે માણસોના હૃદય અને મનને બદલવા બોલાવે છે: "પૃથ્વીની ચારે કોરના લોકો, મારા તરફ વળો અને ઉદ્ધાર પામો ! એકમાત્ર હું જ ઈશ્વર છું, મારા સિવાય બીજો ઈશ્વર નથી," યશાયાહ ૪૫:૨૨.

એ જ પરમાત્માએ આપણા પૂર્વજો, આર્ય ઋષિઓથી પણ,

મોક્ષ કેવળ ઈશ્વરની કૃપાથી મળી શકે છે, એ બાબત ગુપ્ત રાખી નહોતી.

કૃપા એટલે પાત્રતા વગરની મહેરબાની. સંસ્કૃતમાં એ જુદા જુદા શબ્દો દ્વારા ઓળખાય છે, જેવા કે कृपा, प्रसाद, दया, करुणा, अनुकंपा, अनुग्रह, प्रेम, दक्षिणा ઇત્યાદિ. ઈશ્વર પિતા આપણી યોગ્યતા કે કૃત્ય ધ્યાનમાં લીધા વગર આપણને કૃપા બક્ષે છે. ઈશ્વરની આ પહેલને ઋગ્વેદમાં જુદી જુદી જગ્યાએ ઘણી સારી રીતે રજૂ કરેલ છે. ઈશ્વરની કૃપા સિવાય કોઈ છુટકારો પામી શકતું નથી, ઋગ્વેદ ૨:૨૮:૫-૬. આત્મામાં કંપારી સહિત, ભક્તજન ઈશ્વરની માફી શોધે છે -ઋગ્વેદ ૭:૮૯:૨; ૨:૨૭:૫; ૧૪; ૭:૮૬:૨-૭ ઈત્યાદિ. શ્વેતાશ્વતર ઉપનિષદ ૬:૫માં પરમેશ્વરને पापनुदम् અર્થાત્ પાપનું દમન કરનાર તરીકે સંબોધ્યા છે. કઠોપનિષદ ૧:૨:૨૩ અનુસાર તેઓ તેમના પસંદિતો સમક્ષ પોતાને પ્રગટ કરે છે. સર્વ પાપોથી મુક્ત થવા ભક્તજનો તેમને કરગરે છે, ઈશાવાસ્ય ઉપનિષદ ૧૮.

અદ્વૈતવાદના પ્રખ્યાત ભાષ્યકાર નીચેની જાણીતી કાવ્યપંક્તિના રચયિતા છે:

भज गोविन्दं भज गोविन्दं
गोविन्दं भज मूढमते ।
संप्राप्ते सन्निहते काले
नहि नहि रक्षति डुकृञ्करणे ॥

(શંકરાચાર્ય રચિત ભજગોવિંદમ્)

હે મૂર્ખજન, નિરંતર ઈશ્વરનું ભજન કર; જ્યારે તારો મૃત્યુ કાળ આવશે, ત્યારે વ્યાકરણના નિયમો તને બચાવી શકશે નહિ !

શ્રી રામાનુજાચાર્ય અને શ્રી માધવાચાર્યની સમગ્ર ફિલસૂફી, ઈશ્વરની કૃપાથી કર્મચક્ર પર વિજય મેળવે છે, તે માન્યતા પર આધારિત છે. શૈવ સિદ્ધાંત પણ એમ જ માને છે. આ વિષય પર તેમનાં ગહન વિવેચનો સ્થળસંકોચને કારણે ઉમેરેલ નથી.

એ પણ નોંધવું રહ્યું કે ભગવદ્ગીતા જે વિવિધ યોગમાર્ગ સંબંધી વિદ્વતાભર્યું વિવેચન કરે છે, તે છેલ્લા અધ્યાયમાં, ઈશ્વરની કૃપા મોક્ષપ્રાપ્તિ માટે સર્વશ્રેષ્ઠ અને ઝડપી સાધન છે, તેમ જણાવી સમાપન કરે છે:

तमवे शरणं गच्छ
सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शान्ति
स्थानं प्राप्यसि शाश्वतम् ॥

(ગીતા ૧૮:૬૨)

હે ભારત, તારા સમગ્ર વ્યક્તિત્વથી પરમેશ્વરનું શરણ સ્વીકારી લે. તેની કૃપાથી તને સંપૂર્ણ શાંતિ અને શાશ્વત સ્થાન પ્રાપ્ત થશે.

## કૃપાનું મૂલ્ય

'કૃપા' શબ્દને એક સામાન્ય શબ્દ ગણી લેવામાં આવે છે અને ઘણા તેને વિષે ગેરસમજ ધરાવે છે. કૃપાના દરેક કૃત્ય પાછળ તેના દાતાને કેટલું ભારે મૂલ્ય ચૂકવવું પડયું છે તે આપણે બરાબર સમજવામાં નિષ્ફળ નીવડીએ છીએ. હું ભારપૂર્વક જણાવવા ઇચ્છું છું કે કૃપા અત્યંત મૂલ્યવાન છે તે માટે વધુ કે ઓછું નહિ પણ ચોક્કસ મૂલ્ય ચૂકવવું પડે છે. થોડાં ઉદાહરણો તપાસીએ.

આપણે ખીચોખીચ ભરેલી બસમાં મિલનસાર રીતભાતથી પ્રવાસ કરવા ટેવાયેલા છીએ. તમને આરામદાયક બેઠક મળી છે, પણ એવામાં એક હાથમાં બાળક છે ને જેઓ બીજા હાથમાં સળીયો પકડીને લાંબી મુસાફરીએ જનાર એક બહેનને તમે જુઓ છો. પોતાનું સમતોલપણું જાળવવા તેઓ ભારે પ્રયત્ન કર્યા કરે છે. તેમના પર દયા ઉપજવાથી તમે તમારી પોતાની જગા તેમને આપો છો. આ દયાના કૃત્યને કારણે તમારા હક્કમાં શું બન્યું તે તમે સમજો છો? તમે તે બહેનનું દુઃખ પોતાના પર લઈ લીધું છે અને હવે તમે બેઠક વગરના બન્યા છો, ને સમગ્ર લાંબા માર્ગમાં તમે અથડામણ ને હેરાનગતિ અનુભવો છો. તમે જે દયા દર્શાવી તેની સમકક્ષાનું આ મૂલ્ય કે કષ્ટ હતું.

અથવા, એક ધનવાન મહિલાનો કિસ્સો લો. એનો યુવાન નોકર તેના ઘરમાંથી ઝવેરાત ચોરીને નેપાળ નાસી ગયો. એ ચોરી કરેલા ધનથી તે નોકર વિદેશમાં મોજમજામાં સમય ગાળે છે. પણ આખરે તે બધું ધન વપરાય જાય છે, તે પોતાના ગામડાના ઘેર પાછો ફરે છે અને પકડાઈ જાય છે. પોલીસ આ મહિલાને નોકરં વિરુદ્ધ યોગ્ય ફરિયાદ નોંધાવવા જણાવે છે પણ તે તેમ કરવાની ના પાડતાં કહે છે કે તે યુવાન નોકર અને તેના પિતાએ તેના પરિવારની, વરસો સુધી સેવા બજાવી હતી માટે તે તેને માફ કરે છે. ચોરી કરીને નાસી ગયેલા અને પકડાઈ ગયેલા જુવાન નોકરને ગિરફતારીમાંથી છોડી દેવામાં આવ્યો અને તે મુક્ત બન્યો. આને કૃપા કહે છે; પણ શું કોઈને તેનું મૂલ્ય ચૂકવવું પડયું ખરું ? હા, ચોર નોકરને માફી બક્ષવાની કૃપા બતાવવાના બદલામાં દશ હજાર રૂપિયાના ઝવેરાતનું મૂલ્ય તે મહિલાને ચૂકવવું પડયું. કૃપાની આ કિંમત કે કષ્ટ કહેવાય. આપણે એ માટે ધ્યાનમાં રાખીએ કે

ઈશ્વરના પક્ષે માફીનો અર્થ ન્યાય રદ કરવો તેમ નથી - પણ ઈશ્વર એ ન્યાયનું પાલન પોતાને શિર લઈ લે છે.

મારી 'સત્સંગ' સભાઓ દરમિયાન મેં આપણા દેશમાં લોકો તરફ માયાળુપણાનાં ઘણાં કૃત્યો અનુભવ્યા છે. એક દિવસે મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન સામેના બસ સ્ટેન્ડ પર દાદરના શિવાજી પાર્કમાં સત્સંગની સભા થઈ રહી હતી, ત્યાં જતી બસ માટે હું ઊભો હતો. લાંબા સમય સુધી બસ આવી નહિ. બસની રાહ જોતા કેટલાક હિંદુ સજ્જનોએ દાદર જવા ટેક્સી ભાડે કરવા નક્કી કર્યું. મેં પણ મારો ફાળો આપવાની ઈચ્છા બતાવી અને ટેક્સીમાં આગલી સીટમાં બેઠો. હું ધર્મ-ઉપદેશક છું અને એક ખ્રિસ્તી સત્સંગની સભામાં જઈ રહ્યો છું એવું એ દરમિયાન મારા સહયાત્રી હિંદુ મિત્રોએ જાણ્યું, તેથી ટેક્સીભાડાના મારા હિસ્સાના પૈસા લેવા સાફ ના પાડી, તદુપરાંત, ટેક્સી ડ્રાઈવરને વધારાના પૈસા ચૂકવી મને દાદર સ્ટેશનથી સત્સંગ સ્થળ સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરી. મેં કૃપા કે દયા મેળવી; મારા મિત્રોએ સપ્રમાણ કિંમત ચૂકવીને કષ્ટ ઉઠાવ્યું.

હવે, જ્યારે ઈશ્વર આપણને કહે છે કે તે આપણા પર પ્રેમ કરે છે, કૃપાળુ છે, આપણાં પાપ માફ કરવા તેમ જ ભૂલી જવા તૈયાર છે તથા મૃત્યુ-બંધનમાંથી છોડાવવા માગે છે તો તે દ્વારા ઈશ્વર ખરેખર શું કહેવા માગે છે? ચોક્કસપણે જો હું કહું તો ઈશ્વર આપણાં સઘળાં 'કર્મદંડ' અને 'મૃત્યુબંધન' ઉઠાવી લેશે અને આપણને દોષ-મુક્ત કરશે. આપણે માગીએ તે પહેલાં જ ઈસુના વધસ્તંભમાં સમસ્ત માનવજાતનાં પાપ અને મૃત્યુ પરમેશ્વરે પોતાના પર લઈ લીધાં, અને હવે માત્ર એક જ કામ આપણે કરી શકીએ તે એ કે આભાર, વિશ્વાસ ને આત્મસમર્પણ દ્વારા

કૃપાને અપનાવીએ; મતલબ કે 'શરણાગતિ'માં જે જે ભાવાર્થ આવી જાય તે સર્વ. આજે મોટામાં મોટું પાપ આપણે વિધવિધ રીતે પાપ કર્યું છે એ નથી, પણ આપણે પશ્ચાત્તાપ અને વિશ્વાસ સહિત ઈશ્વરની કૃપાનો સ્વીકાર કરતા નથી તે છે (યોહાન ૩:૧૮-૧૯).

કૃપા હવે માત્ર દયાનો પોકળ સિદ્ધાંત નથી રહ્યો, કારણ કે પરમેશ્વરે કૃપા કરીને ઈસુ ખ્રિસ્તમાં પૂર્ણાવતાર લીધો છે. "જુઓ ઈશ્વરનું હલવાન! તે દુનિયાનાં પાપ દૂર કરે છે" (યોહાન ૧:૨૯). ખ્રિસ્તે આપણા માટે દુઃખ વેઠયું અને સજીવન થયા તેથી તેઓ જાહેર કરવા શક્તિમાન છેઃ "જે કોઈ પુત્ર (ઈસુ) પર વિશ્વાસ મૂકે છે તેને સાર્વકાલિક જીવન છે. જે કોઈ પુત્રને આધીન થતો નથી તેને જીવન મળતું નથી" (યોહાન ૩:૩૬). કેવું સરળ છતાં કેટલું સત્ય!

પ્રભુ ઈસુના શિષ્ય યોહાને આ પ્રમાણે નોંધ્યું છેઃ

> શબ્દ (સરખાવો શબ્દ - બ્રહ્મ) માનવ થઈને અવતર્યો અને તેણે આપણી વચ્ચે વાસ કર્યો. પિતાના એકના એક પુત્રને છાજે તેવો, કૃપા તથા સત્યતાથી ભરપૂર એવો તેનો મહિમા અમે નિહાળ્યો... એના ભર્યા ભંડારમાંથી આપણને સૌને આશિષ પર આશિષ મળી છે; મુસા મારફતે ધર્મસંહિતા આપવામાં આવી હતી; ઈસુ મારફતે કૃપા અને સત્ય મળ્યાં (યોહાન ૧:૧૪-૧૭).

આ ફકરા ઉપરની ૧૨મી કલમ દર્શાવે છેઃ

> જેમણે તેમનો સ્વીકાર કર્યો ને તેમના પર શ્રદ્ધા રાખી તેમને સૌને તેમણે ઈશ્વરનાં સંતાન થવાનો અધિકાર બક્ષ્યો.

ખ્રિસ્તીઓ કોઈવાર છાપરા પરથી પોકારીને 'ઈસુ એ જ માત્ર એકલો માર્ગ છે', એવું કહે ખરા. આવું જો ઝનૂન કે

ઉત્સાહથી મગરૂરીપૂર્વક કરવામાં આવે તો તેની આગ્રહપૂર્વક વિનંતીનો અર્થ ગુમાવશે. પણ જો આ બાબત પૂરી નમ્રતા ને ઉપકાર ચઢાવવાની ભાવના વગર (જે આપણામાં નથી, તે માત્ર ઈશ્વરનું કાર્ય છે) ઉચ્ચારવામાં આવે તો માનવજાત માટે કેવળ પ્રભુ ઈસુ કૃપાનું એક માત્ર દ્વાર છે તે ઉક્તિ નિઃસંદેહ સાચી છે. માત્ર તેમણે આપણી શિક્ષા વેઠી છે ને તેઓ સદાના માટે જીવંત છે.

ત્યારથી વિશ્વના ઘણા લોકોએ આ કૃપા પ્રાપ્ત કરી છે, અને તેઓ તેના સાક્ષી છે. વેદાંતીઓ જેવા કે બંગાળના કૃષ્ણ મોહન બેનરજી, મહારાષ્ટ્રના નારાયણ વામન ટિળક, પંડિતા રમાબાઈ ને નીલકંઠ ગોરે, મદ્રાસના સી. ટી. વેનુગોપાલ, સાધુ સુંદરસિંગ જેવા શીખ લોકો, અબ્દુલ હક્ક અને સુલતાન મોહમ્મદ પોલ જેવા મુસલમાન વિદ્વાનો અને બીજા ઘણાએ, વધસ્તંભ આગળ પોતાના છુટકારાનો અનુભવ પામીને ઈસુ ખ્રિસ્તમાં દેવની કૃપા દ્વારા આનંદ, શાંતિ તથા મોક્ષ પ્રાપ્ત કર્યાં છે.

આથી માનવજાતે 'માયા', 'ત્રિગુણ' કે 'કર્મ' ને કારણે દુઃખ સહન કરવાની કોઈ જરૂર નથી; કારણ ઈશ્વરપિતાએ એમની નાબૂદી માટે જોગવાઈ કરી છે. જો આપણા ઉદ્ધારની બાબતમાં કંઈ વિલંબ થાય તો તે વિલંબ ઈશ્વર તરફથી નહિ પણ આપણા તરફથી છે !

અજબ કૃપા ! કેવો મિષ્ટ સાદ,
મુજ સમ દુષ્ટને તાર્યો,
એક દિન ગુમરાહ, આજ સત માર્ગમાં,
હતો અંધ, હાલ દેખું.

(જોન ન્યૂટન : ૧૭૨૫-૧૮૦૭)

શાન્તિ !

# ૩

# મોક્ષની અનુભૂતિ

## સમાન ભૂમિકા

મોક્ષ સંસ્કૃત ભાષાનો શબ્દ છે, જેનો અર્થ બંધનમાંથી છુટવું એવો થાય છે. વેદાંત દર્શનશાસ્ત્ર અનુસાર મોક્ષ એટલે કર્મના ફળને કારણે જીવાત્માનો પુનર્જન્મ અથવા જન્માંતરના બંધનમાંથી છુટકારો.

ખ્રિસ્તી ધર્મ અને વેદાંતી હિંદુ ધર્મમાં કેટલીક દાર્શનિક સમાનતાઓ છે, તેમાંની એક અનુભૂતિ છે, જેનો અર્થ દૈવી મેળાપનો અનુભવ, મોક્ષ અથવા કર્મ-બંધનમાંથી મુક્તિ થાય છે. જેના પરિણામે જીવાત્મા પરમેશ્વરમાં એકરૂપ બને છે. અનુભૂતિને લગતા શબ્દો સંસ્કૃતમાં આ છે: साक्षात्कार, ज्ञान, समाधि, प्रत्यक्ष अनुभूति, अनुभव, दर्शन ઈત્યાદિ. આ અનુભૂતિ સ્વાભાવિક રીતે शांति, आनंद તથા शाश्वत જીવનની ખાતરી થાય છે.

હિંદુ ધર્મમાં જે प्रत्यक्ष કે પ્રગટ થયેલ છે તે प्रमाण એટલે કે એ જ સાબિતી છે, કારણ જે સત્ય આપણી સમજબુદ્ધિમાં આવી ચૂક્યું છે, તેને આપણે નકારી શક્તા નથી. અનુભૂતિ સ્વપ્રમાણિત (स्वतःसिद्ध) છે, તેને અન્ય પુરાવાની જરૂર નથી. બૃહદારણ્યક ઉપનિષદ ૪:૪:૮માં શ્રી શંકરાચાર્યના કથનના ખુલાસા અનુસાર અંગત જીવનસાક્ષી સર્વોત્તમ પ્રમાણ છે (आत्मा साक्षीकं अनुत्पन्नं)

નામાંકિત હિંદી કવિ ગોસ્વામી તુલસીદાસની માન્યતા પ્રમાણે : जाने बिन प्रीति न होई - જેને આપણે જાણતા નથી, તેમને ચાહી શકીએ નહિ, તે ખરેખર સાચું છે. પુરાતન કાળથી આપણે જાણીએ છીએ કે ઈશ્વરના પ્રેમની ખોજમાં આ વિશ્વ (મિસર, રોમ, ગ્રીસ, બાબિલોન, ઈઝરાયલ, મેસોપોટેમિયા અને ભારત સુદ્ધાં)ના લોકોએ અજાણ્યા દેવોની ઘણી અણઘડ અને વિચિત્ર પ્રતિમાઓ બનાવી છે. ખરેખર, એથી વિશેષ કંઈ કરી શક્યા નહોતા, કારણ કે જેને ઓળખતા જ નહોતા તેમની ખરી કલ્પના જ તેઓ કેવી રીતે કરી શકે?

મસ્ત બને તારા પ્રેમમાં, કેવળ તે જાણે,
પ્રિયતમ પ્રભુ, કેવો મધુર તુજ પ્રેમ!

(સંત બર્નાર્ડ ઓફ ક્લેરવોક્સ)

એક વાર સ્વામી રામકૃષ્ણ પરમહંસે કહ્યું હતું: વાંચવા કરતાં તો સાંભળવું વધારે સારું, અને સાંભળવા કરતાં જોવું તે વધુ ઉત્તમ છે. (રામકૃષ્ણ વચનામૃત પૃષ્ઠ ૧૭૭); અને તેમના પ્રખ્યાત શિષ્ય સ્વામી વિવેકાનંદનો વિચાર છે:

કોઈ મનુષ્યને બધા ધર્મસંપ્રદાયો પ્રત્યે શ્રદ્ધા હોય, બધા ધર્મગ્રંથોનો અભ્યાસ કર્યો હોય, પૃથ્વીની બધી પવિત્ર નદીઓમાં સ્નાન કર્યું હોય પરંતુ જો તે મનુષ્યને પરમેશ્વરનો સાક્ષાત્કાર ન થયો હોય, તો તે પ્રથમ કક્ષાનો નાસ્તિક છે.

(વિવેકાનંદ સાહિત્ય, ભાગ ૬, પૃષ્ઠ ૨૪૩નો સારાંશ)

જ્યારે અનુભૂતિ અથવા સાક્ષાત્કાર અંગે વાત કરીએ છીએ ત્યારે આપણે કયા પ્રકારની અનુભૂતિ વિષે વિચારીએ છીએ તે સ્પષ્ટ કરી લેવું જોઈએ. અહીં આપણે એવા પ્રકારની અનુભૂતિની

વાત નથી કરતા જે કોઈને મોટી લોટરીમાં જીત મળવાથી પ્રાપ્ત થતી હોય, અથવા ભાંગ, ચરસ કે એલ. એસ. ડી. જેવાં કેફી દ્રવ્યોથી પ્રાપ્ત થાય; અથવા કેટલાક તાંત્રિકો જેને શૂન્ય અનુભૂતિ કહે છે તે પણ નહિ. આ જગતમાં અનુભૂતિ વિવિધ પ્રકારની હોઈ શકે: તે ચેતન, અર્ધચેતન અથવા પૂર્ણચેતન હોઈ શકે; ભૌતિક કે માનસિક હોઈ શકે; દર્શન, સ્વપ્ન, શૂન્યતા, દષ્ટિભ્રમ કે વશીકરણ હોઈ શકે; જેને રહસ્યવાદીઓ આત્માની કાલરાત્રિ કહે છે તે અથવા પાપના બંધનમાંથી મુક્ત થતાં આનંદ, શાંતિ અને મુક્તિની અનુભૂતિ હોઈ શકે. આ પુસ્તકના લેખનમાં અનુભૂતિનો ભાવાર્થ, પરમેશ્વર અને જીવાત્માનું એવું વાસ્તવિક મિલન છે કે જે દ્વારા બધો અંધકાર નાશ પામે છે અને બધાં બંધન નષ્ટ થાય છે. આવી અનુભૂતિ થાય પછી પુનર્જન્મ યા જન્માંતરનો કોઈ પ્રશ્ન ઊભો થતો નથી.

ધર્મગ્રંથ પવિત્ર બાઈબલમાં આપણે પ્રેરિત પાઉલ અંગે વાંચીએ છીએ કે તેમને દમસ્કના રસ્તે જતાં પુનરુત્થાન પામેલા ખ્રિસ્તનાં દિવ્ય દર્શન થયાં (પ્રેરિતોનાં કૃત્યો ૯). એ સાક્ષાત્કારે તેમના અહમ્ અને ઘમંડના ચૂરેચૂરા કરી દીધા અને ભાવિ જીવન માટે તેમને નવો વળાંક દર્શાવ્યો. આને પરિણામે તેમણે ભરયુવાનીના સૌથી સારા દિવસોમાં, ઈસુ ખ્રિસ્ત તથા તેમના ન્યાયીપણા, શાંતિ અને આનંદના રાજ્યને માટે પોતાની જાતને સમર્પિત કરી, ખ્રિસ્તી સંન્યાસીનું જીવન ગ્રહણ કરી લીધું. આ જ પાઉલ તેમની વૃદ્ધાવસ્થામાં એક રૂમી જેલની કોટડીમાં બંદીવાન બની, ગમે તે પળે, શહીદી વહોરવાની રાહ જોઈ રહ્યા હતા. તેવા સ્થળે તેઓ નિવેદન કરે છે: "મેં કોના પર વિશ્વાસ મૂક્યો છે તે હું બરાબર જાણું છું, અને મને ખાતરી છે કે, મારી થાપણનું

પુનરાગમનના દિવસ સુધી રક્ષણ કરવા તે સમર્થ છે" (૨ તીમોથી ૧:૧૨). પાઉલને પોતાના તારનારની ઓળખ અથવા જ્ઞાન, કોઈપણ હિસાબે ચોક્કસ અને સંતોષકારક અનુભૂતિ હતી.

પછી, પ્રભુ ઈસુના એક પ્રિય શિષ્ય યોહાન હતા. પરિપક્વ ઉંમરના આ અનુભવી વૃદ્ધ એફેસસ શહેરમાં નિવાસ કરતાં હતા. તેમનો પ્રથમ પત્ર લખતાં જણાવે છે: આપણને ખબર છે કે આપણે મરણમાંથી નીકળીને જીવનમાં આવ્યા છીએ. (૧ યોહાન ૩:૧૪). ખ્રિસ્તના સાક્ષાત્કારને કારણે પોતાના જીવનકાળ દરમિયાન જ તેમને મોક્ષની ખાતરી થઈ. યોહાનની લખેલી સુવાર્તામાં પ્રભુ ઈસુએ ઉચ્ચારેલાં અનેક ઉલ્લેખનીય મહાવાક્યોમાંથી આ એક છે :

> સાર્વકાલિક જીવન તો આ જ છે: માણસો તમને એકલા સાચા ઈશ્વરને અને ઈસુ ખ્રિસ્ત, જેમને તમે મોકલ્યા છે તેમને ઓળખે. (૧૭:૩).

પરમેશ્વર અને તેમના મોકલાવેલ એકમાત્ર પ્રભુ ઈસુનું જ્ઞાન જ શાશ્વત છે, અને આ જ્ઞાન ખરેખર એક અનુભૂતિ છે. ઈસુએ વધુમાં કહ્યું: "જેમ પિતા મને ઓળખે છે અને હું પિતાને ઓળખું છું તેમ હું મારાં ઘેટાંને ઓળખું છું અને મારાં ઘેટાં મને ઓળખે છે" (યોહાન ૧૦:૧૪-૧૫).

આ જ સુવાર્તામાં સમરૂનના લોકોના ઉદ્ધારનું વૃત્તાંત છે. તેઓ બધા, સમરૂની સ્ત્રીએ, ખ્રિસ્ત અર્થાત્ અભિષિક્ત પુરુષનો સ્વીકાર કર્યો હતો તે સમાચારથી સંતોષ ન પામ્યા. તેઓ જાતે ગયા અને પંડે જ તેઓએ ખ્રિસ્તનાં દર્શન કર્યાં. ત્યાર બાદ તે સમાચાર આપનાર સમરૂની સ્ત્રીને કહ્યું: "ફક્ત તારી વાતને લીધે જ અમે વિશ્વાસ કરતા નથી, પરંતુ અમે પોતે તેમને

સાંભળ્યા છે અને અમને ખાતરી છે કે તે જ દુનિયાના ઉદ્ધારક છે" – યોહાન ૪:૪૨.

આથી એ સ્પષ્ટ છે કે સાચો ખ્રિસ્તી ધર્મ આપણે જે બધી તપશ્ચર્યા કરીએ કે અનેક ધર્મક્રિયાઓ કરીએ એમાં સમાયેલો નથી; અથવા આપણે કેટલાંક સારાં કાર્યો કે સમાજસેવા (તે ગમે તેટલી જરૂરી કેમ ન હોય) બજાવીએ તેમાં સમાઈ જતો નથી. ખરું ખ્રિસ્તી જીવન તો પરમેશ્વરની કૃપા દ્વારા ઈસુ ખ્રિસ્તમાં આપણને પ્રાપ્ત થતા વ્યક્તિગત કે અગંત જ્ઞાન અગર તો તારણના અનુભવમાં મોજૂદ છે.

વૈદિક કાળના ઋષિઓ આ જ પ્રકારની માન્યતા ધરાવતા હતા:

एकं वशी सर्वभूतान्तरात्मा
एकं रूपं बहुधा यः करोति ।
तमात्मस्थं येऽनुपश्यन्ति धीरा-
स्तेषां सुखं शाश्वतं नेतरेषाम् ॥

(કઠોપનિષદ ૨:૨:૧૨)

સર્વ પ્રાણીઓના અંતર્યામી, અદ્વિતીય અને સર્વને વશમાં રાખનાર પરમાત્મા, જે પોતાના એક જ રૂપને ઘણા પ્રકારનાં બનાવે છે. પોતાની અંદર રહેનાર પરમાત્માને જે ધૈર્યવાન પુરુષ જોતો રહે છે, તેને સનાતન સુખ મળે છે - બીજા કોઈને નહિ.

विश्वस्यैकं परिवेष्टितारं ।
ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः ॥

(શ્વેતાશ્વતર ઉપનિષદ ૫:૧૩ (બ))

સમસ્ત સૃષ્ટિને બધી બાજુથી ઘેરી લેનાર એક અદ્વિતીય પરમેશ્વરને ઓળખીને મનુષ્ય સઘળાં બંધનોમાંથી મુક્ત થઈ જાય છે.

એ તો સ્વીકારવું પડશે કે ઉપનિષદો અથવા બાઈબલમાં એવા બધા જ આધ્યાત્મિક ફકરાઓમાં; જ્યાં શબ્દ "જ્ઞાન" અથવા તેનાં ધાતુરૂપો વપરાયાં હોય ત્યાં તેનો અર્થ परा विद्या (સર્વોચ્ચ આત્મિક જ્ઞાન)ને લગતો હોય છે અને નહિ કે अपरा विद्या, જે પુસ્તકોના અભ્યાસ વડે પ્રાપ્ત થાય છે (સરખાવો મુંડક ઉપનિષદ ૧:૧:૪-૫).

तमेव विदित्वाति मृत्युमेति ।
नान्यः पन्था विद्ययतेऽयनाय ॥

(શ્વેતાશ્વતર ઉપનિષદ ૩:૮ (બ) )

મૃત્યુ (મરણ) કેવળ દેવને જાણવાથી જ રદ થાય છે; એ સિવાય બીજો કોઈ માર્ગ નથી.

अनुभूति बिना मूढो वृथा ब्रह्मणि मोदते ।
प्रतिबिम्बित शाखाग्र फलास्वाद न मोदवत् ॥

(મૈત્રેયી ઉપનિષદ ૨:૨૨)

જેમ કોઈ વ્યક્તિ ઝાડની છાયામાં ફળ જોઈને ફળ ખાવાનો આનંદ પ્રાપ્ત કરવા ઇચ્છે છે, તેવી રીતે મૂર્ખ વાસ્તવિક અનુભવ કર્યા વિના પરમાત્માનો આનંદ મેળવવાની વ્યર્થ કલ્પના કરે છે.

ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा

(શ્રી ભગવદ્ગીતા ૪:૩૭ (બ) )

જ્ઞાનરૂપી અગ્નિ સમસ્ત કર્મોને ભસ્મીભૂત કરે છે.

## અદ્વૈતવાદમાં અનુભૂતિ

થોડો સમય લઈને અહીં આપણે, હિંદુઓના પ્રમુખ સંપ્રદાયો અને ખ્રિસ્તી ધર્મીઓ અનુભૂતિનો શો અર્થ કરે છે, તેથી વધુ માહિતગાર બનીશું. અદ્વૈતવાદી મોક્ષ - અનુભવને સમાધિ અથવા

એકાકાર થઈ જવાનો અનુભવ કહે છે. (સામાન્ય વપરાશમાં આ શબ્દનો ઘણો દુરુપયોગ થયેલો છે. હૃદયરોગથી, ડૂબી જવાની કે કુદરતી આપત્તિથી મૃત્યુ પામતી વ્યક્તિ સમાધિમાં પ્રવેશી છે તેવું આપણે આદરભાવથી કહીએ છીએ !) ખરી રીતે સમાધિ બે પ્રકારની છે; सविकल्प (જેમાં પરિવર્તન છે) અને निर्विकल्प (જેમાં કોઈ પરિવર્તન શક્ય નથી). નિર્વિકલ્પ સ્થિતિમાં, માનસનો બધો વ્યવહાર જાણે કે રદ થાય છે (ध्यानविस्मृतिः समाधि મંડલ બ્રહ્મોપનિષદ ૧:૧) जागृति निद्रा કે सुषुप्तिની સ્થિતિથી તે પર છે. શાંત અને પરિશુદ્ધ ચેતનાની આ એવી તૂરીયા અવસ્થા છે જેમાં વ્યક્તિને બીજા કોઈએ ખવડાવવાની પણ જરૂર પડે છે.

કઠોપનિષદ્ આ પ્રમાણે જણાવે છે:

> જ્યારે પાંચેય જ્ઞાનેન્દ્રિયો માનસ સાથે વિશ્રાંત લે ને બુદ્ધિજ્ઞાન પણ નિષ્ક્રિય બની જાય તે અવસ્થાને સૌથી ઉચ્ચ પ્રકારની परमगति કહેવાય છે (૨:૩:૧૦).

અદ્વૈતવાદમાં સમાધિ એટલે પોતાની જાતને તેમ જ વ્યક્તિત્વને અંતર્યામી પરમ પુરુષમાં ખોઈ નાખવાં. જેમ નદી મહાસાગરમાં સમાય જાય તેવું આ પરિપૂર્ણ એકત્વ છે (મુંડક ઉપનિષદ ૩:૨:૮). તેને એક દૂધ સાથે સરખાવેલ છે જેને બીજા દૂધ સાથે ભેળવી દેવાથી એકાકાર થઈ જાય છે (વિવેક ચૂડામણિ પદ ૫૬૪ થી ૫૬૬). સમાધિ પાણીમાં મળી ગયેલ મીઠા જેવી છે (સૌભાગ્ય લક્ષ્મી ઉપનિષદ ૨:૧૪). અજવાળું આવતાં અંધકાર હટી જાય છે તે અંધકાર જેવી છે. માટીના ઘડામાં જે ખાલી જગા હોય છે તેના જેવી છે, જે ઘડો તૂટતાં અવકાશમાં વિલીન થઈ જાય છે.

પોતાના ધ્યેય પ્રાપ્ત કરવા અદ્વૈતીને કોઈ વિશેષ આસનની કે યોગક્રિયાની જરૂર રહેતી નથી. છેવટે તેને પોતાના અસ્તિત્વને મિટાવી દેવા માટે દોરી જતા સતત ચિંતનમાં રહેવું પડે છે. આ માનસિક શિસ્ત તેણે એક યા અનેક જીવનકાળ પર્યંત પામવી પડે. આ પદ્ધતિમાં અનુભૂતિની સાર્થકતા પુરવાર કરી શકાતી નથી, કારણ અનુભૂતિ પામનાર વ્યક્તિ ચેતનાવસ્થાને પેલે પાર પહોંચી ગઈ હોય છે (સરખાવો મુંડક ઉપનિષદ ૩:૨:૯; કેનોપનિષદ ૨:૧-૪; ૪:૪).

પરિશુદ્ધ આધ્યાત્મિકતા, અસાપેક્ષતા તથા પરિપૂર્ણ સત્યના ઐક્યની સંકલ્પના માટે પ્રચંડ ફાળો આપવા બદલ અદ્વૈતવાદ પ્રત્યે એક ખ્રિસ્તી વ્યક્તિ તરીકે મને આદરભાવ છે. પૂર્વ અને પશ્ચિમ એમ બંને તરફ દૂર દૂર સુધી, અદ્વૈતમાર્ગની પ્રભાવશીલતા પહોંચી છે. હિંદુ ધર્મ જ્યારે કર્મકાંડ અને માત્ર વિધિ-વિધાનોમાં ઊંડો અને ઊંડો ડૂબતો જતો હતો ત્યારે ખરેખર અદ્વૈતવાદે તેમાં તાજગીભર્યો પ્રાણવાયુનો ફેલાવો કર્યો. આમ છતાં હું નમ્રતાપૂર્વક, ખાસ કરીને, અનુભૂતિના દષ્ટિબિંદુ અંગે, અદ્વૈતવાદ સાથે અધિક પ્રમાણમાં અસંમત છું. મારા વિચાર મુજબ, અદ્વૈતી વિદ્વાન, મનુષ્યમાં રહેલા ઈશ્વરીય સ્વરૂપ અને સનાતન પરમેશ્વરની વચ્ચેનો ભેદ સમજવામાં ગૂંચવણ અનુભવે છે અને પોતે પોતાનામાં વ્યાપેલા ઈશ્વરીય સ્વરૂપ પર જ ધ્યાન કેન્દ્રિત કરીને, પોતાના આત્મિક સ્વભાવના સ્રોત, એટલે કે સર્વશક્તિમાન પરમેશ્વરથી પોતાની જાતને અલગ પાડી દે છે. આ કારણે અદ્વૈતીને પોતાની જાત સિવાય બીજું કોઈપણ વાસ્તવિક પ્રેમ કરનાર પાત્ર પ્રાપ્ત થતું નથી. અંતિમ પૃથ્થકરણ કરતાં તે પરમેશ્વરે આપેલ પ્રજ્ઞાજ્ઞાનની શક્તિ, અનિવાર્યપણે હંમેશને માટે બહાર ધકેલી કાઢીને, શૂન્યતાની

અવસ્થામાં પ્રવેશ કરે છે, કે જે અવસ્થામાંથી તે પાછો ફરી શક્તો નથી. આ દ્વારા સૃષ્ટિનું આવું સુંદર સર્જન કરવાના પરમેશ્વરના મહિમાવંત ઉદ્દેશોનો અસ્વીકાર જ થાય છે. આથી કરીને, કોઈ આશ્ચર્ય નથી થતું કે અદ્વૈતવાદમાં મોક્ષની અનુભૂતિ એટલી બધી દુર્લભ કે દૂર છે.

## વૈષ્ણવવાદમાં અનુભૂતિ

વૈષ્ણવોને માટે મોક્ષની અનુભૂતિનો અર્થ અંગત અને પ્રેમાળ પરમેશ્વરમાં વિલીન થઈ જવું એવો થાય છે (ગીતા ૯:૩૪). આ વિચારસરણી મુજબ, અંતિમ મોક્ષ અનિવાર્યપણે વિદેહમુક્તિ અથવા મૃત્યુ બાદ, થાય છે, કારણ કે શરીર તો માયા અર્થાત્ ભ્રષ્ટ થયેલી પ્રકૃતિને સોંપાયેલું છે. આવી भक्ति, शरणागति તથા कर्मयोग એટલે નિષ્કામ ભાવથી કરેલાં કૃત્યો દ્વારા પ્રાપ્ત થાય છે. આરાધના અને ધ્યાન આ માટે મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. પ્રેમ તથા ભાવ ભક્તિ સાથે સંકળાયેલાં છે.

મોક્ષ એ ચેતન મનનું સંપૂર્ણ એકરૂપ કે વિલુપ્ત થઈ જવું નથી. તે એક લોખંડના ટુકડા સમાન છે, જેને અગ્નિમાં નાખવામાં આવે તો તે અગ્નિના સ્વભાવમાં પરિવર્તન પામે છે, છતાં તે પોતાનો લોખંડનો ગુણ ગુમાવતો નથી. વૈષ્ણવોએ પોતાના મોક્ષના સ્વીકારની સંભાવનાઓને પ્રમાણભૂત બનાવવાને માટે જે શાસ્ત્રો પર આધાર રાખવો પડે છે તેમાં મુખ્ય આ મુજબ છે : આધ્યાત્મોપનિષદ, પદ ૬૫ તથા ૬૬, તૈત્તિરીય ઉપનિષદ ૧:૧૦: ૧; ૩:૧૦:૫-૬; ઐત્રેય ઉપનિષદ ૨:૫

શ્રી રામાનુજાચાર્યને માટે મોક્ષ અનુભૂતિનો અર્થ आत्मानुभव सुखम् (આનંદદાયક ઈશ્વરીજ્ઞાનનો અનુભવ) છે, જુઓ તેમનું

ગીતા ભાષ્ય ૫:૨૬. તેમના જણાવ્યા અનુસાર, મોક્ષ અનુભૂતિ પરમેશ્વરની સાથે એકાકાર થઈ જવામાં નથી બલ્કે તેમના સત્ત્વના સરખાપણામાં છે.

"હું અથવા 'સ્વ'નું જ્ઞાન મોક્ષની પરમગતિમાં ટકી રહેતું નથી એમ જાહેર કરવું, બિલકુલ અનુચિત છે. તેમ કહેવું તો ખરેખર પોતાનો સદંતર નાશ છે" - (શ્રી રામાનુજનો ઈલસ્ટ્રેટેડ વિક્લી ઓફ ઈન્ડિયા, ફેબ્રુઆરી ૨૭, ૧૯૭૭, પાન ૧૨ ઉપરનો ઉતારો).

શ્રી રામાનુજાચાર્યે વધારામાં શ્રી બાદરાયણની વિચાર-સરણીને પોતાનો આધાર બનાવીને એવું પ્રગટ કર્યું કે મોક્ષ પ્રાપ્ત કરનાર આત્માઓ, પરમેશ્વર તરફથી એક આત્મિક દેહ પ્રાપ્ત કરશે (શ્રી ભાષ્ય ૪:૪:૧૨-૧૩).

આ પરંપરાની માન્યતાને માટે ઉપનિષદોનાં નીચેનાં પદો અનુકૂળ છે : તૈત્તિરીય ઉપનિષદ ૧:૧:૭; ૨:૫:૨; મુંડક ઉપનિષદ ૩:૧:૨-૩; ૧:૧૯; શ્વેતાશ્વતર ઉપનિષદ ૧:૬; ૬:૮; ૧૧:૩ મહાભારત પણ આવી રીતે સમાન વિચાર દર્શાવે છે :

"પરમાત્મા ભિન્ન છે, તેવી જ રીતે જીવાત્મા પણ. અલગ છે; જ્ઞાનીપુરુષો કહે છે કે બંને એક જ છે, કારણ કે પરમાત્મા જીવાત્માની અંદર વાસો કરે છે." (મોક્ષધર્મ)

## શૈવ પંથીઓ

શિવભક્તો પણ આત્માના પરમેશ્વરમાં અંતિમ પરિપૂર્ણ યોગમાં માને છે, પણ તેઓ એકરૂપતા અથવા ભેદરહિત સ્થિતિમાં માનતા નથી. યોગ અવસ્થા પૂર્ણ એકત્વની સ્થિતિ દર્શાવે છે. તેમને માટે અનુભૂતિ ઉત્તરોત્તર પ્રગતિ છે : પ્રથમ સામીપ્ય (પરમેશ્વરની નજીક આવવું), પછી સારુપ્ય (પરમેશ્વરના સ્વભાવને સમાન થવું)

અને અંતે સાયુજ્ય (પરમેશ્વર સાથે શાશ્વત જોડાણ), જેમાં સાધક પોતાનું વ્યક્તિત્વ ગુમાવી દેતા નથી.

## સાંખ્ય અને યોગમાં અનુભૂતિ

આ બંને વિચારધારાઓમાં વૈયક્તિક પરમેશ્વરની પર્યાપ્ત સંકલ્પના નથી. સાંખ્યોને માટે કૈવલ્ય અનુભૂતિ એટલે આત્માનું પ્રકૃતિથી મુક્ત બનીને પુરુષ (પરિશુદ્ધ ચેતના)ના પરમ તત્ત્વની પ્રાપ્તિ છે. આમ છતાં પુરુષમાં કોઈ વ્યક્તિની લાક્ષણિકતાઓ હોતી નથી. આથી મુક્તિની અનુભૂતિ મેળવવા માટે પુરુષના પ્રત્યે કોઈ પ્રકારની વ્યક્તિગત ભક્તિ અથવા પ્રેમ દર્શાવવાની જરૂરિયાત રહેતી નથી. આ કંઈક તાત્ત્વિક ગહન બાબત છે.

પતંજલિનું યોગસૂત્ર ઉપરોક્ત પદ્ધતિથી કંઈ ખાસ વધારે તફાવત ધરાવતું નથી. યોગમાં સમાધિ એ અષ્ટાંગ (આઠ પ્રકારની દૈહિક ક્રિયાઓ)ની પૂર્ણ અવસ્થા છે. ઈશ્વરના સંદર્ભમાં જે વિચારભાવ આપણે સામાન્ય રીતે ધરાવીએ છીએ તે કરતાં પતંજલિની સંકલ્પના બહુ ભિન્ન છે.

## ખ્રિસ્તી અનુભૂતિ

ખ્રિસ્તી વ્યક્તિને માટે મોક્ષ અનુભૂતિનો અર્થ, તેને પોતાનું પરમેશ્વરની સમક્ષતામાં સ્વીકૃતિ પામ્યાનું આંતરિક જ્ઞાન, તેને બધાં પાપોની માફી, પાપની ગુલામીના બંધનમાંથી છુટકારો, અંતરની શાંતિ અને આનંદ તેમ જ પ્રભુ ઈસુ ખ્રિસ્તના જીવનના ભાગરૂપ બની તેમાં ટકી રહેવાની ભાવના, એવો થાય છે. આ આત્માપ્રેરિત જ્ઞાન, તેનો જીવંત ખ્રિસ્ત સાથે અચાનક ભેટો થઈ જવાને પરિણામે અથવા બાલ્યાવસ્થા દરમિયાન, ભાવિક ખ્રિસ્તી કુટુંબ જેવા

વાતાવરણમાં ઉછેર પામતાં, ઈન્દ્રિયજ્ઞાન દ્વારા સમજ મેળવ્યા સિવાય તેને પ્રાપ્ત થાય. છતાં, ગમે તે સ્થિતિમાં, તે ખાતરીપૂર્વક જાણે છે કે તેને તે પ્રાપ્ત થયું છે. તે પોતાના પ્રભુની સાથે રોજબરોજની સંગતમાં તેનો અનુભવ કરે છે; તેના વ્યક્તિત્વમાં વાસો કરતા પવિત્ર આત્માના ભરપૂરીપણા અને સામર્થ્ય દ્વારા તે જાણે છે, તથા પોતાની દૈનિક ઉપાસના અને પ્રાર્થનાની મધ્યે તે તેને ઓળખે છે. ખ્રિસ્તી વ્યક્તિ માટે તે મોક્ષનો અનુભવ આ મુજબ છે :

"જો પુત્ર (ઈસુ ખ્રિસ્ત) તમને સ્વતંત્ર કરે તો તમે ખરેખર સ્વતંત્ર થશો" (યોહાન ૮:૩૬).

તે ઈશ્વરના રાજ્યના અનંત પરિમાણમાં પ્રવેશ તેમ જ પરમાત્મા તથા જીવાત્મા વચ્ચે એકતાનો વ્યવહાર અને સહભાગીદારીનો અનુભવ છે :

"ખ્રિસ્તી ધર્મ મૂળભૂત રીતે આત્મિક અનુભૂતિ બીજાઓને પહોંચાડવાની પ્રવૃત્તિ છે : જે અનુભૂતિ સર્વશ્રેષ્ઠ પરમ પુરુષ ઈસુ ખ્રિસ્તે પરમેશ્વર પિતા તરફથી મેળવી, તે તેમણે પોતાના પ્રેરિતોને પહોંચાડી; અને એ જ અનુભૂતિ પ્રેરિતોએ માનવ-દેહધારી પરમેશ્વર, જગતના ઉદ્ધારનાર પ્રભુ ઈસુ પાસેથી પ્રાપ્ત કરી, જેમણે પોતાના જીવન-મૃત્યુ-પુનરુત્થાનની મારફતે સર્વ વિશ્વાસીઓને પોતાના પિતાના જીવન અને મહિમાના ભાગીદાર બનાવ્યા."

(મા. અભિષિકતાનંદના પુસ્તક "સચ્ચિદાનંદ"ના ઉપોદ્‌ઘાતનો ભાગ)

ખ્રિસ્તી મોક્ષ-અનુભૂતિ એ જ ખ્રિસ્ત-અનુભૂતિ છે :

"ખ્રિસ્તની સાથે તેમના ક્રૂસ પર મને પણ મારી નાખવામાં આવ્યો હતો, તેથી હવેથી હું જીવતો નથી, પણ ખ્રિસ્ત મારામાં જીવે છે. હાલ જે જીવન હું જીવું છું તે ઈશ્વરપુત્ર પર વિશ્વાસ કરવા દ્વારા જ

જીવું છું; તેમણે મારા પર પ્રેમ કર્યો અને મારા માટે પોતાનું જીવન અર્પી દીધું."

(સંત પાઉલ, ગલાતી ૨ : ૨૦).

ખ્રિસ્તી સમાધિ કોઈપણ રીતે જીવાત્માનું વિસર્જન નથી; તે તો ખ્રિસ્તમાં જીવાત્માની પરિપૂર્ણતા છે. બાઈબલમાં તેને અનેકવિધ રૂપોમાં વ્યક્ત કરવામાં આવેલ છે; જેમ કે વૃક્ષમાં વસીને રહેનાર ડાળી (યોહાન ૧૫:૫), અથવા પરસ્પર એક સમાન બની ઝૂંસરીમાં જોડાવું (માથ્થી ૧૧:૨૯), અથવા પુત્ર ઈસુ ખ્રિસ્ત અને પવિત્ર આત્મા દ્વારા પરમેશ્વર પિતામાં એક થઈ જવું (યોહાન ૧૭મો અધ્યાય, ઈત્યાદિ). ખ્રિસ્તી સમાધિ કોઈ નકારાત્મક જીવનસ્થિતિ નથી પણ "ભરપૂર જીવન" છે (યોહાન ૧૦:૧૦). સમાધિ જગતમાંથી છટકી જવાની છટકબારી નથી, પણ ખ્રિસ્ત દ્વારા પરમેશ્વરની નવી સૃષ્ટિમાં ભાગીદારી છે.

ખ્રિસ્તી વ્યક્તિને માટે મોક્ષ અનુભૂતિની તુલના કંઈક અંશે અદ્વૈતવાદીઓની જીવન-મુક્ત જીવાવસ્થાની માન્યતા સાથે થઈ શકે છે; જેમાં તેને આ અનુભૂતિ આ જીવનમાં જ મળી જાય છે; જો કે તે વ્યક્તિ પ્રારબ્ધ વ્યવહાર (પોતાના દેહમાં પતિત પાપ સ્વભાવનો વારસો)નાં લક્ષણો જ્યાં સુધી તેનું શરીર સદાના વિશ્રામને માટે માટીમાં સૂઈ જતું નથી ત્યાં સુધી ધારણ કરે છે. સરખાવો નાદબિંદુ ઉપનિષદ ૨૨, અને અવધૂત ઉપનિષદ ૨૧.

## અનુભૂતિની પ્રાપ્યતા

જ્યારે બાઈબલ અને વેદાંત અનુભૂતિના મહત્ત્વ અથવા પરમેશ્વરના અંગત જ્ઞાનની આવશ્યકતા માટે આટલો બધો આગ્રહ સેવે છે, ત્યારે હિંદુ તથા ખ્રિસ્તી, બંને ધર્મ પાળનાર મોટા ભાગના

લોકો સાક્ષાત્કાર અંગે અજાણ છે એ અત્યંત ખેદજનક છે. કેન્ટરબરીના તત્કાલીન આર્ચબિશપ ડો. ડોનાલ્ડ કોગને પત્રકારોને એક મુલાકાતમાં કહ્યું હતું : "ઍંગ્લિકન સંપ્રદાયમાં અને બીજાં બધાં ખ્રિસ્તી ચર્ચોમાં બહુ મોટી સંખ્યામાં નામધારી ખ્રિસ્તીઓ છે અને તેઓ એક મોટી સમસ્યારૂપ બન્યા છે." ('Christianity Today,' જુલાઈ ૧૮, ૧૯૭૫માંનો અહેવાલ)

ઈંલેન્ડમાં આર્ચબિશપે આયોગ દ્વારા થોડાં વરસો પહેલાં ચર્ચને રજૂ કરવામાં આવેલ એક બીજા અહેવાલમાં, અન્ય વાતોની સાથે આ પણ જણાવેલું કે, "ઈસુ ખ્રિસ્તની સાથે અંગત અનુભવ પ્રાપ્ત કરવાની જરૂરિયાતની દૃષ્ટિએ, ચર્ચના મોટા ભાગના લોકોએ પણ નવો જન્મ મેળવવાની આવશ્યકતા છે."

(Towards the Conversion of England)

રોમન કેથલિક ચેરીસ્મેટિક આંદોલનના નેતાઓએ અમેરિકામાં પોતાના ચર્ચના આગેવાનોને ચેતવ્યા હતા કે રાષ્ટ્રના ૪૯ લાખ કેથલિકોમાં લાખો એવા પણ છે, "જેમનો કેથલિકવાદ માત્ર નામધારી અથવા સાંસ્કૃતિક છે." તેઓએ આગળ ટીકા કરી કે તેઓ "જળ-સંસ્કાર પામેલા વિધર્મી" જેવા છે.

(The Herald, કલકત્તા, ડિસેમ્બર ૨, ૧૯૭૭)

ડો. વાન્સ હાવનરે ટીકા કરેલી : "તમે સાક્ષાત્કાર કે અનુભૂતિનું મહત્ત્વ ઓછું આંકીને લાગણીશીલતાનાં ભયસ્થાનોની ચર્ચા તો કરી શકો, પણ આજે આપણે ખ્રિસ્તી સમાજમાં એક એવા વર્ગથી પીડાઈએ છીએ જે ધૂળ જેવો શુષ્ક, બરફ જેવો ઠંડો, શબ જેવો નિસ્તેજ અને તૂત રાજા જેવો મૃતક છે."

(પૂરો ન્યાય આપવાની દૃષ્ટિએ, આમ છતાં મારે સાક્ષી આપવી જોઈએ કે ભારતના પ્રત્યેક શહેરમાં હું એવા થોડા ખ્રિસ્તી વિશ્વાસીઓથી પરિચિત છું, જેઓ પ્રભુ ઈસુને વ્યક્તિગત રીતે ઓળખે છે અને ગમે તેવી પરિસ્થિતિમાં હોય, છતાં પરમેશ્વરની શાંતિ તથા આનંદની આશિષોથી ભરપૂર હોય છે. આવા લોકો ખ્રિસ્તી કલીસિયાના પ્રત્યેક સંપ્રદાયમાં જોવા મળે છે, પછી એનું નામ ગમે તે હોય).

હિંદુ વ્યક્તિ કપરી અગમ્ય મૂંઝવણ અનુભવી રહી છે. લગભગ છેલ્લાં ચાર હજાર વરસોથી તે શાંતિ, आनंद અને શાશ્વત જીવનની શોધમાં લાગેલો છે. જરા આપના કોઈ મિત્રને પૂછો કે શું તેણે આ આશિષો પ્રાપ્ત કર્યા છે? શક્ય છે કે તેનો સાદો જવાબ એ જ મળશે કે તે હજી પણ શોધી જ રહ્યો છે!

થોડાં વરસો ઉપર હું મહારાષ્ટ્રના ધુળિયા શહેરમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તના શુભ સંદેશનો ઉપદેશ કરી રહ્યો હતો. બીજા દિવસે બપોર પછી એક પ્રિય હિંદુ વયોવૃદ્ધ મિત્ર મારા નિવાસસ્થાને મૈત્રીપૂર્ણ વાર્તાલાપ માટે પધાર્યા. આગલી સાંજના મારા સુસમાચાર સંદેશ માટે અભિનંદન આપ્યા બાદ, તેમણે સ્વેચ્છાએ ખાતરીપૂર્વક જણાવ્યું તે જે અનુભૂતિની ચર્ચા હું કરતો હતો તે તેમને પણ પ્રાપ્ત થયેલ છે. કોઈ વ્યક્તિની સાક્ષી અથવા ખાતરીપૂર્વકનું કથન પવિત્ર અને સ્વપ્રમાણિત હોય છે એવું માનીને મેં આ અંગે મારી પ્રસન્નતા પ્રગટ કરી. આમ છતાં થોડી જ વારમાં અમારા રસપ્રદ વાર્તાલાપ દરમિયાન આ મિત્રે એમ કહીને કે તેમનો જન્માંતર હજી પૂરો થયો નથી, પોતે જ પોતાને ઉઘાડા પાડયા. હું આથી બહુ નિરાશ થયો, કારણ કે બાઈબલ તથા ઉપનિષદો, બંને

અનુસાર પરમેશ્વરની અનુભૂતિ એ પાપના શાપનો અંત છે. હિંદુ ધર્મમાં જન્માંતર (પુનર્જન્મ) અને મોક્ષ એ બંને પરસ્પર વિરોધી છે. જ્યારે મેં નમ્રતાપૂર્વક મારા મિત્રનું આ પ્રત્યે ધ્યાન દોર્યું ત્યારે તેઓ તુરત એ સમજી ગયા તથા વિશ્વાસપૂર્વક કહેવા લાગ્યા કે જન્માંતર પણ કોઈ વખત તો દૂર થઈ જશે. તે જ રાત્રે સત્સંગને અંતે પેલા મિત્ર બેઠકના પગથિયા તરફ ધસી આવ્યા અને મને પ્રેમપૂર્વક જોરથી ભેટી પડયા. (પ્રત્યેક સત્સંગના અંતે અમે કેવળ મિત્રગણ પાછળ મૂકી આવીએ છીએ !)

વધારામાં એક બીજી વાત કદાચ મારા દષ્ટિકોણને સ્પષ્ટ કરી શકે. ઉત્તર પ્રદેશના એક શહેરમાં અમારી સત્સંગ શ્રેણીના દિવસો દરમ્યાન, હું થોડાં પુસ્તકો ખરીદવા માટે સમય કાઢીને એક પ્રખ્યાત પ્રકાશન કેન્દ્ર પર ગયો. તે હિંદુ સંસ્થા પર પહોંચીને મને અત્યંત આનંદ થયો તથા મેં ત્યાં ગલ્લા પર બેઠેલા વિદ્વાન ભાઈને મારો હર્ષ પ્રદર્શિત કર્યો. પણ તે ભાઈએ પૂછ્યું, “જો આપ ખ્રિસ્તી છો, તો શા માટે આ પુસ્તકો ખરીદી રહ્યા છો ?” “એ માટે કે મને બીજાં ધર્મપુસ્તકોમાં પ્રગટ થયેલ વિચારોના દષ્ટિકોણ અંગે વાંચવાનું ગમે છે અને ઘણી વાર તે મદદરૂપ બને છે”, મેં ઉત્તર આપ્યો. “તો પછી આપ ખ્રિસ્તી શા માટે છો ?” બીજો પ્રશ્ન પુછાયો. મેં નમ્રતાપૂર્વક ઉત્તર આપ્યો કે “હું ખ્રિસ્તી છું, કારણ કે પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં મને તારણનો અનુભવ થયો.” મારા મિત્ર તરફથી ફરી ટીકા થઈ: “તેવો અનુભવ તો આ પુસ્તકોમાંથી પણ આપ મેળવી શકત !” પ્રશ્ન વધુ અને વધુ અંગત અને નિષ્કપટ બનતો હતો. મેં જવાબ આપ્યો: “ભાઈ, આ એક મોટું શહેર છે. આપ જરા બહાર જઈને કોઈને પૂછો કે તેણે મોક્ષનો અનુભવ કર્યો છે? કદાચ એવો અનુભવ કરેલ કોઈ માણસ તમને નહિ

મળે. તે જ કારણથી હું પ્રભુ ઈસુનો શિષ્ય છું." મારા માનનીય મિત્ર પછી શાંત રહ્યા. મારાં પુસ્તકો એકઠાં કરીને, મેં વિનયપૂર્વક તેમની રજા લીધી. તેમણે બહુ જ માયાળુ ભાવથી તેમના એક સહાયકને આખું મુદ્રણાલય બતાવવા મારી સાથે મોકલી આપ્યો. આ આપણું ભારત છે ! પ્રભુ ઈસુના નામમાં, આવું માયાળુ વર્તન જે અહીં તહીં મારી યાત્રા દરમિયાન મને પ્રાપ્ત થાય છે, તેથી હું કૃતજ્ઞતાની ઘેરી લાગણી અનુભવું છું.

હા, એ સત્ય છે કે પ્રભુ ખ્રિસ્તમાં મેં મારા પાપગ્રસ્ત આત્માનો ઉદ્ધાર પ્રાપ્ત કર્યો છે માટે હું ખ્રિસ્તી છું. બીજી કોઈપણ બાબતને લીધે નહિ. મારી માતૃભૂમિના જીવન અને તેની સાદાઈને હું ચાહું છું તેમ જ હું એક ભારતીય છું તેનો મને ગર્વ છે.

મુદ્દાની વાતથી વિષયાંતર કરવા બદલ મને ક્ષમા કરશો. આપણે કહી રહ્યા હતા કે હિંદુ તેમ જ ખ્રિસ્તી બંને ધર્મોના મોટા ભાગના અનુયાયીઓ અનુભૂતિ વિષે અજાણ છે. આ વિષયમાં વેદાંત તો એક મોટી મૂંઝવણમાં પડી ગયું છે. એક તરફ તો તે સ્વીકારે છે કે મુક્તિની આવશ્યક્તા સૌથી વધુ તાકીદની છે અને વર્તમાન જીવનકાળમાં જ મોક્ષ પ્રાપ્ત કરી લેવો જોઈએ. નીચેનો નમૂનો તપાસો:

अत्र ब्रह्म समश्नुते

(બૃહદારણ્યક ઉપનિષદ ૪:૪:૭)

બ્રહ્માની પ્રાપ્તિ અહીં જ (આ જીવનમાં) થાય છે.

કઠોપનિષદ (૨:૩:૪) સાવચેત કરાવે છે કે, "જો માણસ મૃત્યુ પામે તે પહેલાં બ્રહ્મ (પરમાત્મા) પ્રાપ્ત કરવામાં સફળ ન

થઈ શકે તો અનેક યુગો સુધી નિમ્ન યોનિઓમાં શરીર ધારણ કરવું પડે છે."

ઈશા ઉપનિષદ (મંત્ર ૩) જણાવે છે: "અસુરોનાં નાના પ્રકારનાં નરક લોક છે અને તે બધાં અજ્ઞાન અને અંધકારથી ઢંકાયેલાં છે. પોતાની આત્મહત્યા કરનાર જેવા અજ્ઞાનીઓ મૃત્યુ બાદ આવા નરક લોકમાં વારંવાર જાય છે."

શ્રીમદ ભાગવત કહે છે: मानुषं लोकं मुक्तिद्वारं એટલે આ મનુષ્ય-લોક મુક્તિનું દ્વાર છે.

ઉપરોક્ત નોંધેલા બધા ઉતારાઓ પૂરતા પ્રમાણમાં શિખામણ આપે છે કે મનુષ્યે કેવળ પોતાના આ જીવનમાં જ ઉદ્ધાર પ્રાપ્ત કરી લેવો જોઈએ. આમ છતાં જ્યારે આપણે વાસ્તવિક્તા પર નજર કરીએ તો ઈશ્વરની અનુભૂતિ ક્યાંય પણ દેખાતી નથી. આ સ્થિતિ ધ્યાનમાં લઈ, અદ્વૈતવાદી વિદ્વાને સમસ્યાની ગંભીરતાનું વિવરણ કર્યું છે:

> "બધાં પ્રાણીઓમાં માનવજન્મ અને તે પણ વિશેષ રૂપે નરદેહમાં પ્રાપ્ત કરવો મુશ્કેલ છે. બ્રાહ્મણ તરીકે જન્મ પામવો એ વિરલ છે; છતાં વૈદિક ધર્મ પાળનારે ત્યાં જન્મ પામવો એ તેનાથી વધુ વિરલ છે. જે આત્મા અને પરમાત્મા વચ્ચેનો ભેદ પારખી શકે એવી વ્યક્તિ તરીકે જન્મ પામવો એ તેનાથી ઉચ્ચતર છે..."
>
> (વિવેક ચૂડામણિ ૨)

આદિ શંકરાચાર્યને સંબંધિત એક વાર્તા છે. કોઈ એક વ્યક્તિ આચાર્યશ્રીની પાસે મુક્તિ પ્રાપ્ત કરવાનો માર્ગ જાણવા માટે ગઈ. ગુરુએ કહ્યું: "જેણે પરમેશ્વરને પ્રાપ્ત કરવા છે, તેની પાસે એવા મનુષ્ય જેટલી ધીરજ હોવી જોઈએ કે જે સાગરકિનારે બેસીને,

રેતીમાં એક ખાડો ખોદે અને તરણા દ્વારા સમુદ્રના જળનાં ટીપાં કાઢી કાઢીને પોતાના ખોદેલા ખાડામાં ટપકાવે. જ્યારે તે સાગરનું પૂરેપૂરું પાણી આ રીતે તે ખાડામાં ભરી દેશે ત્યારે તેને મોક્ષ મળી જશે."

કોઈ આવા જ પ્રકારની વાર્તા બોદ્ધ ધર્મમાં પણ કહેલી છે. માનવદેહમાં જન્મ લેવાની તકો (નિર્વાણને માટે પ્રથમ આવશ્યક્તા) એક વિશાળ મહાસાગર સમાન છે. રાત્રિ ઘોર અંધકારમય છે, અને એક આંધળો કાચબો તેના પર તરી રહ્યો છે. મહાસાગરનાં તોફાની મોજાં પર ક્યાંય દૂર લાકડાની બનેલી બળદો જોડવાની ધૂંસરી તરી રહી છે. જેમ કાચબો એના સદ્ભાગ્યે ધૂંસરીને શોધી કાઢે અને પોતાની ગરદન તેની નીચે રાખીને ધૂંસરીએ જોડાઈ જાય તેમ માનવદેહમાં જન્મ લઈ નિર્વાણ એટલે કે મોક્ષ પ્રાપ્ત કરવાની તક રહેશે.

આ વાર્તાઓનો સાર આપમેળે જ સ્પષ્ટ થાય છે. શું ક્યાંય મોક્ષ દષ્ટિગોચર થાય છે? અનુભૂતિ જાણે કે આપણાથી અલોપ થવા માગતી લાગે છે. તેની શોધ નિરંતર ચાલુ રહે છે. પણ ક્યાં સુધી? ક્યાં સુધી?

## એકમાત્ર શુભ સમાચાર

આવી ઘડીમાં આશાનો સંદેશ પહોંચાડવાનું પ્રત્યેક ખ્રિસ્તી માટે નિર્મિત થયેલું છે. માત્ર ખ્રિસ્ત ઈસુ, પરમેશ્વરના અનુગ્રહ, અને માવનજાતના મોક્ષ માટે પરમેશ્વરે અર્પેલ માર્ગ છે. તે પરમેશ્વરના સદેહ પૂર્ણાવતાર છે. કેવળ તેઓ જ ખોવાયેલાંઓને શોધી કાઢવા અને તેમનો ઉદ્ધાર કરવા દેહધારી થયા. આ જગતનાં પાપોમાંથી છુટકારો અપાવવા કેવળ તેમણે આપણા બદલે ઘોર

પીડા સહન કરી અને એ માટે ફરીથી ઉત્થાન પામ્યા તથા આપણા મોક્ષને માટે દોષમુક્તિ અર્થે સદા જીવંત છે. આ જ કારણે પ્રભુ ઈસુ કહ્યા કરતા હતા અને હજી પણ કહે છે: अहमेव पन्थाः सत्यञ्च जीवनञ्च" માર્ગ, સત્ય અને જીવન હું છું. મારા સિવાય પિતા પાસે જવાનો બીજો કોઈ માર્ગ નથી." (યોહાન ૧૪:૬). એ માટે તેઓ આજ પણ પોકારે છે: "ઓ સખત મજૂરી કરનારાઓ અને બોજ ઊંચકનારાઓ, તમે બધા મારી પાસે આવો, અને હું તમને આરામ આપીશ" (માથ્થી ૧૧:૨૮).

બીજી બાજુ, મોક્ષની ઇચ્છા ધરાવનારને માટે એ આવશ્યક છે કે તેનામાં દઢ ઇચ્છા-શક્તિ તથા મોક્ષ માટે નિશ્ચિત ભૂખ અને તરસ પણ હોય. આના સંદર્ભમાં પવિત્ર બાઇબલની એક કલમ જે હું માત્ર આ પાછલાં વરસોમાં સમજી શક્યો છું:

> "યોહાને તેનો સંદેશ પ્રગટ કરવાની શરૂઆત કરી ત્યારથી આજ સુધી આકાશના રાજ પર ઘણા ક્રૂર હુમલાઓ (બળજબરી) થયા છે અને ઘાતકી માણસો તેને કબજે કરવા પ્રયત્ન કરે છે" (માથ્થી ૧૧:૧૨).

હું પોતે પોતાની જાતને પૂછ્યા કરતો હતો કે હિંસા અને બળજબરીને મોક્ષ સાથે શી લેવા-દેવા હોય? પણ એક દિવસ મને ઉપનિષદમાંથી આ મંત્ર મળ્યો, જે મોટે ભાગે આ જ ભાવ પ્રગટ કરી રહ્યો છે: नायामात्मा बल्हीनेन लभ्यो ઇત્યાદિ (મુંડક ઉપનિષદ ૩:૨:૪).

હું આ કારણે ફરીથી મોટી મૂંઝવણમાં પડી ગયો. શું મોક્ષ કેવળ કદાવર તથા બળવાન લોકોને માટે જ ઉપલબ્ધ છે? ત્યાર પછી એક વખત મને એ સત્યનું ભાન થયું કે આ બંને ગ્રંથના

પાઠ કેવળ આધ્યાત્મિક શક્તિ અને આત્મિક સામર્થ્ય સાથે સંબંધ ધરાવે છે. જેની પાસે વિશ્વાસં કરવાની પૂર્ણ શ્રદ્ધા, તેમજ શાશ્વત માર્ગ બતાવવામાં આવે ત્યારે તે ગ્રહણ કરવાની હિંમત હોય, તે વ્યક્તિ જ, પરમેશ્વરની અનુભૂતિ પ્રાપ્ત કરી શકે છે ! તો હે પિતા પરમેશ્વર, અમારી સહાય કરો !

શાન્તિ !

# ૪

# વેદોમાં પ્રભુ ખ્રિસ્તનું દર્શન

"ધાર્મિક સત્ય તો પ્લેટો તથા ઉપનિષદોમાં પ્રાપ્ત થાય છે. તેનું શ્રેષ્ઠ મૂર્તસ્વરૂપ પ્રભુ ઈસુના જીવનમાં છે."

ઉપર મુજબ, આપણા ભારત દેશના મહાન વિદ્વાન દાર્શનિક ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણને પોતાના પુસ્તક, 'The Idealist view of Life' માં અભ્યાસપૂર્ણ અભિપ્રાય વ્યક્ત કર્યો છે.

આખા દેશમાં મારી યાત્રાઓ દરમિયાન મેં નિરીક્ષણ કર્યું છે કે આપણા દેશવાસીઓને પ્રભુ ઈસુ પ્રત્યે વિશેષ રૂપથી આકર્ષણ છે. એક એવો સમય હતો કે જ્યારે અહીં ઈસુને વિદેશી ઈશ્વર સમજવામાં આવતા હતા, પણ હવે વિચારવંત લોક એવો અનુભવ કરતા થયા છે કે પોતાની જ સૃષ્ટિમાં પરમેશ્વર વિદેશી કેવી રીતે હોઈ શકે? પરમેશ્વરનાં વિવિધ દાનો - જેમ કે સૂર્ય, ચંદ્ર, તારકગણ, હવા, પાણી ઇત્યાદિ કોઈ એક રાષ્ટ્રનાં ન હોઈ શકે; પણ સૌની માલિકીના છે. તે જ પ્રમાણે પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે જેમનામાં સર્વશક્તિમાન પરમેશ્વરની પરિપૂર્ણતા વાસો કરે છે. જો કે તેઓ ઇઝરાયલ દેશના એક નાના ગામમાં જન્મ પામ્યા, તોપણ તેઓ દરેકની સાથે સંબંધ ધરાવે છે. તેઓ ભારતવર્ષમાં યુરોપ યા એશિયાના માર્ગોથી નહિ, પણ આકાશમાંના પરમેશ્વર બાપના હૃદયસ્થાનેથી સીધા પ્રવેશ કરે છે. પ્રભુ ઈસુના જન્મની સદીઓ પૂર્વે ભારતીય વિચારદર્શન છેક ગ્રીસ દેશ સુધી પહોંચી ગયું હતું.

આર્યભૂમિની શોધકવૃત્તિ અને જ્ઞાનપિપાસાથી જાગૃત હોઈને પ્રભુએ કહ્યું હતું:

> "હું ઉત્તમ ઘેટાંપાળક છું. જેમ પિતા મને ઓળખે છે અને હું પિતાને ઓળખું છું તેમ હું મારાં ઘેટાંને ઓળખું છું અને તેઓ મને ઓળખે છે અને હું તેમને માટે મારું જીવન અર્પું છું. વળી મારાં બીજાં ઘેટાં પણ છે, જે અત્યારે આ વાડામાં નથી. તેમને પણ મારે વાડામાં લાવવાં જ જોઈએ. તેઓ પણ મારો સાદ સાંભળશે" (યોહાન ૧૦ : ૧૪-૧૬)

પ્રભુ ઈસુ પ્રત્યેનું આકર્ષણ આપણાં સમાચારપત્રો અને સામાયિકોમાં પ્રતિ વર્ષે ધ્યાનપ્રેરક હોય છે. કોઈ લખે છે કે ખ્રિસ્ત ઈસુ વારાણસીમાં સંન્યાસીઓ મધ્યે રહ્યા હતા. બીજા કોઈ લખશે કે ઈસુ તો કાશ્મીરમાં પહલગામના રહેવાસી હતા. 'પહલ' નો અર્થ 'ચરો' કે 'બીડ' જેવો મનાય છે, અને ઈસુના નામ પરથી આ નામ પડયું એમ કહેવાય છે. કારણ તેઓ એક સારા ચરાવનાર કે ઘેટાંપાળક હોઈ પોતાનાં ઘેટાંની સાથે અહીં આવ્યા હતા. વળી બીજા એક લખે છે કે ઈસુ લ્હાસા-તિબેટની રાજધાનીમાં રહ્યા અને પાલિ ભાષા, જે સંસ્કૃતને મળતી આવે છે તેમાં લેખનકાર્ય કર્યું. મારા માટે સારી પેઠે રમૂજ પ્રેરનાર વાત એક વાર ટ્રેનમાં મારા સાથી મુસાફરે સંભળાવી કે ઈસુ, તક્ષશિલા, જે હાલ પાકિસ્તાનમાં છે ત્યાં રહેતા હતા ! જો કે આવી કલ્પનાઓમાં કોઈ સત્ય છે નહિ, તોપણ ઈસુના પ્રત્યે એ બધો મૈત્રીભાવ તો દર્શાવે છે.

જો કોઈ ખ્રિસ્ત અને વેદાંતનો ઊંડો અભ્યાસ કરશે તો જરૂર તારવી શકશે કે બંને એકબીજાને માટે બનાવેલ હતાં. પરિપ્રાપ્તિ અન્વેષણની પૂરક છે, અવરોધક નથી. આ પ્રકરણમાં

આપણે આપણી ભારતીય દષ્ટિથી, પ્રભુ ઈસુ ખ્રિસ્તનું સંતોષકારક દર્શન કરીશું.

## ૧. ખ્રિસ્ત ઈસુ : શાશ્વત શબ્દ અને સરજનહાર

પવિત્ર બાઈબલ અને વેદાંત ગ્રંથ, બંને પરમેશ્વરને શબ્દ તરીકે સંબોધે છે, જે સૃષ્ટિના સર્જક પણ છે. પ્રભુ ઈસુનો ઉલ્લેખ કરતાં યોહાનની સુવાર્તા ૧:૧,૩ દર્શાવે છે:

> "સૃષ્ટિના આરંભ પહેલાં શબ્દનું અસ્તિત્વ હતું. તે ઈશ્વરની સાથે હતો, અને જે ઈશ્વર હતા તે જ તે હતો... તેના દ્વારા જ ઈશ્વરે બધાનું સર્જન કર્યું, અને તે સર્જનમાંની કોઈપણ વસ્તુ તેના સિવાય બનાવવામાં આવી ન હતી" (સરખાવો કલોસી ૧:૧૬-૧૭).

અદશ્ય પરમેશ્વર તેમના શબ્દ, ખ્રિસ્ત દ્વારા જગતમાં પ્રગટ થયા.

वागू वै ब्रह्म

શબ્દ બ્રહ્મ (પરમેશ્વર) છે-

(બૃહદારણ્યક ઉપનિષદ ૧:૩:૨૧, ૪:૧:૨)

शब्दोब्रह्म

શબ્દ બ્રહ્મ (પરમેશ્વર) છે (બ્રહ્મબિંદુ ઉપનિષદ ૧૭)

शब्दाक्षरं परं ब्रह्म

શબ્દ અક્ષર (અવિનાશી) અને પરં બ્રહ્મ (સંપૂર્ણ પરમેશ્વર) છે. — (બ્રહ્મબિંદુ ઉપનિષદ ૧૬)

ઋગ્વેદ ૧૦:૧૨૫ના वाकू અથવા वाग આ બ્રહ્માંડ કે સૃષ્ટિનું સર્જન કરનાર તત્ત્વ છે.

## ૨. નિષ્પાપ વ્યક્તિ

વિશ્વના ચાર પ્રમુખ ધર્મો ઈસુ ખ્રિસ્ત નિષ્પાપ છે એવી સ્પષ્ટ સાક્ષી આપે છે. ('ખ્રિસ્ત' મૂળભૂત રીતે એક ઈલકાબ છે જેનો અર્થ 'અભિષિક્ત' અથવા 'મસીહ' છે.)

યહૂદી ધર્મગ્રંથો જે જૂનો કરાર કહેવાય છે, તેમાં ખ્રિસ્તનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે, એ કે જેનામાં કોઈ કપટ ન હતું (યશાયાહ ૫૩:૯), જે કુમારી દ્વારા જન્મ લેશે (સેપ્ટયૂઆજિન્ટ - Septuagint - યશાયાહ ૭:૧૪), જે 'ઈમાનુએલ' કહેવાશે એટલે કે 'પરમેશ્વર આપણી સાથે'. ઈસ્લામ, પોતાના ધર્મગ્રંથ કુરાન શરીફના 'સુરાએ-મરિયમ'માં પ્રભુ ઈસુ અને તેમની કુંવારી માતા મરિયમના નિષ્પાપ તેમ જ પરમ પવિત્ર હોવાની જાહેરાત કરે છે. હિંદુઓના પ્રમુખ પુરાણોમાં એક ભવિષ્ય પુરાણ (સંભવિત રચનાકાળ સાતમી શતાબ્દી ઈસ્વીસન) કહેવાય છે. આ સંસ્કૃતના પ્રતિસર્ગ પર્વ, ભારતખંડમાં પ્રભુ ઈસુનું વર્ણન એકથી વધુ પૃષ્ઠમાં કરવામાં આવ્યું છે. તેમાં એક ભારતીય સમ્રાટ શાલિવાહનની રસિક કથાનું વર્ણન છે, જેણે પોતાના રાજ્યની બહાર, સિંધુ નદીની પાર, કેટલાક નિશ્ચિત 'મલેચ્છ'* દેશોની મુલાકાત લેવાના હેતુથી, ખાસ કરીને હૂણ દેશ, જેને પેલેસ્ટાઈન પણ કહેવાય છે, તેની એક વાર યાત્રા કરી. પોતાની સહજ ભારતીય વૃત્તિ અનુસાર, સમ્રાટ એ પ્રદેશના એક નજીકના પહાડ પર બિરાજેલા એક તપસ્વી પ્રત્યે આકર્ષિત થયા. તપસ્વીને તેમના નામ અંગે પૂછતાં, તેમને પ્રત્યુત્તર મળ્યો: ईशा मसीह इति च मम नाम प्रतिष्ठितम् । (હું ઈસુ ખ્રિસ્ત તરીકે જાણીતો છું). તે અહેવાલ ઈસુને गौरांग (ગોરા રંગવાળા), श्वेतवस्त्रकम् (સફેદ વસ્ત્રમાં સજ્જ), बलवान राजा (શક્તિશાળી

---

* મલેચ્છ, અથવા ભૂંડું કરવા ટેવાયેલા.

રાજવી), पुरुषं शुभम् (નિષ્કલંક પુરુષ), ईशपुत्रं (પરમેશ્વરના પુત્ર) તથા कुमारीगर्भसंभवम् (કુંવારીના ગર્ભથી જન્મેલ) તરીકે પ્રગટ કરે છે. તે તપસ્વીએ સમ્રાટ શાલિવાહનને ઉપદેશ આપ્યો કે પરમેશ્વરની ઉપાસના પ્રામાણિક્તા, સત્ય તથા મનની શુદ્ધ એકનિષ્ઠાથી કરવી જોઈએ!

અલબત્ત, સુવાર્તાઓ પ્રભુ ઈસુના જન્મનું મૌલિક અને ઐતિહાસિક વૃત્તાંત આપે છે. તે પવિત્ર આત્માના અલૌકિક પરાક્રમ દ્વારા મરિયમ કુંવારીના પેટે જન્મ્યા. તેમનું નામ ઈસુ પાડવામાં આવ્યું. આ નામનો અર્થ 'તે પોતાના લોકોને તેમનાં પાપમાંથી તારશે,' એવો થાય છે.

પ્રભુ ઈસુએ સંપૂર્ણ અધિકારથી પોતાની ઉત્પત્તિ અંગે દાવો કર્યો હતો. "આકાશમાંથી ઊતરી આવેલી રોટલી હું છું"; એ તેમણે પોતાના બલિદાન ચઢાવવા પવિત્ર શરીર (यज्ञशरीरं) વિષે કહ્યું હતું. "તમારામાંનો કોણ મારા પર પાપ પુરવાર કરી શકે તેમ છે?" તેમણે પોતાના પર દોષનો આરોપ મૂકનારાઓને પ્રશ્ન પૂછ્યો, (યોહાન ૮:૪૬). ઈસુના ક્રૂસારોહણના દિવસે, ઈસુ નિષ્કલંક હોવાના પુરાવા વિષેની ઘણી વણમાગી સાક્ષીઓનો ઉલ્લેખ સુવાર્તાના લેખકોએ કર્યો છે તે કેવળ યોગાનુયોગ નથી. રાજ્યપાલ પિલાતે ત્રણ વખત લોકસમુદાય સમક્ષ જાહેર કર્યું કે, "હું તેમનામાં કોઈ દોષ જોતો નથી." પિલાતની પત્નીએ પોતે રાજ્યપાલને એક સંદેશો મોકલી વિનંતી કરી કે "એ નિર્દોષને તું કંઈ સજા કરીશ નહિ" (માથ્થી ૨૭:૧૯). ઈસુને દગાથી પકડાવનાર યહૂદા ઈસ્કારીઓત પશ્ચાત્તાપ સહિત કબૂલે છે કે "એક નિર્દોષને દગાથી મોતને સ્વાધીન કરીને મેં પાપ કર્યું છે" (માથ્થી ૨૭:૪). જેમને મન મારી નાખવું તે રમત વાત હતી

તેવા નિર્દય રૂમી સૈનિકોનો સૂબેદાર, ધરતી ધ્રૂજતી, ખડકો ફાટતા, કબરો ઊઘડતી અને સમગ્ર દેશ પર અંધકાર છવાયેલો જોતાં, ક્રૂસારોહણ સમયે પોકારી ઊઠયો કે, "ખરેખર, તે ઈશ્વરનો પુત્ર હતો" માથ્થી ૨૭:૫૪; લૂક ૨૩:૪૭. એવું જ મરતા ગુનેગારે પણ કહ્યું હતું, લૂક ૨૩:૪૧.

એવું લાગે છે કે વધસ્તંભ પરના મૃત્યુમાં કોઈ ત્રુટી ન રહે તેની ખાસ કાળજી પરમેશ્વર પિતાએ લીધી. ઈસુ પોતાના પાપને કારણે નહિ પણ દુનિયાનાં પાપને માટે અવેજી તરીકે મૃત્યુ પામી રહ્યા હતા.

આપણા ત્રાતા નિષ્પાપ હોવાની બાબતને આટલું બધું મહત્ત્વ શાથી અપાયું છે? કારણ એ જ છે કે કોઈપણ પાપી પોતાનાં પાપ કે અન્ય કોઈનાં પાપનું પ્રાયશ્ચિત્ત કરી શકે નહિ, ફક્ત નિષ્પાપ વ્યક્તિ જ કરી શકે, અને તે વ્યક્તિ બીજી કોઈ જ નહિ પણ ઈશ્વર પોતે, જે આ જગતમાં કર્મબદ્ધ નથી.

अमेघ्यो वै पुरुषोयत् अनृतं वदित ।

અસત્ય બોલનાર મનુષ્ય બલિદાન યોગ્ય નથી.

(શતપથ બ્રાહ્મણ, ત્રીજો સ્કંધ, દીક્ષાસંસ્કાર પદ ૧૦)

(સરખાવો, ગીતશાસ્ત્ર ૪૯:૭-૯)

## ૩. સર્વજ્ઞ ખ્રિસ્ત

ઉપનિષદોમાં પરમ ઈશ્વરના લાક્ષણિક ગુણોમાંનો એક એ છે કે તે સર્વ બાબતોનો જ્ઞાતા છે:

स वेत्ति वेद्यं न च तस्यास्ति वेत्ता

(શ્વેતાશ્વર ઉપનિષદ ૩:૧૯)

જાણવાપાત્ર બધી બાબતો તે જાણે છે; પરંતુ કોઈ તેમને જાણતું નથી.

પરમ ઈશ્વર સાથે એકરૂપ હોવાથી ઈશ્વરના શબ્દ વિષે ઈસુ ખ્રિસ્તને સર્વ બાબતોનું સંપૂર્ણ જ્ઞાન હતું... તે બધા માણસોને સારી રીતે જાણતા હતા. માણસો વિષે કોઈ તેમને કંઈ કહે એવી જરૂર ન હતી, કારણ, માણસોના હૃદયમાં શું છે તે તેઓ જાણતા હતા (યોહાન ૨:૨૪-૨૫). સમરૂનના કૂવા પર બેઠેલા ઈસુ, પાણી ભરવા આવેલી સ્ત્રીનું સમગ્ર આંતરિક જીવન જાણતા હતા (યોહાન ૪:૧૮-૧૯).

તેઓ પરમેશ્વર પિતા દ્વારા આ પૃથ્વી પર મોકલાયેલા હતા તે જાણતા હતા. યોહાન રચિત સુવાર્તામાં ઈસુએ પોતે "મોકલાયેલા" છે તેવો દાવો છવ્વીસ વખત કર્યો છે (૪:૩૪ ; ૫ :૩૭ વગેરે). નાથાનાએલ ઈસુ સમક્ષ આવ્યો તે પહેલાં ઈસુએ તેને અંજીરીના ઝાડ નીચે જોયો હતો તેવું જણાવ્યું ત્યારે નાથાનાએલને આશ્ચર્ય થયું (યોહાન ૧:૪૮-૫૦). ઈસુ જાણતા હતા કે મંદિરનો કર ભરવા કઈ માછલીના મોંમાં સિક્કો છે. ખજૂરીના રવિવારે સવારી કરવા માટેનું ગધેડું અને વછેરો ક્યાંથી મળશે તે ઈસુ જાણતા હતા. શિષ્યો સાથે ક્યાં છેલ્લું પાસ્ખા ભોજન કરશે તેની ઈસુને ખબર હતી. કયો શિષ્ય તેમને વિશ્વાતઘાત કરશે તેની તેમને જાણ હતી. માનવજાતનાં પાપને લીધે વધસ્તંભ પર દુઃખ ઉઠાવી મૃત્યુ પામશે ને મૃત્યુમાંથી ફરીથી સજીવન થશે તે તેઓ જાણતા હતા. યુગને અંતે તેઓ ફરી પાછા આવશે તેનું તેમને જ્ઞાન હતું.

આકાશમાં અને પૃથ્વી પર તેમને બધો અધિકાર છે તેવી તેમને ખબર હતી, માથ્થી ૨૮:૧૮. પૃથ્વીની ઉત્પત્તિ પહેલાં પરમેશ્વર પિતા સાથે જે મહિમામાં તેઓ હતા તે તેઓ જાણતા હતા, યોહાન ૧૭:૫ ચોથી સુવાર્તામાં તેમનાં મહાવાક્યો જાણીતાં છે. ઈસુ જાણતા હતા કે:

"હું અને પિતા એક છીએ," ૧૦:૩૦

"પુત્ર વગર બાપને કોઈએ જોયા નથી," ૧૪:૯; ૧:૧૮.

"હું પિતા પાસેથી આવ્યો છું... પિતા પાસે પાછો જનાર છું," ૧૬ :૨૮; ૧૩:૩

"મારા શબ્દો આત્મા અને જીવન છે," ૬:૬૩

"માર્ગ, સત્ય ને જીવન હું છું," ૧૪:૬

"હું જીવનની રોટલી છું," ૬:૩૫, ૪૧, ૪૮

"હું જગતનો પ્રકાશ છું," ૮:૧૨; ૧:૪, ૯

"પુનરુત્થાન તથા જીવન હું છું," ૧૧:૨૫

"હું ભલો ભરવાડ છું," ૧૦:૧૧, ૧૪

"હું દરવાજો છું," ૧૦:૯; ૧૪:૬

"જેણે મને જોયો છે, તેણે પિતાને જોયા છે," ૧૪:૯

"જે કોઈ પરમ પિતા પાસે જાય છે તે મારી મારફતે જાય છે," ૧૪:૬

---

ટિપ્પણી : શ્રી શંકરાચાર્યના અદ્વૈતવાદમાં અપ્રગટ (નિર્ગુણ) અને પ્રગટ (સગુણ) પરમાત્માની વચ્ચે વિલક્ષણ અંતર દેખાશે. તેમના અનુસાર સગુણ દશ્યમાન છે અને તે આ સર્જન કરેલા બ્રહ્માંડમાં માયા અથવા પ્રકૃતિ સાથે સંકળાયેલા હોવાથી પરિવર્તનશીલ છે. પરંતુ શ્રી રામાનુજાચાર્ય તેમની સાથે સહમત નથી, અને તેઓ સગુણ (પ્રગટ)ને સ્વયંભૂ (પૂર્ણ પરમેશ્વર) માને છે. બ્રહ્મસૂત્રની માન્યતા છે કે જેમ પ્રકાશ તથા તેનો આશ્રય (જ્યોતિપુંજ) મૂળભૂત રીતે એક જ છે તેમ સ્વયંભૂ, નિર્ગુણ અને સગુણ, બંને છે (બ્રહ્મસૂત્ર ૩:૨:૧૫, ૧૮, ૨૮).

## ૪. કર્મયોગી ખ્રિસ્ત

પોતે કરેલાં કાર્યોનાં ફળ અથવા પુરસ્કાર પોતાને અર્થે મેળવવા માટે ઈચ્છા ન રાખવાની ભાવના એ જ શ્રીમદ્ ભગવદ્ગીતાનો કર્મયોગ અથવા फलत्याग या निष्काम ભાવ છે.

એક સિદ્ધ કર્મયોગીની માફક, ખ્રિસ્ત ઈસુ બધે ફરીને ભલું કરતા અને શેતાન અથવા દુષ્ટાત્માઓથી પીડિત વ્યક્તિઓને સાજા કરતા હતા. તેમણે પાપીઓને માફી બક્ષી, મૃત્યુ પામેલાંઓને સજીવન કર્યાં અને માનવમેદનીને ભોજનથી તૃપ્ત કરી, પણ પોતાના માટે કંઈ જ નહિ. તેમનાં કરુણાનાં કાર્યો કોઈપણ શરત વિનાનાં હતાં. ઈસુ વેરાન પ્રદેશમાં ચાલીસ દિવસ સુધી ભોજન વિના ભૂખ્યા રહ્યા, પણ તે પથ્થરોને રોટલીમાં ફેરવી નાખે જેથી

---

ડૉ. રાધાકૃષ્ણન્ એવો મત ધરાવતા હતા કે "ઈશ્વર અથવા પરમેશ્વરને કુદરતી ઘટના અને બ્રહ્મને સત્યસ્વરૂપ સ્વીકારવાનું વલણ ખરું નથી" (The Philosophy of S. Radhakrishnan)

આચાર્ય વિનોબા ભાવેએ સૂચવ્યું છે કે નિર્ગુણ અથવા અપ્રગટ બીજ રૂપ છે અને સગુણ અથવા પ્રગટ ફળ સમાન છે, જે દશ્ય અને બીજનું સ્પષ્ટ દેખાય તેવું રૂપ છે. પાછલા સમયનાં ઉપનિષદો અને શ્રી ભગવદ્ગીતા આ દષ્ટિકોણને સમર્થન આપે છે.

બાઈબલ ગ્રંથની દઢ માન્યતા છે કે પિતા, પુત્ર અને પવિત્ર આત્મા, પૂર્ણ પરમેશ્વરના એકત્વ દ્વારા, અનિવાર્ય ગુણમાં એક છે, તેમની અભિવ્યક્તિ વિશિષ્ટ હોઈ શકે. ત્રિએક પરમેશ્વર, એક પરમેશ્વરમાં એકત્વ દ્વારા પરસ્પર પ્રેમ, પવિત્રતા, ન્યાય, સર્જન, જ્ઞાન જેવા ક્ષેત્રોમાં એક બીજાના ગુણોના સહભાગી છે. સૃષ્ટિ સર્જન પોતાની બધી વિવિધતા સાથે પિતા, પુત્ર તથા પવિત્ર આત્માને સમર્પિત છે. જેવો પ્રેમ પિતા જગત પર કરે છે તેવો જ પુત્ર પણ કરે છે. પુત્રમાં પિતાએ ક્રૂસ પર દુઃખ સહન કર્યું (પ્રે. કૃ. ૨૦: ૨૮). આ જ પ્રમાણે ઉપનિષદોના "સર્વજ્ઞ," શાશ્વત શબ્દ, ખ્રિસ્ત ઈસુ પણ છે અને તે જ નિર્ગુણ પરબ્રહ્મ પણ છે.

તેમની ભૂખ સંતોષાય એ શેતાનના સૂચનને તેમણે તુચ્છકારી કાઢયું (માથ્થી ૪:૩-૪).

જ્યારે લોકોએ ઈસુને ટોણો માર્યો કે તે ક્રૂસ પરથી નીચે ઊતરી આવે ત્યારે તેમણે તેઓની એ વાત માની નહિ.

છતાં તેમનાં દયા અને સાજાં કરવાનાં કાર્યોમાં કંઈક નવીનતા હતી. બધા ધાર્મિક લોકો કુષ્ટરોગી, અંધ અને મૃત્યુ પામેલાંઓ મારફતે અશુદ્ધ થવાના કે ચેપ લાગવાના ભયથી પોતે ઘણા દૂર રહેતા હતા. વિશિષ્ટ ઢબથી, ઈસુ અસહાય વ્યક્તિઓ પાસે જતા, તેમને સ્પર્શ કરતા અને સાજા કરતા. રોગ તથા અશુદ્ધતાઓ પરમેશ્વરના પુત્રને દૂષિત કરી શકે તેવાં શક્તિશાળી ન હતાં; ઊલટું તેનો સ્પર્શ દૂષિતને શુદ્ધ કરી શક્તો હતો એ સમજવાનું આપણને સામર્થ્ય આપે છે. ઈસુ ખ્રિસ્તે પવિત્રતાને એક નવીન પરિમાણ આપ્યું.

## ૫. ખ્રિસ્ત : એક સિદ્ધ બ્રહ્મચારી

બ્રહ્મચારી એટલે શાબ્દિક અર્થમાં ઈશ્વરનો અનુયાયી, પણ સમયના વહેણમાં આ શબ્દે કુંવારાપણાનો અર્થ પણ અપનાવ્યો છે. ભારતમાં કોઈ શિષ્ય ગૃહસ્થાશ્રમ (હિંદુ માન્યતાની ચાર આશ્રમ અવસ્થાનો બીજો તબક્કો)માં પ્રવેશે નહિ ત્યાં સુધી અવિવાહિત કે કુંવારો રહેતો હતો.

ઉપનિષદો અનુસાર ઈશ્વર સ્વભાવથી જ બ્રહ્મચારી છે. સબ્રહ્મચારી વ્રત્યશ્ચ (માંત્રિક ઉપનિષદ ૧૧) : પરમેશ્વર બ્રહ્મચારી વૃત્તિના છે.

ફક્ત ઈસુ જ આ ઉપનિષદ પૂર્ણ કરે છે.

## ૬. મહાન સંન્યાસી ખ્રિસ્ત

સંન્યાસનો ઉત્તમ ભાગ વૈરાગ્ય છે. જીવનની એ એવી અવસ્થા છે, જેમાં સ્વાર્થની લાલસા, ઘમંડ કે મનોવિકાર હોતાં નથી. સંન્યાસી કદાચ જનોઈનો ત્યાગ કરી ભગવો ઝભ્ભો ધારણ કરે, પણ જ્યાં સુધી તેમનામાંથી રાગ અથવા અહમ્ જતાં નથી ત્યાં સુધી તે માત્ર નામધારી સંન્યાસી છે. એ જ રીતે ઉપનિષદોએ તેનો સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે (સરખાવો મૈત્રેયી ઉપનિષદ ૨:૧૭-૧૮).

ખ્રિસ્તી કલીસિયામાં સંન્યાસ અને વૈરાગ્ય સદીઓથી પરિચિત ને વ્યવહારમાં છે, પણ પાછલા થોડા સમયથી કલીસિયા પૂરેપૂરી રીતે માનવા તૈયાર નથી કે તેમના સ્વામી અને પ્રભુ અરેખરા અર્થમાં સંન્યાસી અને વૈરાગી હતા. કમનસીબે, આપણા દેશમાં કોઈ કોઈ પ્રસંગે, પ્રભુ ઈસુનું નિદર્શન એવી રીતે કરાવવામાં આવે છે કે તે એક મોટા આંદોલનકાર, ઝુંબેશ ચલાવનાર, બહુવિધપ્રબંધક, ફાળો ઉઘરાવનાર, બાંધકામ નિર્માતા અથવા શિક્ષણશાસ્ત્રી હતા ! આમાંના કેટલાક વ્યવસાય ખોટા તો ન હોય, કારણ આપણે જાણીએ છીએ કે પરમેશ્વર પિતા પોતાનાં બાળકોને સાજાં કરવાં, ખોરાકથી તૃપ્ત કરવા અને શિક્ષણ આપવા હિતસંબંધ ધરાવે છે; પરંતુ નવા કરારમાં સ્વભાવે ઈસુ ખ્રિસ્ત મહા વૈરાગી છે. બધા દેશોની સરખામણીમાં, ભારત, આમાં કંઈ પણ કમી હોય તેનાથી સંતુષ્ટ થાય તેવો નથી.

ઈસવીસનની પ્રથમ શતાબ્દીની શરૂઆતમાં, પ્રભુ ઈસુના બાર શિષ્યોમાંથી એક સંત થોમા, દક્ષિણ ભારતમાં આવ્યા હતા અને ધનવાન તેમ જ સુશિક્ષિત બ્રાહ્મણોની જે કલીસિયા તેમની પાછળ

કેરળ રાજ્યમાં મૂકી ગયા છે તેનાં ચિહ્નો આપણે હજી પણ નિહાળી શકીએ છીએ. થોમા એક સંન્યાસી હતા!

સુંદરસિંહ નામના એક શીખ યુવાનને એક રાત્રે જીવંત ખ્રિસ્તનાં દર્શન થયાં અને પોતાની ભરયુવાનીના સર્વોત્તમ કાળમાં તેમણે સંસારનો ત્યાગ કર્યો. સંન્યાસ ધારણ કરીને તેમણે અનેક વાર આ દેશ તેમ જ પરદેશમાં મુસાફરી કરી અને જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં તેમણે ઈસુ ખ્રિસ્તની કેવી અદ્‌ભુત અસર પાડી છે!

હું દઢતાપૂર્વક માનું છું કે આજે પ્રભુ ઈસુ પોતાના કેટલાક અનુયાયીઓને સુવાર્તાપ્રચારક, પાળક, મિશનરી, શિક્ષક, વૈદક વ્યવસાયી અથવા વૈજ્ઞાનિક બનવા માટે બોલાવે છે, પણ હું એ નથી સમજી શકતો કે આપણા જેવા દેશમાં જે અંતઃપ્રેરણાથી સંન્યાસનો પ્રશંસક છે, પ્રભુ ઈસુ, કેટલાકને પોતાનો ક્રૂસ ઉઠાવી, સંન્યાસ ગ્રહણ કરીને તેમની પાછળ ચાલવાને નહિ બોલાવી રહ્યા હોય! ચોક્કસ તે બોલાવે છે પણ પ્રત્યુત્તર તો આપણે આપવાનો છે. આમ છતાં, સંન્યાસ આ જીવનમાં સંપૂર્ણ ત્યાગ માગી લે છે અને જ્યાં સુધી તેને માટે સ્પષ્ટ સ્વરૂપે તેડું ન મળ્યું હોય ત્યાં સુધી કોઈ તેને ગ્રહણ ન કરે. દરેક શિષ્યને ઘરબાર અને ગૃહજીવનનો ત્યાગ કરવાનું તેડું મળતું નથી.

આપણા પ્રભુના વૈરાગ્યયુક્ત જીવનને સ્પષ્ટ કરવાના હેતુથી ફરી સુવાર્તાઓનું અવલોકન કરવાની મને ફરજ પડે છે. સૃષ્ટિના સ્વામી પ્રભુ ઈસુના માટે શરૂઆતમાં તેમના જન્મ વખતે પલંગ મળ્યો ન હતો; તે ગમાણમાં જન્મયા હતા. જ્યારે તેમણે શુભ સંદેશ પ્રગટ કરવાની શરૂઆત કરી, ત્યારે આપણી જાણ મુજબ, તેમના શરીર પર સિલાઈ વિનાનો માત્ર એક ઝભ્ભો હતો, બીજો

ન હતો. પોતાને રહેવાના ઘરના અભાવે તે દેશમાં અહીંતહીં ફરતા રહ્યા. એક વાર, નિયમશાસ્ત્રનો એક શિક્ષક પ્રભુ ઈસુની પાસે આવ્યો અને કહ્યું, "ગુરુજી, તમે જ્યાં જશો ત્યાં હું તમારી પાછળ આવવા તૈયાર છું." પણ ઈસુએ તેને જવાબ આપ્યો, "શિયાળવાંને રહેવા માટે બોડ હોય છે અને આકાશનાં પક્ષીઓને માળા હોય છે, પણ માનવપુત્રને આરામ કરવાનું કોઈ સ્થાન નથી" (માથ્થી ૮:૧૯-૨૦).

તેમણે ગાલીલના સમુદ્રના કિનારે કિનારે વિશાળ જનસમૂહને ઉપદેશ આપ્યો, પણ તેમની વ્યાસપીઠ તરીકે એક ઉછીની લીધેલી હોડી હતી. ત્યાં નજીકમાં તેમણે એક દિવસે ૫૦૦૦ લોકોને ભોજન કરાવ્યું પરંતુ તેમની પાસે એક ટુકડો પણ રોટલી ન હતી. એક છોકરા પાસે પાંચ રોટલી અને બે માછલી હતાં તે તેમણે માગીને લીધાં, પછી આભાર માનીને, આખા જનસમુદાયને તે વડે તૃપ્ત કર્યો, ને ઘણું વધ્યું પણ ખરું. મંદિરનો થોડો કર આપવા માટે પણ તેમની પાસે પૈસા ન હતા; તેથી તેમને માછલી પકડવાનો આદેશ આપવો પડ્યો. માછલી જે સિક્કો તેના મોંમાં ગળી ગઈ હતી તે કાઢીને કર ચૂકવવામાં આવ્યો. તેમના છેલ્લા પાસ્ખા ભોજન પહેલાં જે વછેરા પર સવાર થઈને તેમણે યરુશાલેમમાં જાહેર પ્રવેશ કર્યો તે માગીને લાવેલું પ્રાણી હતું, અને સિયોન પર્વત પરની ઉપલી મેડી જ્યાં શિષ્યો સાથે પાસ્ખા પર્વ પાળવામાં આવ્યું, તે પણ આપણે જાણીએ છીએ તેમ પારકી જગા હતી.

આમ છતાં, જેમ સુવાર્તાઓમાં જોવા મળે છે તેમ, વૈરાગ્યને લગતી એક નાજુક બાબત છે, જે કેવળ પૂર્વીય વિચારસરણી ધરાવનાર સરળતાથી સમજી શકે છે. વૈરાગીને રહેવાનું સ્થાન હોતું

નથી, પાસે પૈસા હોતા નથી, સાથે લઈ જવાનું ભાથું હોતું નથી વગેરે. કેવળ એટલું જ પૂરતું નથી; પણ તેને કોઈ પિતા, માતા, ભાઈ કે બહેન હોતું નથી. તેણે સંસારનો ત્યાગ કર્યો છે અને તે એવા કોઈ સગપણમાં માનતો નથી. શું આપણને એ ખ્યાલ છે કે સુવાર્તાના વૃત્તાંતોમાં ઈસુ પોતાનાં માને એકાદ વાર પણ "મા" કહીને બોલાવતા નથી? આવું શાથી બન્યું? ઈસુ અનુપકારી પુત્ર નહોતા પણ... તેઓ એક સંન્યાસી હતા! કાનામાં લગ્ન પ્રસંગે ઈસુ તેમની પરમ ધન્ય માતાને કેવો જવાબ આપે છે: "બાઈ, તમારે ને મારે શું? મારો સમય હજુ પાક્યો નથી" (યોહાન ૨:૪). બીજા એક સમયે જ્યારે તેઓ એક સમૂહને ઉપદેશ આપતા હતા ત્યારે તેમનાં મા અને ભાઈઓ એમ માનીને લેવા આવ્યાં કે તેઓ અમારાથી અળગા પડી ગયા છે. તે વેળાએ ઈસુએ જવાબ આપ્યો કે: "મારાં મા અને ભાઈઓ કોણ છે?" અને પોતાની આજુબાજુ બેઠેલા લોકો તરફ જોઈને કહ્યું: "જુઓ, આ રહ્યાં મારાં મા ને ભાઈઓ! જેઓ ઈશ્વરની ઇચ્છા મુજબ વર્તે છે તેઓ જ મારાં ભાઈ, બહેન કે મા છે" (માર્ક ૩:૩૩-૩૫). છેલ્લે, ક્રૂસ પર ઈસુ ખાસ કરીને પોતાની માનું ભગ્ન હૃદયનું દુ:ખ પૂરેપૂરું સમજીને તેમને (યોહાન તરફ આંગળી બતાવીને) કહે છે, "બાઈ, જો તારો દીકરો." યોહાને આ જવાબદારી નિષ્ઠાપૂર્વક સંભાળીને એફેસસ જ્યાં તે પાછળથી રહ્યો ત્યાં તેમના માટે ઘર પૂરું પાડયું.

અંતમાં કાલવરીના માર્ગ પર ઈસુ ખ્રિસ્ત ભારે ક્રૂસ ઊંચકીને ચાલ્યા, તે પણ તેમનો ક્રૂસ ન હતો. તે તો મારા અને તમારા જેવા પાપીઓનો ક્રૂસ હતો,

જે ઉઠાવવાની જવાબદારી તેમને સોંપવામાં આવી. આખી મનુષ્યજાતિનાં પાપ તેમના પર લાદવામાં આવ્યાં હતાં ! અને જ્યાં સુધી તેમના એક ધનવાન, ગુપ્ત શિષ્ય દ્વારા પોતાની પાકી કબર આપવામાં ન આવી ત્યાં સુધી એ પૃથ્વીના પ્રભુને દફનાવવાને માટે કબર સુદ્ધાં મળી ન હતી.

પ્રભુ ઈસુ ખ્રિસ્તનો વૈરાગ્ય સૈદ્ધાંતિક હતો અને કોઈ કડક નિયમ કે ધાર્મિક સંપ્રદાય પ્રમાણેનો ન હતો તે વાત આ જગ્યાએ સ્પષ્ટ કરી દેવી જરૂરી છે. તેમના વૈરાગ્યને કારણે માનવજાતનાં દુઃખ કે પીડાઓના સ્થાનેથી તેઓ અળગા રહ્યા ન હતા. દૈવી પ્રેમ અને કરુણાથી તેમનું હૃદય દ્રવતું હતું. મધ્ય યુગમાં યુરોપના ખ્રિસ્તી મઠવાસીઓએ ચુસ્ત વ્યવસ્થાવાળી, અત્યંત કઠોર વૈરાગ્ય પરંપરાનો વિકાસ કર્યો, જે અધિક વિધિઓમાં જકડાયેલી હતી. જેમ સમય વીતતો ગયો તેમ લોકોનો ઉત્સાહ ઠંડો પડી ગયો. ૧૯૬૬ના વરસમાં એક વાર થેસ્સાલોનીકીના પ્રવાસ દરમિયાન હું એથોસ પર્વતની ખૂબ નજીક પહોંચ્યો હતો. એ પર્વત શિખરની ઊંચાઈ પર એક અતિ સમૃદ્ધ અને સદ્ધર મઠ છે. ગ્રીસ દેશના રક્ષણ હેઠળ તે પોતાની સ્થાનિક સત્તા અને પ્રશાસન ધરાવે છે. છતાં આ મઠનો એક કડક નિયમ છે કે કોઈ નારી, ગાય કે મરઘી સુદ્ધાં-તેમના ટાપુ પર પગ મૂકી શકતી નથી. સિદ્ધાંતને અહીં નિયમની જડતામાં ફેરવી દીધો છે !

વૈરાગ્યનું ફળ જ્ઞાન છે. (वैराग्यस्य फलं बोधो), આધ્યાત્મોપિનિષદ્ ૨૮. પરંતુ ઈસુ ખ્રિસ્તના સંદર્ભમાં માર્ગ ઊલટો હતો - જ્ઞાન તો તેમની પાસે સદાય હતું; જેણે તેમને વૈરાગ્ય પ્રતિ દોર્યા.

## ૭. ખ્રિસ્ત અને સચ્ચિદાનંદ

બાઈબલની દઢ માન્યતા છે કે પરમેશ્વર એક છે, જે પિતા, પુત્ર અને પવિત્ર આત્માના ત્રિએક સ્વરૂપમાં પ્રગટ થયા.

વેદાંતોમાં પણ પરંબ્રહ્મ અથવા પરમાત્માને સહજ રીતે ત્રણ જુદા જુદા શબ્દો ભેગા કરી સંબોધવામાં આવે છે, જેમ કે सच्चिदानंद (सत् + चित् + आनंद) નૃસિંહ ઉપનિષદ, ૧:૭; અથવા सत्यं ज्ञानमनन्तं (सत्यं + ज्ञानं + अनन्तं) તૈત્તિરીય ઉપનિષદ ૨:૧ : ૧. આ ત્રણ શબ્દો ખરેખર 'પરંબ્રહ્મ'માં વધુ ઊંડો ભાવાર્થ અર્પે છે. શ્રી કેશવચંદ્ર સેન અને ન્યાયમૂર્તિ એમ.જી. રાનડે જેવા વિદ્વાનો તથા કેટલાક ખ્રિસ્તી જ્ઞાનીપુરુષોએ પણ સચ્ચિદાનંદમાં બાઈબલ અનુસાર ત્રિએક ઈશ્વરનાં રૂપને સ્વીકાર્યાં છે. છતાં વેદાંતોમાં આ વિચાર હજી પણ માત્ર અમૂર્ત ફિલસૂફી રહ્યો છે. ઈસુ ખ્રિસ્તે આ શબ્દના ભાવાર્થમાં જીવન અને પરિપૂર્ણ સાર્થક્તા અર્પી છે.

## ૮. ખ્રિસ્ત, જગતનાં પાપ હરનાર

બાઈબલ અને વેદ બંને સરજનહાર પરમેશ્વરને બીજાંઓને બદલે દુ:ખ સહન કરનાર પ્રતિનિધિ તરીકે વર્ણવે છે. પાલનહાર પિતા, બોજ હરનાર हरि અને પાપોમાંથી છોડાવનાર ત્રાતા તરીકે પરમેશ્વર પોતાના લોકોના ઉદ્ધારનાર છે.

પરમેશ્વરને पापनुदं, પાપના દમન અથવા નાશ કરનાર તરીકે સંબોધિત કરેલા છે (શ્વેતાશ્વતર ઉપનિષદ્ ૬:૫).

પરમેશ્વર, પુરુષ, બલિદાન છે: पुरुषोवाव यज्ञः (છંદોગ્ય ઉપનિષદ ૩:૧૬:૧). पुरुषोव यज्ञः (શતપથ બ્રાહ્મણ ૧: જુહુ વારાનામ-૧).

प्रजापतिः यज्ञः (જગતના સરજનહાર પરમાત્મા એક માત્ર યજ્ઞ બલિદાન છે (શતપથ બ્રાહ્મણ ૧.૧૩; ૪.૧૫).

આજ તે પ્રજાપતિ છે (હિરણ્યગર્ભઃ સૃષ્ટિનું આદિ બીજ, ઋગ્વેદ ૧૦:૧૨૧; અત્યંત મહાન "હું છું", अहमस्मि બૃહદારણ્યક ઉપનિષદ ૧:૪:૧) જેણે બલિદાનનો દેહ બનવા માટે ઈચ્છા કરી (सोडकामयत मेघ्यम इदं બૃહદારણ્યક ઉપનિષદ ૧.૨.૭) જેથી સંતો દ્વારા બલિ આહુતિ સ્વરૂપે ભેટ ધરી શકાય (ઋગ્વેદ ૧૦.૧૨૧.૧૦)

તે વિશ્વકર્મા છે (જગત્‌પિતા તથા બ્રહ્માંડના સરજનહાર) જે સૃષ્ટિની રચના વખતે પોતાની જાતનું हवन (હોમબલિ) કરે છે (ઋગ્વેદ ૧૦:૮૧-૮૨).

આ જ તે પુરુષ છે (જે ભૂત અને ભવિષ્યનું સર્વસ્વ અને સૃષ્ટિની સર્જનશક્તિ છે) જે દેહના રૂપમાં પ્રગટ થાય છે અને પોતાની જાતને બલિદાન આપવા દેવોને સોંપે છે; ઋગ્વેદ ૧૦: ૯૦:૬; શ્વેતાશ્વતર ઉપનિષદ ૩:૮-૯; કઠોપનિષદ ૪:૧૩

પ્રજાપતિ, વિશ્વકર્મા અને પુરુષ-સર્જનકર્તા પરમેશ્વરનાં સમાન અર્થનાં નામ છે (સરખાવો શતપથ બ્રાહ્મણ ૫:૫:૮ ઈત્યાદિ).

વૈદિક સંતોએ પાપોની ક્ષમાને માટે ઈશ્વરની તરફ દષ્ટિ કરી. "આપ જ અમારાં બધાં પાપોને અમારાથી દૂર કરો." ઋગ્વેદ ૧૦ :૧૩૩:૬. "અમને પાપથી મુક્ત કરો" ઋગ્વેદ ૭:૮૬:૨-૩; "અમને સજા ન કરો" ઋગ્વેદ ૭:૮૯:૩; "દયા કરીને ક્ષમા કરો" ૭:૮૯; "આ બધાં પાપોને દૂર ફેંકી દો" ઋગ્વેદ ૫:૮૫: ૭-૮.

त्राहिमाम, पाहिमाम, रक्षामाम જેવા પ્રાર્થનામાં વપરાતા સંસ્કૃત શબ્દોનો પ્રયોગ ઉપર દર્શાવ્યા જેવા જ મનોભાવ પ્રગટ કરે છે.

પ્રભાત, મધ્યાહ્‌ન તથા સાંજ - ત્રણે વખત ઋષિ કૌષીતકી સૂર્યદેવતાને વિનંતી કરે છે, "આપ જ નારાયણ છો, મારાં પાપોને હરી જાઓ" (કૌષીતકી ઉપનિષદ ૨:૭; જે મૂળ ઋગ્વેદ ગ્રંથનો એક ભાગ છે). બાઈબલ તરફ દૃષ્ટિ કરતાં ત્યાં પણ આપણે જોઈએ છીએ કે ઉદ્ધાર કેવળ પરમેશ્વર દ્વારા જ છે: "ખરેખર અમારા દેવ યહોવાહમાં જ ઈસ્રાએલનું તારણ છે" (યિર્મેયાહ ૩ : ૨૩). "હે યહોવાહ, મને નીરોગી કર, એટલે હું નીરોગી થઈશ; મારો ઉદ્ધાર કર, એટલે હું ઉદ્ધાર પામીશ" (યિર્મેયાહ ૧૭ :૧૪). "ઈશ્વરમાં મારું તારણ તથા ગૌરવ છે; મારા સામર્થ્યનો ખડક તથા મારો આશ્રય ઈશ્વરમાં છે" (ગીતશાસ્ત્ર ૬૨:૭).

સૃષ્ટિકર્તા પરમેશ્વર ઈસુ ખ્રિસ્ત, "ઈશ્વરનું હલવાન, તે દુનિયાનાં પાપ દૂર કરે છે" યોહાન ૧:૨૯. તે જ બલિદાન માટેનું હલવાન છે. જેનું જગતનાં મંડાણ વખતે જ ઈશ્વરી યોજનામાં બલિદાન અપાયું (પ્રકટીકરણ ૧૩:૮). સમયની સંપૂર્ણતાએ દૈવી બલિદાનના નિયત કર્તવ્યને પરિપૂર્ણ કરવા માટે દેવના પ્રતિનિધિ તરીકે માનવદેહ ધારણ કરે છે (યોહાન ૧:૧૪). તેનું ભંગાયેલું શરીર તો સ્વર્ગમાંથી ઊતરી આવેલી રોટલી છે (યોહાન ૬:૫૦-૫૧). સરખાવો: પુરુષ બલિના બ્રહ્મભોજનં સાથે.

**બલિદાનની કેન્દ્રીયતા**

"કાલવરી ઉપર લાકડું જોવા મળે છે તે પહેલાં પરમેશ્વરમાં જ ક્રૂસ દશ્યમાન થાય છે," બુશનેલે જણાવ્યું છે.

ઋગ્વેદનો સર્વ પ્રથમ મંત્ર પરમેશ્વરને પુરોહિત યજ્ઞસ્ય, યજ્ઞબલિના પુરોહિત તરીકે સંબોધે છે.

अयं यज्ञो भुवनस्य नाभिः યજ્ઞ સમસ્ત ભૂમંડળનું કેન્દ્ર છે, એવી ઘોષણા ઋગ્વેદ ૧:૧૬૪:૩૫ કરે છે.

બલિદાન માટેનું હલવાન, ખ્રિસ્ત ઈસુ જ પરમેશ્વરના સ્વર્ગીય રાજ્યાસનનાં કેન્દ્રમાં બિરાજમાન છે, એવું બાઈબલના પ્રકટીકરણ ૭:૧૭માં સ્પષ્ટ દર્શાવવમાં આવ્યું છે.

पश्वो हि यज्ञं, પશુ જ યજ્ઞ શરીર છે, શતપથ બ્રાહ્મણ (ત્રીજો કાંડ, औदग्रमण होमः ૧૪) પણ જણાવે છે.

यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः યજ્ઞનો બચેલો ખોરાક ખાનાર સંતો સર્વ પાપથી છુટકારો મેળવે છે, શ્રીમદ્દ ભગવદ્દગીતા ૩:૧૩.

પોતાનું શરીર જે ક્રૂસ પર ચઢાવવાનું હતું તેના સંબંધમાં પ્રભુ ઈસુએ કહ્યું: "આકાશમાંથી આવેલી જીવનની રોટલી હું છું. જે કોઈ આ રોટલી ખાય છે તે સદાકાળ જીવશે. જે રોટલી હું આપું છું તે તો મારું માંસ છે, જે હું દુનિયાના જીવનને માટે આપું છું" યોહાન ૬:૫૧.

"ક્રૂસ પરમેશ્વરનો અલૌકિક સત્યાગ્રહ છે" - હૉગ.

"રક્ત વહેવડાવ્યા વગર પાપોની ક્ષમા મળતી જ નથી"

હિબ્રૂ ૯:૨૨.

"જો કોઈ અર્થમાં ક્રૂસ કંઈ હોઈ શકે, તો તે સૃષ્ટિની આધાર-યોજના જ છે. આ નિહારિકાથી બીજી નિહારિકા સુધી ફેલાયેલી આ વિશ્વની દૂર દૂરની સીમાઓને જોડીને તેમને ઘવાયેલા પ્રેમભર્યા હાથોથી ધરી રાખે છે." - જોન કોર્ડેલિયર, એક રોમન કેથલિક રહસ્યવાદી.

## બલિદાનની પરિપૂર્ણતા

ઈસુ ખ્રિસ્ત સમસ્ત પ્રમાણભૂત અનુમાનો અને ફિલસૂફીની પરિપૂર્ણતા છે. માનવજાતના સંપૂર્ણ ઈતિહાસમાં કોઈ અન્ય ઈશ્વરને ઋગ્વેદના મહાન પ્રજાપતિ સાથે એકરૂપ સ્થાપિત કરવામાં આવ્યા નથી. ઈસુ ખ્રિસ્ત આ ખાલી જગ્યાના પૂરક છે.

ક્રૂસ મહાયજ્ઞ (પ્રભુ ઈસુના ક્રૂસ પરના સર્વોચ્ચ બલિદાન) મારફતે જીવનદાયી લોહીના સાજા કરનાર સામર્થ્ય દ્વારા વિશ્વાસીને શાંતિ પ્રદાન થઈ છે, કલોસી ૧:૨૦. તેમના બલિદાન દ્વારા આપણાં પાપ માફ કરવામાં આવ્યાં છે, એફેસી. ૧:૭. તેમના દ્વારા આપણને દાસત્વમાંથી સ્વતંત્રતા તથા વિજય પ્રાપ્ત કરવાની શક્તિ મળી છે, પ્રકટીકરણ ૧:૫; ૧૨:૧૧. તેમના દેહધારી અવતરણે તેમની મારફતે મનુષ્ય જાતિને અનંતકાળને માટે તેમનામાં જોડાઈ રહેવા પરમેશ્વર પાસે ઉપર ઊંચક્યા છે.

ઉપરની બધી વાતોનો સાર એ છે કે ક્રૂસનો શુભ સંદેશ કોઈપણ રીતે હિંદુ શ્રોતાઓને માટે નવીન કે અપરિચિત નથી. જેમ આપણે આ પૃષ્ઠોમાં જોઈ ગયાં છીએ તેમ, પાપના દાસત્વ અને કર્મ-સંસારથી મોક્ષપ્રાપ્તિ માટે, પોતાના દેવ-માનવ મારફતે ઈશ્વરનું પોતાનું બલિદાન, એ આપણા વૈદિક ભૂતકાળના પ્રાચીન ઋષિમુનિઓનું મુખ્ય આશ્વાસન હતું.

અજ્ઞાત પ્રભુ ઈસુ ખ્રિસ્ત (ઈતિહાસમાં ત્યાં સુધી પ્રગટ થયા ન હતા) પ્રત્યે શ્રદ્ધાનો પાયો, તો વૈદિક સંતોએ પોતે, ભારતમાં સુવાર્તા રજૂ કરવામાં આવી તેની ઘણી શતાબ્દીઓ પૂર્વે નાખ્યો હતો.

થોડાં વરસો પહેલાં એક દિવસ મને સંત તુકારામ (૧૫૬૮–૧૬૫૦)ના ઘરની મહારાષ્ટ્રના દેહૂ ગામની મુલાકાત લેવાનો લાભ મળ્યો હતો. આ સંતે નીચેની પંક્તિઓ લખીને પરમેશ્વરને પોતાની કેવી ગહન પ્રાર્થના અર્પિત કરી હતી:

"ઓ ત્રાતા, મારા અપરાધોના દોષ, ન મૂક મારા પર
અસંખ્ય મુજ પાપ, હું તુકા કરું સ્વીકાર
તુ જ પ્રેમાળ હૃદયની હૂંફમાં છે મધુર વિરામ."

(મરાઠીમાંથી ભાવાનુવાદ)

આ પૃથ્વી પર હજી શાશ્વત શાંતિ અને મોક્ષના અનુભવની શોધમાં ભટકી રહ્યા છે તે સૌને માટે સંત તુકારામના આત્માનું સૂચન અનુભૂતિ બની રહે !

## ૯. વિશ્વંભર ખ્રિસ્ત : (The Cosmic Christ)

ઈસુ ખ્રિસ્ત અનાદિ અને અનંત છે, જેમનું અસ્તિત્વ પ્રારંભ અને અંત વિનાનું છે. તે કાળ અને ઈતિહાસથી પર એવો સનાતન શબ્દ છે. તે સૃષ્ટિને અસ્તિત્વમાં લાવનાર લૉગોસ છે. ('લૉગોસ' ગ્રીક ભાષામાં 'શબ્દ'નું રૂપ છે.)

જે કોઈ વસ્તુ માત્ર ઐતિહાસિક છે, તેનો પ્રારંભ અને સંભવિત અંત પણ એવી જ રીતે હોઈ શકે. માટે ખ્રિસ્તી લોકોએ કદી પણ માત્ર ઐતિહાસિક ખ્રિસ્તમાં સંતોષ માનવો જોઈએ નહિ. જે માનવદેહ ધારણ કરીને ઈતિહાસમાં પ્રવેશ્યા અને એ પ્રમાણે કરીને, માનવજાતને પણ સ્વર્ગ સુધી ઊંચી ઉઠાવી છે, તે તો કેવળ વિશ્વંભર (Cosmic) પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે.

ઈસુ ખ્રિસ્ત સમસ્ત સત્ય તેમ જ ન્યાયીપણાના શિરપતિ અને આધાર છે. તેઓ વિશ્વંભર સુવ્યવસ્થાના અગ્રેસર, ૠત પ્રધાન

છે. ઉપનિષદોમાં ऋत પ્રજાપતિ અને પુરુષ સાથે સંલગ્ન છે. બાઈબલમાં કેટલીક બાબતોમાં તે પરમેશ્વરના રાજ્ય સાથે સમાનતા દર્શાવે છે, જેનો રાજા પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે, તે રાજ્યની વ્યાખ્યા આ પ્રમાણે છે: "ઈશ્વરનું રાજ્ય... પવિત્ર આત્માથી મળતા ન્યાય, શાંતિ અને આનંદમાં છે," રૂમી. ૧૪:૧૭.

વિશ્વંભર ખ્રિસ્તે, જ્યારે માનવદેહ ધારણ કરીને પૂર્ણાવતાર (પરમ પ્રભુનું પરિપૂર્ણ પ્રાકટ્ય) લીધો ત્યારે જગતમાં જાણીતા થયા. જો આ પૂર્ણવતાર ન થયો હોત તો આપણે "ખ્રિસ્ત" કોણ અને કેવા હતા તે કંઈ જાણી શક્ત નહિ. આપણે કલ્પનાઓ અને અનુમાનોમાં ફસાઈને તેમનું વાસ્તવિક ચારિત્ર્ય જાણ્યા વિના તેમને માત્ર ખ્રિસ્ત ચેતના અથવા બીજું કંઈ કહીને સંબોધ્યા હતા.

પશ્ચિમ અને પૂર્વ, બંને બાજુના અમારા કેટલાક મિત્રો હજી વિશ્વંભર ખ્રિસ્તમાં માને છે પરંતુ ઐતિહાસિક ખ્રિસ્તમાં માનતા નથી. આ આપણને ફસાવવાની વાત છે. ઐતિહાસિક ખ્રિસ્તનો અસ્વીકાર કરવાનું કારણ એ હોઈ શકે કે ઈસુ ખ્રિસ્ત વધુ મોટી અપેક્ષાઓ ધરાવે છે. ઐતિહાસિક ખ્રિસ્તે "ઈશ્વરના રાજ્ય" વિષે પ્રચાર કર્યો તથા સ્ત્રી-પુરુષોને મનમાં પશ્ચાત્તાપ સહિત પોતાનું સંપૂર્ણ સમર્પણ તેમને કરવા માટે હાકલ કરી. જો આપણે ઐતિહાસિક ખ્રિસ્તમાં વિશ્વાસ કરતા ન હોઈએ તો પછી આપણે આજ્ઞાપાલન સહિત કોઈ બાબત કરવાની ચિંતા રહેતી નથી અને કશાનો ત્યાગ કરીને સમર્પણ કરવાનું રહેતું નથી. આપણી રુચિ અને ઇચ્છા પ્રમાણે, આપણે 'વિશ્વંભર' માં ગમે તે બાબત દાખલ કરી શકીએ, પણ ખ્રિસ્ત, જેમને આપણે ઓળખતા જ નથી તેની રુચિ અને ઇચ્છા 'વિશ્વંભરમાં આપણે સામેલ કરી શક્તા નથી.

આપણે તેમને ઊંચા વિશ્વંભર સ્તર પર રાખીએ છતાં એટલા નિકટ નહિ કે જ્યાંથી તેઓ આપણા જીવન પર રાજ કરે. પરંતુ જેમ બાઈબલ પ્રગટ કરે છે, સનાતન શબ્દ માનવ તરીકે જન્મ્યો છે (યોહાન ૧:૧૪), અને તેમને ઓળખવા નહિ અને અનુસરવું નહિ, તે પરાજગતના પરિમાણ જેટલી મોટી ભૂલ થશે.

ખ્રિસ્ત તો આવી ગયા અને પરમેશ્વરનું સ્વરૂપ કેવું છે તે હવે આપણે જાણીએ છીએ, કારણ કે તેઓ ખ્રિસ્તના જેવા છે. "જેણે મને જોયો છે, તેણે પિતાને જોયા છે" (યોહાન ૧૪:૯). "હું અને પિતા એક છીએ" (યોહાન ૧૦:૩૦). હવે આપણે એ જાણીએ છીએ કે પરમેશ્વર સદ્‌ગુણી અને પવિત્ર છે તથા પાપને ધિક્કારે છે. તેઓ ન્યાયી છે અને દુષ્ટોને શિક્ષા કરશે. તેઓ પ્રેમસ્વરૂપ છે અને તેથી પોતાની સૃષ્ટિના હિતમાં તેઓ કોઈ પણ હદ સુધી યાતનાઓ ભોગવવા – ક્રૂસ પરના શાપિત મૃત્યુ પામવા સુધી – સ્વેચ્છાએ તૈયાર. પરમેશ્વર સર્વજ્ઞ, સર્વશક્તિમાન તથા સર્વવ્યાપી છે.

હવે આપણે એ પણ જાણીએ છીએ કે ક્રૂસે જડાયેલ ખ્રિસ્ત તો પુનરુત્થાન પામેલા ખ્રિસ્ત છે, જે, તેમણે અગાઉ કહ્યું હતું તેમ ત્રીજે દિવસે મૃત્યુ પામેલાંઓમાંથી સજીવન થઈને ઊઠયા. આ બાબત અનિવાર્ય હતી, કારણ કે સત્યનો નાશ થઈ શકતો નથી (सत्यमेव जयति नानृतं- મુંડકોપનિષદ ૩:૧:૬). આ સ્થિતિ હોવાથી, આપણે જ્યારે જીવંત પ્રભુ અને સનાતન પરમેશ્વરના નામમાં પ્રાર્થના કરીએ છીએ ત્યારે આપણને ખાતરી થાય છે કે આપણી પ્રાર્થના સાંભળવામાં આવી છે; અને તેઓ વિશ્વાસીના આત્માના ગહન ઊંડાણમાં પવિત્ર આત્માની મારફતે પ્રતિક્ષણ વાસો

કરે છે (યોહાન ૧૫:૫), જેને તેમણે પોતાની ધૂંસરી (અથવા યોગ) દ્વારા જોડાયેલાં સર્વમાં વસવા માટે મોકલ્યો છે. તેઓ પોતાના શિષ્યોને, આ કલિયુગના ભૂંડા સમયમાં, તેમના આત્માના ભરપૂરીપણાથી, વિશ્વાસમાં જયવંત જીવન જીવવા, શક્તિ પ્રદાન કરે છે (પ્રે. કૃ. ૪:૩૧).

આ ખ્રિસ્ત જેમ તેઓ સ્વર્ગમાં ચઢી ગયા હતા તેમ પ્રગટ રૂપમાં ફરી પાછા આવવાના છે (પ્રે. કૃ. ૧:૧૧). તેમની સનાતન યોજના અનુસાર, તેઓ એક દિવસ પોતાના સંતોને મહિમામાં સ્વીકારવા અને પોતાની સૃષ્ટિમાંથી પાપનો નાશ કરવા માટે ફરી આવશે. મહાપ્રલય (અંતિમ ન્યાય ચુકાદો - જે બનાવની વેદાંતમાં પણ પ્રતીક્ષા કરવામાં આવી છે)ના દિવસે તેઓ પૃથ્વીને આગથી ભસ્મીભૂત કરશે. એક નવીન સૃષ્ટિની રચના થશે અને પરમેશ્વર પોતાના સંતોની સાથે સદાકાળ સુધી તેમાં નિવાસ કરશે. ત્યાં ફરી પાપ નહિ હોય, યાતનાઓ પણ નહિ હોય અને વધુ આંસુ પણ નહિ હોય. જ્યાં પરમેશ્વર આવી પરિપૂર્ણતામાં, પોતાનાં પ્રિયજનોની મધ્યે નિવાસ કરતા હશે, ત્યાં તે નવી પૃથ્વી પર સૂર્ય અથવા ચંદ્રમાની કોઈ જરૂર પડશે નહિ, એમ બાઈબલ જણાવે છે, કારણ કે તેમની પોતાની અગમ્ય જ્યોતિ સૃષ્ટિને પ્રકાશિત કરશે, (પ્રકટીકરણ ૨૨:૫).

न तत्र सूर्यो भाति न चन्द्रतारकं
नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ।
तमेव भान्तमनुभाति सर्वं ।
तंस्य भासा सर्वमिदं विभाति ॥

(કઠોપનિષદ ૨:૨:૧૫)

જ્યાં પરમેશ્વર છે ત્યાં સૂર્ય, ચંદ્ર કે તારાઓ નથી.

વિદ્યુત અથવા અગ્નિ પણ ત્યાં પ્રકાશતા નથી;

પરમેશ્વરના પ્રકાશથી સર્વ કાંઈ તેજસ્વી છે,

તેમનો પોતાનો પ્રકાશ સારા જગતને અજવાળે છે.

ત્યારે ત્યાં એક જ ઘેટાંપાળક અને એક ટોળું હશે, અગમ્ય વિશ્વંભર ખ્રિસ્તમાં સર્વ કોઈ સંયુક્ત થઈ પરસ્પર એકરૂપ થઈને રહેશે (એફેસી. ૧:૧૦). આ જ ખ્રિસ્તી અદ્વૈત અથવા એક શબ્દમાં કહીએ તો खिस्ताद्वैत- ખ્રિસ્તાદ્વૈત.

શાન્તિ !

# ૫

# સદ્ગુરુ અને તેમની શિષ્યતા

## અનિવાર્ય ગુરુ

હિંદુ અને ખ્રિસ્તી એ બંને ધર્મોમાં ગુરુની આવશ્યક્તા અનિર્વાય છે. ગુરુ મોક્ષયાત્રાનું નિર્દેશન કરે છે. સંત કબીરે કહ્યું છે :

गुरु बिन कैसे लाग पार ।

"ગુરુ વિના કેવી રીતે તરીને સામે કિનારે પહોંચી શકાય ?"

માત્ર ગુરુ જ અધિકારપૂર્વક ધર્મશાસ્ત્રનું શિક્ષણ આપી શકે અને સંસ્કારદીક્ષા પ્રદાન કરી શકે. તેમનું પદ પંડિત કરતાં ભિન્ન છે, કારણ કે પંડિતનું પદ મહદ્ અંશે વંશપરંપરાગત તેમ જ માત્ર બૌદ્ધિક જ્ઞાન આપનાર હોય છે.

છાંદોગ્ય ઉપનિષદ ૪:૪:૩ અને ૪:૧૪:૧માં શ્રુતિ કહે છે કે ગુરુ વેદોથી પણ શ્રેષ્ઠ છે, કારણ કે કેવળ ગુરુએ આપેલ જ્ઞાન જ પાપબંધનમાંથી મુક્તિ તરફ દોરી જાય છે.

શ્રી મહાભારત સ્વીકારે છે કે મોક્ષપ્રાપ્તિનો માર્ગ, કેવળ એક જ માર્ગ છે કે જેના પર મહાત્મા અથવા ગુરુજન ચાલ્યા હોય:

तर्कोऽप्रतिष्ठः श्रुतयो विभिन्ना
नैको ऋषिर्यस्य मतं प्रमाणम् ।
धर्मस्य तत्त्वं निहितं गुहायां
महाजनो येन गतः स पन्थाः ॥

તર્ક સ્થિર નથી; શ્રુતિઓ વિભિન્ન છે; એક પણ એવા ઋષિ નથી જેમનો મત પ્રમાણભૂત ગણાય. ધર્મનું અસલ તત્ત્વ તો ગુફાઓમાં ઢંકાયેલું પડયું છે. આથી મોક્ષમાર્ગ તો એ છે કે જે માર્ગ પર કોઈ મહાપુરુષ ગયા હોય (વનપર્વ ૩૧૩:૧૧૭).

ગુરુ બે પ્રકારના હોઈ શકે: એક શિક્ષા ગુરુ જે કેવળ સાંસારિક સત્ય अपराविद्या શીખવે છે અને બીજા दीक्षा गुरु જે અલૌકિક દર્શન અર્થાત્ पराविद्यानां દ્વાર ખોલે છે.

**પરમેશ્વર જ એકમાત્ર સદ્‌ગુરુ છે.**

અદ્વૈતારક ઉપનિષદના સોળમાં મંત્રમાં વ્યાખ્યા 'गुरु' શબ્દની રચના બે મૂળ શબ્દો - 'गु' એટલે અંધકાર, અને 'रु' એટલે મટાડનાર - દૂર કરનાર - એ બંને મળીને થઈ છે. જીવાત્માના ઘોર અંધકારનો નાશ કરનાર ગુરુ જ છે.

ઈશ્વર સિવાય એવું બીજું કોણ છે જે ગુરુનું સ્થાન લઈ શકે ? કોઈપણ મનુષ્ય પાપનો અંધકાર દૂર કરવાને સમર્થ નથી એ તદન સાદી સરળ બાબત છે. વેદાંતોએ આ કેટલું સાચી રીતે સ્વીકાર્યું છે; જેથી કહે છે:

गुरुदेव हरिः साक्षान्नान्य इत्यब्रवीच्छुतिः

ગુરુ જ સાક્ષાત્ પરમેશ્વર છે - બીજા કોઈ નહિ, એવું વેદ-શ્રુતિનું કથન છે. (બ્રહ્મવિદ્યા ઉપનિષદ ૩૧).

અદ્વૈતારક ઉપનિષદ ૧૭, જાહેર કરે છે કે ગુરુ परंब्रह्म અથવા સર્વોચ્ચ ઈશ્વર છે.

વર્તમાન સમયમાં શ્રી રામકૃષ્ણ પરમહંસે પણ આ માન્યતા રજૂ કરી છે કે ગુરુ એ જ સચ્ચિદાનંદ છે - પરમેશ્વર પોતે જ ગુરુ છે (Thus spake series).

પવિત્ર ગ્રંથ બાઈબલ માત્ર એક જ ગુરુ કે શિક્ષકને માને છે.

> તમે તમે પોતાને 'આચાર્ય' પણ કહેવડાવશો નહિ, કારણ તમારે એક જ આચાર્ય છે અને તે ખ્રિસ્ત (માથ્થી ૨૩:૧૦).

સાતતાલ ખ્રિસ્તી આશ્રમમાં દીવાલ પરનાં બોર્ડ પર લખવામાં આવ્યું છે: "ઈસુ ખ્રિસ્ત જ આ આશ્રમના ગુરુ છે." ખ્રિસ્તી માણસો પોતાની ગુરુભક્તિ (સર્વશ્રેષ્ઠ ભક્તિ) કેવળ પરમેશ્વરને અર્પિત કરે છે, જેમનું પ્રકટીકરણ સદ્ગુરુ પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં થયું છે.

પ્રભુ ઈસુના પ્રેરિતો પિતર, પાઉલ, યોહાન અને બીજાઓએ, લોકો તેમના પ્રત્યે જે ગુરુભક્તિ દર્શાવતા હતા તેનો સાવચેતીપૂર્વક અસ્વીકાર કર્યો.

પ્રભુ ઈસુ ગાલીલ અને યહૂદિયા પ્રાંતોમાં ઉપદેશ કરી રહ્યા હતા ત્યારે ત્યાંના સર્વ યહૂદીઓ પરસ્પર ઈસુના દૈવી સામર્થ્ય અંગે સહમત નહોતા થઈ શક્તા કે એક સદ્ગુરુ અથવા સાચા આચાર્ય તરીકે તેઓ બીજા લોકોનાં પાપ માફ કરી શકે અને તેમનો આત્મિક અંધકાર દૂર કરી શકે? સરખાવો દા.ત., માર્કની સુવાર્તા ૨:૫-૧૦. આમ છતાં, ઈસુ ખ્રિસ્ત પાપદાસત્વના બંધનમાંથી મુક્તિ આપવાનું કાર્ય કરતા રહ્યા:

> પણ તમને ખબર પડે કે, માનવપુત્રને પૃથ્વી ઉપર પાપની માફી આપવાનો અધિકાર છે, એટલા ખાતર - તેમણે પેલા લકવાવાળાને કહ્યું - "હું તને કહું છું કે, ઊઠ, તારું બિછાનું ઉપાડીને તારે ઘેર જા." એટલે પેલો માણસ ઊઠીને તરત જ બિછાનું ઉપાડીને બધાંના દેખતાં બહાર ચાલ્યો ગયો. આ જોઈને બધા ચકિત થઈ ગયા અને

ઈશ્વરની સ્તુતિ કરતાં કહેવા લાગ્યા, "આવું અમે તો કદી જોયું નથી !" (માર્ક ૨:૧૦-૧૨).

ઉપનિષદો અને અન્ય હિંદુ શાસ્ત્રોએ નીચે પ્રમાણે ગુરુની યોગ્યતાઓ પર વિસ્તૃત પ્રકાશ ફેંક્યો છે. તે મુજબ ગુરુ:

પરમેશ્વર (અને તેથી દાસત્વમાં નથી) - બ્રહ્મવિદ્યા ઉપનિષદ ૩૧, શ્રુતિગ્રંથોના જ્ઞાતા, શ્રોતિયમ,- મુંડકોપનિષદ ૧:૨:૧૨, પરમેશ્વરમાં એકાકાર, બ્રહ્મનિષ્ઠમ્ - મુંડકોપનિષદ ૧:૨:૧૨, પરંબ્રહ્મના અનુગામી બ્રહ્મચારી - અથર્વવેદ ૧૧:૫:૧૭, વિશુદ્ધ ચારિત્ર્યશીલ, નિષ્પાપદેહી, - પાણિનિ ૪:૪:૯૮, નિર્મળ (શુદ્ધ), નિર્દ્વન્દ્વ (માત્ર એક), ત્રિકાલજ્ઞ (સર્વજ્ઞ), અનાસક્ત (મોહ વિનાના) - કુલર્નવાતંત્ર ૧૩:૩૮-૫૦, તારનાર અને આશ્રયસ્થાન છે, - વિવેક ચૂડામણિ ૩૪-૩૬.

તેમ છતાં, આ શતાબ્દીમાં હિંદુ ધર્મમાં ગુરુઓ તથા ભગવાનોનો રાફડો ફાટયો છે. ખ્રિસ્તી ધર્મમાં પણ કેટલાક ગુરુઓ ઊભા થયા છે. આ ગુરુઓ ઈશ્વરના અવતાર સમાન મનાય છે ! એમાંના મોટા ભાગના ગુરુઓ વૈભવ અને વિલાસમાં, વાતાનુકૂલિત મહાલયોમાં બિરાજે છે, તેમની પાસે ભવ્ય મોટરગાડીઓ કે એરોપ્લેન તથા સમૃદ્ધ પશ્ચિમી દેશોની બેંકોમાં વિપુલ નાણાં જમા હોય છે.

જો આપણે ધર્મગ્રંથોનાં વચનો પર ધ્યાન આપ્યું હોત તો આપણે તેમની સાચી કિંમત સમજી જાત.

આપણા પોતાના દેશના સંતોએ આપણને કહ્યું છે:

शिष्य ऐसा चाहिए तो अपना सर्वस् दे ।
गुरु ऐसा चाहिए तो किसी से कुच्छ न ले ॥

પોતાનું સર્વસ્વ આપી દે એ શિષ્ય;
કોઈની પાસેથી કશું પણ ન લે તે જ ગુરુ.

पानी पीजे छान के ।
गुरु कीजे जान के ॥

પાણી પીતાં પહેલાં ગાળવું જોઈએ, તેવી રીતે ગુરુ ગ્રહણ કરતાં પહેલાં ગુરુને પણ સારી રીતે ઓળખી લેવા જોઈએ.

लोभी गुरु लालची चेला ।
दोनो नरक में ठेलम ठेला ॥

લોભી ગુરુ અને લાલચુ ચેલો
બંનેનો નરકમાં ઠેલમ-ઠેલો.

गुरु तो ऐसा चाहिए जस सिकलीगर होय ।
सकल दिनन का मोर्चा पल में डारे खोय ॥

ગુરુ એવા હોવા જોઈએ કે જે સરાણિયા જેવા હોય,
જે જીવનભરનો બધો કાટ આંખના પલકારામાં દૂર કરે.

આપણા વિદ્વાન વૈદિક મિત્રો એવા તારણ પર આવ્યા હતા કે ધર્મશાસ્ત્રોમાં ઉલ્લેખિત ગુણો ધારણ કરનાર સાચા સદ્‌ગુરુ પ્રાપ્ત કરવા આ જગતમાં દુર્લભ છે (કુલર્નવા તંત્ર ૧૩:૯૯:૧૩૧ વગેરે, વિવેક ચૂડામણિ ૩).

આવા દૃષ્ટિકોણથી જ્યારે હું પ્રભુ ઈસુ ખ્રિસ્તનું ઐતિહાસિક સ્વરૂપ નિહાળું છું ત્યારે તેમના વ્યક્તિત્વમાં સદ્‌ગુરુનાં લક્ષણો પામીને આભારી ભાવથી મારું હૃદય ગદ્‌ગદિત થાય છે.

આ પુસ્તકના ચોથા પ્રકરણમાં, પ્રભુ ઈસુના 'શુભ' અને 'નિર્મળ' સ્વભાવ અને ચારિત્ર્ય વિષે આપણે અગાઉ અધ્યયન

કરી ગયા છીએ, જેમનામાં પાપનો કોઈ ડાઘ પણ નહોતો; જે સર્વજ્ઞ ત્રિકાળજ્ઞાની છે; એવા કર્મયોગી છે કે જેમણે પોતાના હિત માટે કંઈ જ કર્યું નહિ, પ્રેમ અને અહિંસાના ઝરણાસમ છે; 'સિદ્ધ બ્રહ્મચારી' અને ખરા 'વૈરાગી' છે, જે ક્રૂસ પરના અવેજી બલિદાનના 'ક્રૂસયજ્ઞ' થી સાજા કરવા, માફી બક્ષવા તથા પાપીને તારવા સર્વશક્તિમાન છે; એવા સંપૂર્ણ આદર્શ કે જેમના અનુયાયી કદી ઠોકર ખાય નહિ.

આ પ્રમાણે વિલક્ષણતાપૂર્વક ઈસુ ખ્રિસ્ત વેદાંતોના ગુરુ સંબંધીની મૂળભૂત સૂક્ષ્મદષ્ટિને પરિપૂર્ણ કરે છે. જો આપણે ઈસુને એક બાજુ પર મૂકી દઈએ, તોપણ માનવજાતે પરમેશ્વર-પ્રેષિત ઈસુના જેવા બીજા કોઈ મુક્તિદાતાને હજી પણ શોધવા પડે.

આપણાથી એવી પ્રાર્થના ન કરાય કે પરમેશ્વર આપણા અવિશ્વાસને લીધે ફરી દેહધારણ કરવા રાજી થાય, જો કે એ સંભવિત પણ નથી. પરમેશ્વરે એક જ વાર બધાને માટે માનવદેહ ધારણ કર્યો જે સંપૂર્ણ અને સનાતન સમયને માટે પૂરતો છે. પરમેશ્વર માંસ અને રક્તના દેહમાં પ્રગટ થયા છે તેથી હવે બધાં દષ્ટિબિંદુઓ બદલાયાં છે. હવે એ પ્રકટીકરણના સંદર્ભમાં બધી વસ્તુઓ સ્થિર રહેશે અથવા તો પડી જશે. હવે ઈતિહાસ, ધર્મ, ફિલસૂફી કે અન્ય કોઈ બાબત પરમેશ્વરના પ્રકટીકરણને આ પૃથ્વી પરથી ટાળી શકશે નહિ.

**શિષ્ય**

જ્યારે ગુરુ વિષે વિચારીએ ત્યારે તેમને અનુસરનારા શિષ્યો હોવા જરૂરી છે.

જેમ બને છે તેમ શિષ્ય પાપ-દાસત્વ અને દુઃખમાં પતિત થયેલા હોવાથી, મુક્તિ મેળવવા ગુરુ તરફ દૃષ્ટિ રાખે છે. બાઈબલ પાપી મનુષ્યને એક ભટકી ગયેલ અને જીવનમાર્ગ ભૂલેલા તરીકે વર્ણવે છે, (જુઓ લૂકનો પંદરમો અધ્યાય.) વેદાંત પણ પાપીની લાક્ષણિક્તા દર્શાવતાં, જણાવે છે કે દુશ્મને અંધત્વનો પડદો નાખ્યો હોવાથી તે ઘરનો માર્ગ જાણતો નથી, પણ જ્યારે તેનો મિત્ર આવીને તેની આંખો પરથી પડદો હટાવી દે અને ઘરનો માર્ગ બતાવે, ત્યારે જ માર્ગ જડે. જુઓ છાંદોગ્ય ઉપનિષદ ૬:૧૪:૧-૨.

ભારતીય પરંપરા અનુસાર, આચાર્ય પોતે પોતાના શિષ્યોની પસંદગી કરે છે. છાંદોગ્ય ઉપનિષદ ૪:૪:૧માં સત્યકામ વિષેનું મનોહર આખ્યાન ખરેખર પ્રભાવશાળી છે. પ્રભુ ઈસુએ પણ ખુદ પોતાના શિષ્યોને પસંદ કર્યા હતા. તેમણે તેઓને યાદ કરાવ્યું હતું : "તમે મને પસંદ કર્યો નથી પણ મેં તમને પસંદ કર્યા છે..." (યોહાન ૧૫:૧૬).

પૂર્વીય દેશોમાં શિષ્ય અથવા બ્રહ્મચારી (પરમેશ્વરને અનુસરનાર)નું કર્તવ્ય હંમેશાં શિક્ષાર્થી અને પોતાના સ્વામી (ગુરુ)ની આજ્ઞા પાળનાર સેવક તરીકેનું રહ્યું છે. બ્રહ્મચારીએ સાફસૂફી કરી આશ્રમને તૈયાર રાખીને પાણી, ઇંધણ અને ભોજન લાવવા સારુ બહાર જવા માટે તત્પર રહેવું જોઈએ. પ્રભુ ઈસુના શિષ્યો પણ આવું જ કરતા હતા. પ્રભુ ઈસુએ તેમની પાસે સંપૂર્ણ આજ્ઞાપાલનનો આગ્રહ રાખ્યો હતો. તેમણે કહ્યું: "મારી આજ્ઞા પ્રમાણે વર્તો, તો જ તમે મારા મિત્રો છો" (યોહાન ૧૫:૧૪). તેઓ, જે કોઈ તેમની આજ્ઞા માનવાને સમર્પિત ન હોય તેને

શિષ્યત્વ પ્રદાન કરતા નહિ. શ્રીમંત યુવાન અધિકારી અને તેના જેવા કેટલાએક નિરાશ થઈને જતા રહ્યા. પ્રભુ ઈસુના કડક શિક્ષણને કારણે, ઘણા અનુયાયીઓ તેમનો સાથ છોડીને ચાલ્યા ગયા ત્યારે તેમણે પોતાના બાર શિષ્યોને માટે જવાનું દ્વાર ખોલી દઈને કહ્યું: "શું તમે પણ મને તજી દેવા ચાહો છો?" આ અત્યંત હૃદયસ્પર્શી અને ગંભીર પળમાં, શિષ્યોના હૃદયના ઊંડાણમાં જોરદાર હકારાત્મક કબૂલાત પ્રગટ થતાં, તેઓએ પ્રભુને ઉત્તર આપ્યો: "પ્રભુ, અમે કોની પાસે જઈએ? સાર્વકાલિક જીવન આપે તેવા શબ્દો તો તમારી પાસે જ છે" (યોહાન ૬:૬૬-૬૮).

ગુરુ અને તેમના શિષ્યો વચ્ચેનો આવો ગાઢ સંબંધ હિંદુ તેમ જ ખ્રિસ્તી ધર્મ, બંનેમાં - આપણે જે સમયોમાં જીવન જીવીએ છીએ તે સંજોગોમાં અતિ વિરલ છે. આ પ્રકારના આશ્રમો અલ્પ પ્રમાણમાં છે, ને આંગળીના વેઢે ગણાય એવા આચાર્ય તથા શિષ્યો છે. બાઈબલના પ્રેરિતોનાં કૃત્યોના પુસ્તકમાં વાંચીએ છીએ તેવા પ્રેરિતો અને શિષ્યો ભાગ્યે જ જોવા મળે છે. કોઈપણ કલીસિયાની સભ્ય-સૂચિમાં નામ દાખલ કરાવીને પછી પોતાની મનગમતી ઈચ્છાનુસાર ભક્તિસભામાં આવવું અને ખ્રિસ્તી કહેવડાવવું તો બહુ સરળ છે; પણ પોતાનો ક્રૂસ ઊંચકીને, પ્રભુની પાછળ પાછળ ચાલવું અને ખ્રિસ્તના શિષ્ય બનવું બિલકુલ અલગ છે.

## ગુરુના દીક્ષા-સંસ્કાર

ગુરુમંત્ર તથા શપથવિધિ મારફતે શિષ્યને 'દીક્ષા સંસ્કાર' આપવાનો ગુરુનો વિશિષ્ટ અધિકાર છે. પ્રભુ ઈસુએ પોતાના શિષ્યોને જગતના સર્વ લોકો સુધી તેમની આજ્ઞાઓ પહોંચાડવા

અને તેમને માનવાનું શીખવવા તેમ જ શિષ્યોની સાક્ષી દ્વારા જેઓ તેમના પર વિશ્વાસ કરે, તેમને તેવી જ રીતે દીક્ષા-સંસ્કાર પ્રદાન કરવાની આજ્ઞા આપી હતી. મૂળ ગ્રીક ભાષામાં આ સંસ્કાર વિધિ 'બાપ્તિસ્મા' કહેવાય છે. સંસ્કારની કાર્યવિધિ બજાવનાર અધિકારી પવિત્ર સૂત્રનું ઉચ્ચારણ કરે છેઃ "પિતા, પુત્ર અને પવિત્ર આત્માના નામમાં" (માથ્થી ૨૮:૧૯).

ભારતમાં કેટલાએક ખ્રિસ્તી આગેવાનોએ તાજેતરમાં એવો મત પ્રદર્શિત કર્યો છે કે આપણા દેશના જે 'શોધકો' પ્રભુ ઈસુની શિષ્યતા ગ્રહણ કરવાને માટે ઇચ્છા ધરાવે છે, તેમના માર્ગમાં બાપ્તિસ્માની સંસ્કાર વિધિ એક અવરોધ યા વિઘ્ન છે. થોડાં વર્ષો પહેલાં, એક ખ્રિસ્તી પત્રિકામાં જ્યારે આ પ્રકારનો મત પ્રગટ કરવામાં આવ્યો કે તત્કાળ મેં એક પ્રત્યુત્તર લખી મોકલ્યો અને તે પ્રકાશિત પણ થયો. તેમાં સ્પષ્ટતા કરવામાં આવી કે જો આપણી માતૃભૂમિના લોકોને એવું સમજાવવામાં આવશે કે સદ્‌ગુરુ પ્રભુ ઈસુએ તેમના તરફથી કોઈ દીક્ષા-સંસ્કાર આપ્યો ન હોત, તો તેઓ ભારે નિરાશા અનુભવશે.

દીક્ષા-સંસ્કાર વિધિ શિષ્યને "નવો જન્મ" પામેલાના સમૂહમાં સામેલ કરે છે. મહર્ષિ અત્રિએ પણ એવું જ શીખવ્યું છે :

जन्मना जायते शूद्र संस्कारात् द्विज उच्यते ।

"જન્મથી દરેક જણ શૂદ્ર છે,
સંસ્કારથી તે બીજી વાર જન્મ પામે છે."

યોહાન રચિત સુસમાચાર ૩:૩,૫,૭માં પરમેશ્વરથી થતા આ જન્મને "નવો જન્મ" અથવા "ઉપરનો જન્મ" એ રીતે

ઉલ્લેખ્યો છે. હિંદુ ધર્મમાં તેને ब्रह्मजन्म અર્થાત્ પરમેશ્વરથી ઉત્પન્ન થવું કહેવાય છે. કારણ કે અપસ્તંબ ધર્મસૂત્ર (૧:૧:૧૫:૧૩), અનુસાર ગુરુ બાળકને સર્વશ્રેષ્ઠ જન્મ આપે છેઃ માતા-પિતા તો કેવળ તેને કુદરતી જન્મ જ આપે છે.

તેથી બાપ્તિસ્માનો સિદ્ધાંત ભારતના લોકો માટે સમસ્યા નથી પણ જે રીતે ખ્રિસ્તી લોકો તેને પ્રસ્તુત કરે છે તેમાં સમસ્યા ઊભી થાય છે. 'બાપ્તિસ્મા' શબ્દ પોતે સારો છે; ગ્રીક ભાષામાં બાપ્તિસ્મા આપવાનો અર્થ પાણીમાં ડુબાડવું અથવા ધોવું એવો થાય છે. પણ જ્યારે આ બાપ્તિસ્મા શબ્દ આપણા દેશવાસીઓ અપરિચિત ભાષામાં સાંભળે છે, ત્યારે તે તેમના મનમાં ભય પેદા કરે છે. એને जलसंस्कारના નામથી સંબોધો તો તે એક આદરણીય શબ્દ બની જાય છે, કારણ કે ભારતીય માનસ તેનો અર્થ અને હેતુ સ્પષ્ટતાથી સમજી શકે છે.

કેટલીક વાર ઉત્તર ભારતની બાઈબલ સોસાયટીની શાખાઓને મેં બાપ્તિસ્મા શબ્દનો તરજુમો તેમનાં સુધારેલાં પ્રકાશનોમાં યોગ્ય રીતે કરવા સૂચવ્યું હતું. તિરુન્નેલવેલીની હાઈસ્કૂલમાં એક વખત જ્યારે હું સત્સંગનું સંચાલન કરી રહ્યો હતો ને બાપ્તિસ્મા વિષે વિવેચન કરી રહ્યો હતો ત્યારે સભા બાદ કેટલાક ખ્રિસ્તી ભાઈઓ ગર્વથી આગળ આવ્યા ને મને બતાવ્યું કે તેમના તામિલ બાઈબલમાં આ શબ્દનો અનુવાદ 'ज्ञान-स्नान' કરેલો છે, જેનો અર્થ જ્ઞાનમાં સ્નાન કરવું તેવો છે. મને તેથી હર્ષોલ્લાસ થયો. બાપ્તિસ્મા વાસ્તવમાં એ જ છે. શોધકે ખ્રિસ્તને દૈવી જ્ઞાન (पराविद्या)ના ઝરા તરીકે શોધી કાઢયો છે, અને તે જ્ઞાનમાં સ્નાન કરે છે! એમ છતાં હું તો આ શબ્દના શાબ્દિક

અર્થને ચુસ્ત રીતે વળગી રહેવા માગું છું ને તેને જલસંસ્કાર જ કહેવા ઇચ્છું છું.

ભારતીય વાતાવરણમાં પરદેશી શબ્દો વપરાવા લાગ્યા છે ને તેથી જે ગૂંચવણ ઊભી થઈ છે, તે સંબંધી બાઈબલનો બીજો એક શબ્દ મને યાદ આવે છે ને તે શબ્દ 'Conversion' અર્થાત્ પરિવર્તન છે. મૂળ ગ્રીક Epistrephe શબ્દનો અર્થ પરમેશ્વર તરફ ફરવું (પ્રે. કૃ. ૩:૧૯) થાય છે. બીજા શબ્દોમાં તેને conversion કહે છે. પણ આ અંગ્રેજી શબ્દ conversion દ્વારા આપણા દેશમાં કમનસીબે તેના અર્થમાં ગૂંચવાડો થયો છે. કેટલાકને મન તેનો અર્થ અનુચિત પ્રલોભનો, ધમકીઓ અથવા દબાણથી અનુયાયીઓની સંખ્યા વધારવાના હેતુથી કરાતું લોકોનું ધર્મપરિવર્તન થાય છે. પ્રભુ ઈસુની શિષ્યતાની આ કેવી ભયંકર ટીકા !

ભારતભરમાં ને મુખ્યત્વે- ઉત્તરમાં સત્સંગની ઘણી સભાઓમાં મેં સમય લઈને હૃદય ખોલી સ્પષ્ટતા કરી છે કે ખ્રિસ્તી **conversion** અથવા પરિવર્તનનો આવો કોઈ અર્થ થતો નથી અને આપણો પ્રભુ આ રીતે જ્યાં કંઈ ધર્મપરિવર્તન થાય તેને ધિક્કારશે. અત્યારે દુનિયામાં સંખ્યાનુસાર ખ્રિસ્તી લોકોનો ધાર્મિક સમૂહ સૌથી મોટો છે. પણ શું ખ્રિસ્તી ધર્મની પ્રશંસા એથી વધી છે? શું પ્રભુ ઈસુ આવા નામધારી ખ્રિસ્તીપણાથી મોટા ભાગે પ્રસન્ન થયો છે? સુવાર્તાઓમાં તેવો કોઈ ઉલ્લેખ નથી. પ્રભુ ઈસુ જેમની પાસે સાજા કરવાની અને કટોકટીમાં હજારોને જમાડવાની શક્તિ અને કરિશ્મા હતી, તેમણે કદી પણ પોતાના શિષ્યો વધારવાની ચિંતા કરી નહોતી. છેવટ સુધી તેમની પાસે મુઠ્ઠીભર

ઘનિષ્ટ શિષ્યોનો સમૂહ જ હતો. વાસ્તવિક રીતે અત્યારે જે રીતે 'ખ્રિસ્તી' શબ્દ વપરાય છે તેવા ખ્રિસ્તીઓ બનાવવા પોતાના શિષ્યોને કદી પણ ઈસુએ આજ્ઞા આપી ન હતી. તેમણે તો તેમને માત્ર શિષ્યો બનાવવા કહ્યું હતું. 'ખ્રિસ્તી' શબ્દ ત્યારે જ ખરો ઠરે કે જ્યારે તેમાં ઈસુની શિષ્યતાનો અર્થ હોય - જો એમ ન હોય તો તે ખરું નથી. તેથી જો કોઈ ખ્રિસ્તી અનુચિત કારણોથી કોઈને ક્યાંય પણ ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તન પામતો જુએ તો તેનું એ કર્તવ્ય છે કે તેણે તેનો વિરોધ કરવો. આપણા પ્રભુને કે આપણને તેમના અનુયાયીઓને પણ એવો રસ નથી કે નામ ખાતર પરિવર્તન કરીને ખ્રિસ્તી ધર્મમાં પચાસ લાખ લોકો ચોપડે નોંધાય. આપણું ધ્યેય ઉચ્ચ અને આધ્યાત્મિક છે. ઈસુ ખ્રિસ્ત સમસ્ત ભારત અને આખાયે વિશ્વને તેમના ખરા શિષ્યો બનવા નિમંત્રે છે. આ શબ્દોના વપરાશમાં અહીં એક ઉદ્દેશનો તફાવત છે.

જો અંગ્રેજી ભાષાના કોઈ વિશેષ શબ્દનો આ રીતે દુરુપયોગ થઈ રહ્યો હોય તો શું ખ્રિસ્તીઓની એ જવાબદારી નથી કે હિન્દી, ઉર્દૂ અથવા અન્ય ભારતીય ભાષામાં તેનો અનુવાદ કરે? Conversion નો અર્થ 'હૃદયપરિવર્તન' છે, તો ભારતમાં હૃદયપરિવર્તનનો કોણ વિરોધ કરે? જો કોઈ ચોર એક સંત બની જાય તો શું કોઈ વ્યક્તિ તેથી દુઃખી થશે? જો શરાબી પોતાનો માર્ગ બદલે, તો શું કોઈ માનવી તેના પર ગુસ્સે થશે? આત્મિક પરિવર્તન પવિત્ર છે અને આપણા દેશના લોકો આત્મિકતાનો સ્વીકાર કરે છે.

ખરું જોતાં તો આ પરિવર્તન અથવા બદલાણ જે લોકોને આપણા પ્રભુના શિષ્યત્વમાં લાવે છે અને આ રીતે તેમના

અનંત-જીવનના માટે નવી ક્ષિતીજો ખોલીને, પાપીને પરમેશ્વર સાથે એકરૂપ કરે છે; તે એક એવી બાબત છે કે કેવળ પરમેશ્વરની કૃપા જ જીવાત્માને અર્પી શકે, આત્મિક રીતે કોઈ ખ્રિસ્તી અન્ય વ્યક્તિનું બદલાણ કરે એ અસંભવિત છે. જો હું કોઈનું મારા ધર્મમાં પરિવર્તન કરાવું તો પરિવર્તન પામેલ વ્યક્તિ દયાપાત્ર નમૂનો બને ! આપણી ફરજ અને વિશેષાધિકાર કેવળ એ છે કે ઈશ્વરની સમક્ષતામાં લોકોને દોરી જઈએ. બદલાણ કે પરિવર્તન તો પરમેશ્વર અને શોધક વચ્ચેનો નિર્ણય છે.

## શિષ્યતા : વધસ્તંભનો માર્ગ

સદ્‌ગુરુ ઈસુ ખ્રિસ્ત લોકોને શિષ્યો બનાવવાની બાબતમાં આજે પણ ઘણા ચોક્કસ છે. તેઓ ખુલ્લી રીતે જાહેર કરે છે કે તેમની શિષ્યતા એટલે દુઃખદાયક ક્રૂસ ઉઠાવવો. તેમના આ શબ્દો તપાસો :

"જો કોઈ મારો અનુયાયી થવા માગતો હોય તો તેણે પોતાની જાતનો ત્યાગ કરવો જોઈએ અને પોતાનો ક્રૂસ ઉપાડીને મારી પાછળ આવવું જોઈએ." (માર્ક ૮ : ૩૪)

"જે પોતાના જીવનને આ દુનિયામાં અળખામણું કરે છે, તે શાશ્વત જીવન માટે તેને સલામત રાખે છે. જો કોઈ મારી સેવા કરવા ઈચ્છતો હોય તો તેણે મને અનુસરવું જોઈએ; હું જ્યાં હોઈશ ત્યાં મારો સેવક પણ હશે; જે કોઈ મારી સેવા કરશે તેનું પિતા સન્માન કરશે." (યોહાન ૧૨ : ૨૫-૨૬)

"જે મારા કરતાં માબાપને વધારે ચાહે છે તે મારે યોગ્ય નથી; અને જે પુત્રપુત્રીને મારા કરતાં વધારે ચાહે છે તે મારે યોગ્ય નથી; જે પોતાનો ક્રૂસ જાતે ઉપાડીને મારે પગલે ચાલતો નથી તે મારે યોગ્ય નથી. જે જીવન પામવા મથે છે તે ખૂએ છે, અને મારે ખાતર જે

જીવન ખૂએ છે તે પામે છે." (માથ્થી ૧૦: ૩૭-૩૯)

કેટલાક સન્માનીય યહૂદીઓ હતા જે ગુપ્ત રીતે મસીહ પર વિશ્વાસ કરતા હતા પણ ફરોશીઓને કારણે તેઓ કબૂલ કરતા નહોતા. તેમને સભાગૃહ (પ્રાર્થનાનું ઘર) માંથી બહિષ્કૃત થવાની બીક લાગતી હતી. તેમને ઈશ્વર તરફથી મળતા ગૌરવ કરતાં માણસો તરફથી મળતા ગૌરવની વધારે પડી હતી (યોહાન ૧૨:૪૨-૪૩).

આમ છતાં ઈસુ ખ્રિસ્તને તેઓના વિશ્વાસની ગુપ્તતાથી સંતોષ ન હતો, જેમ લૂક પ્રભુના શબ્દોનો અહેવાલ આપે છે તેમ : "એટલે જો કોઈ મારો અને મારાં વચનોનો સ્વીકાર કરતાં શરમાશે, તો માનવપુત્ર પણ જ્યારે પોતાનો, પિતાનો અને પવિત્ર દેવદૂતોનો મહિમા ધારણ કરીને આવશે, ત્યારે તેનો સ્વીકાર કરતાં શરમાશે," (લૂક ૯:૨૬). પ્રભુ ઈસુએ ગુપ્ત શિષ્યતા કદી પણ માન્ય રાખી નથી. તેમણે કહ્યું: "જે કોઈ મારો લોકો આગળ સ્વીકાર કરશે તેનો હું પણ મારા પરમપિતા સમક્ષ સ્વીકાર કરીશ; પણ જે કોઈ મારો લોકો આગળ ઈન્કાર કરશે તેનો હું પણ મારા પરમપિતા સમક્ષ ઈન્કાર કરીશ" (માથ્થી ૧૦:૩૨-૩૩).

ગુપ્ત શિષ્યો નિકોદિમસ અને આરીમથાઈના યુસફ અંગે છેલ્લે આપણે એટલું જ જાણીએ છીએ કે ક્રૂસ પરથી ઉતારવામાં આવેલા ઈસુના મૃતદેહ સાથે તેઓ સંકળાયેલા હતા. ઈસુએ કેટલાય જણને તેમને અનુસરવાનું કહ્યું હતું. એકે જવાબ આપ્યો: "પ્રભુજી, પ્રથમ મને મારા પિતાજીને દફનાવવા જવા દો." ઈસુનો પ્રત્યુત્તર હતો: "જેઓ મરેલાં છે તેઓ તેમનાં મરેલાંઓને ભલે દફનાવે, પણ તું જઈને ઈશ્વરના રાજ્યની ઘોષણા કર." બીજા એક માણસે કહ્યું, "પ્રભુ, હું આપની પાછળ આવીશ. પણ પહેલાં

મને ઘરનાં માણસોની વિદાય લઈ આવવા દો." ઈસુએ તેને કહ્યું, "જે માણસ હળ પર હાથ મૂકીને પાછું જુએ છે, તે ઈશ્વરના રાજ્યને લાયક નથી" (લૂક ૯:૫૯-૬૨).

ધર્મોના અનુયાયીઓમાં શિષ્યતાની સાત્ત્વિક મહત્તા લગભગ લુપ્ત થતી જાય છે. ખ્રિસ્તી બનવું તે સરળ હોઈ શકે પણ પ્રભુ ઈસુની શિષ્યતા ગ્રહણ કરવી એ ક્રૂસનું અને સંપૂર્ણ સમર્પણનું જીવન છે. "જીવન તરફ જતો માર્ગ સાંકડો છે, અને તેનો દરવાજો નાનો છે, તેમ એને શોધી કાઢનાર ઓછા હોય છે" (માથ્થી ૭:૧૪). જેમ ત્રીજી આંગળી પર સોનાની વીંટી પહેરવી, એ કોઈનાં લગ્ન થઈ ગયાની વાસ્તવિક ખાતરી નથી હોતી, તેમ થોડી વિધિઓ કે સંસ્કારો પૂરા કરવાથી નિશ્ચયાત્મક રીતે પ્રભુ ઈસુના શિષ્ય બની જવાતું નથી. શિષ્યતા અનંતજીવનની તરફ એક મૃત્યુમય પદાર્પણ છે. આપણા ઉદ્ધારને માટે પરમેશ્વરે સર્વસ્વ ગુમાવીને મૂલ્ય ચૂકવ્યું. આપણી શિષ્યતાનું મૂલ્ય પણ સંપૂર્ણ સમર્પણ જ થશે.

લૂક બીજા એક માણસને ઈસુની સાથે વાત કરતો જણાવે છે: "તમે જ્યાં જ્યાં જશો ત્યાં હું તમારી પાછળ આવીશ." તેની આ ઈચ્છામાં શું સમાયેલું છે તેનો તેને ખ્યાલ નહોતો, તેથી ઈસુએ તેને જવાબ આપ્યો: "શિયાળવાંને રહેવા માટે બોડ હોય છે, અને આકાશનાં પંખીઓને માળા હોય છે, પણ માનવપુત્રને માથું મેલવાનુંય ઠામ નથી !" (લૂક ૯:૫૮).

'The Upper Room' માં થોડા સમય પહેલાં એક વૃત્તાંત આપેલું હતું. ડીટ્રીચ બોનહોફર ઈસુ ખ્રિસ્તના અનુયાયી હતા. સોમવાર તા. ૯મી એપ્રિલ, ૧૯૪૫માં ફ્લોસેનબર્ગ-જર્મનીમાં

બોનહૉફરને નાઝી શાસનના દુશ્મન હોવાના અપરાધી તરીકે મૃત્યુદંડ આપવામાં આવ્યો. પ્રેરકબુદ્ધિની બાબતોમાં શાંત રહેવાની ના પાડવાના કારણે બે વર્ષ કેદમાં અને એકાંત યાતના-ગૃહોમાં ગાળીને મરણથી તેમનો અંત આવ્યો. બ્રિટીશ અધિકારી પેન બેસ્ટ જેમણે બોનહૉફર સાથે છેલ્લા થોડા મહિના કેદ ભોગવી હતી, તેમણે બોનહૉફરની જીવનકથા લખી છે. તેમણે પોતાની ડાયરીમાં નોંધ્યું છે: "રવિવાર, ૮મી એપ્રિલ, ૧૯૪૫, પાસ્ટર બોનહૉફરે એક નાનીશી પ્રાર્થનાસભા યોજી અને અમને એવો સંદેશો આપ્યો જે અમારાં હૃદયોને સ્પર્શી ગયો. "સભા પૂરી થઈ કે તરત બે માણસો બોનહૉફરને લેવા માટે આવ્યા. પેન બેસ્ટ આગળ જણાવે છે: અમે તેમને વિદાય આપી, તેમણે મને તેમની પાસે બોલાવ્યો ને કહ્યું, "આ અંત છે! પણ મારા માટે જીવનની શરૂઆત છે." શિષ્યતાનું આ કેવું મૂલ્ય!

તમે જે કોઈ પ્રણાલિકામાં માનતા હો અને ખ્રિસ્તી કે અન્ય કોઈ કહેવાતા હો, પણ શિષ્યત્વ ઈસુના પગલે પગલે ચાલવાથી જ પ્રાપ્ત થાય છે.

૧૯૫૮ના વર્ષ દરમિયાન હું પ્રાચીન ઈતિહાસના એક ભવ્ય નગર રોમની યાત્રા કરી રહ્યો હતો. એક સવારે 'કોલોસીયમ' નામથી ઓળખાતું પ્રખ્યાત વિશાળ સ્મારક જોવા હું ગયો. આ ગોળાકાર બાંધકામ, જે હાલ કેટલેક અંશે ભાંગીતૂટી હાલતમાં છે. તેમાં એક વેળા હજારો લોકો બેસતા અને નીચે ફેલાયેલા અગ્ગડમાં ચાલતી ક્રૂર ઘટનાઓ જોતા. તત્કાલીન સમ્રાટ દ્વારા સતાવણીને કારણે, ખ્રિસ્તી વિશ્વાસીઓને પ્રભુ ઈસુની શિષ્યતા છોડી દેવા માટે અથવા અગ્ગડમાં ભૂખ્યા સિંહો સમક્ષ ફેંકાઈ જવા

માટે કહેવામાં આવતું હતું. કેટલાકને દોડતા રથોની પાછળ બાંધવામાં આવતા અને કેટલાકને ઊકળતા તેલની કઢાઈમાં નાખવામાં આવતા અને એવો ઘણો જુલમ ગુજારવામાં આવતો. પણ તે વિશ્વાસીઓ અને શિષ્યોએ એ આનંદ અને મહિમા જે તેમને ઈસુ ખ્રિસ્તમાં મળ્યો હતો, તેની સામે આ સંસારની સતાવણીને અધિક મહત્ત્વ ન આપ્યું. આ ખરી શિષ્યતા ગણાય.

આ રોમ શહેરમાં 'કેટેકોમ્બ' અથવા ભોંયરાની ગુફાઓ ફેલાયેલી છે, જે ઘણી વાર કબર તરીકે વપરાતી. મૃત્યુની ધમકીઓને કારણે આ અંધારી ગુફાઓમાં દુશ્મનો તેમને અડકી ન શકે તેથી શિષ્યો તેમાં શરણ લેતા હતા; પણ અહીં ભૂખ, તરસ અને બીમારીઓથી રિબાઈને, એક પછી એક, તેમનાં બાળકો અને કુટુંબીઓ મૃત્યુ પામતાં હતાં. તેમની કબરો એ દીવાલોમાં હજી પણ મોજૂદ છે. આ મૃત્યુ પામેલાઓનાં વિયોગી સ્વજનોએ આ સમાધિઓની આવરણ શિલાઓ પર સુસમાચાર વૃત્તાંતોનાં રંગીન ચિત્રો કાળજીપૂર્વક દોરીને શણગારી છે. એવી કેટલીયે સમાધિઓ રૂમી ચાર અક્ષરો VITA થી અંકિત કરેલી છે, જેનો અર્થ 'જીવન' થાય છે. ચારે બાજુ મૃત્યુથી ઘેરાયેલા હોવા છતાં એ લોકો જીવન, કેવળ જીવનનો વિચાર કરીને, આવું લખી શક્યા. એવી હતી એમની શિષ્યતા !

ખ્રિસ્તી કલીસિયાના ઈતિહાસમાં અસંખ્ય પુરુષ અને સ્ત્રી શિષ્યોનાં ચિત્રો મોજૂદ છે. જેમણે શિષ્યતાને લીધે કષ્ટ સહી મરવાનું પસંદ કર્યું. ભારત સુદ્ધાં વિશ્વમાં કોઈ દેશ એવો નથી જ્યાં ઈસુની સાચી શિષ્યતાનો અર્થ ઘણાંને માટે પોતાની જાતને વધસ્તંભ અને મરણને આધીન થવાનો ન હોય. આથી 'ખ્રિસ્તી'

અથવા 'શિષ્ય' શબ્દના અર્થને કદી પણ પ્રલોભન અથવા દબાવનો વિષય સમજવો જોઈએ નહિ. શિષ્યતા ઈશ્વરનું આમંત્રણ છે. કોઈપણ વ્યક્તિ બીજા કોઈને શિષ્ય અથવા ખ્રિસ્તી બનાવી શકતી નથી.

## ભારતને સદ્ગુરુનું નિમંત્રણ

ભારતમાં સત્સંગ દરમિયાન ઘણા ઉચ્ચ હિંદુ જ્ઞાતિનાં ભાઈ-બહેનો દેખીતી રીતે ઈસુ ખ્રિસ્તના પ્રભુ તથા ઉદ્ધારક અને સદ્ગુરુ હોવાના દાવાની પ્રતીતિ થઈ છે. ગોરખપુરમાં જ્યારે મેં શિષ્યતા સ્વીકારવા શ્રોતાઓને પ્રાર્થનાનું તેડું આપ્યું ત્યારે સભાજનોમાં આગળ બેઠેલા એક સજ્જન પ્રત્યુત્તરમાં આગળ આવ્યા. કલીસિયાના પાળકે, વડીલોએ અને મેં તેમના માટે ખાસ પ્રાર્થના કરી. હું સાતતાલ પહોંચ્યો ત્યાર પછી પાળકે પત્ર લખીને મને જાણાવ્યું કે આ હિંદુ સજ્જને તે પછી તરત જ પ્રભુ ઈસુને અનુસરવાના હેતુથી જળસંસ્કાર પામવા નિર્ણય કર્યો હતો.

વાસ્તવમાં આપણા દેશમાં એવા હજારો સુશિક્ષિત લોકો છે જેમને એક યા બીજી રીતે પહેલેથી ખાતરી થઈ ચૂકી છે કે પ્રભુ ઈસુ જ માર્ગ, સત્ય અને જીવન છે, પણ વિભિન્ન વ્યક્તિગત કારણોને લીધે સદ્ગુરુનો દીક્ષા-સંસ્કાર લેવા ખચકાય છે. આ કારણો નીચે મુજબનાં હોઈ શકે:

ક. જ્ઞાતિ અને સમાજનો ડર

ખ. વડીલ સગાંસંબંધીઓનો ભય

ગ. ભાવિ લગ્ન-વ્યવસ્થા તૂટી જવાની બીક

ઘ. કૌટુંબિક વારસો, ધંધો કે નોકરી ગુમાવવાની બીક

ચ. પોતાનો ધર્મ કે સંસ્કૃતિ ગુમાવવાનો ડર

છ. વિદેશી પરમેશ્વરના અનુયાયી થવાનો ભય

જ. ઈસુ ખ્રિસ્ત જ માર્ગ છે તે અંગેની શંકા

આવાં ભાઈ-બહેનો માટે આપણે બીજું કંઈ જ કરી શકીએ નહિ, સિવાય કે પ્રાર્થના કરીએ કે ઈશ્વરની કૃપા, એમને એવું આંતિરક મનોબળ અને એવી હિંમત આપે કે જેથી જરૂર જણાય તો તેઓ, ગમે તે કિંમત ચૂકવીને પણ ઈસુ ખ્રિસ્તને અનુસરે.

પ્રભુ ઈસુના સમયમાં યહૂદીઓને પોતાનો ધર્મ ગુમાવવાની આવી જ બીક હતી. પણ પ્રભુ ઈસુએ કહ્યું:

> "એમ ન માનશો કે હું ધર્મસંહિતાનો કે પયગંબરોનાં વચનોનો ઉચ્છેદ કરવા આવ્યો છું. હું ઉચ્છેદ કરવા નહિ પણ પરિપૂર્તિ કરવા આવ્યો છું." (માથ્થી ૫: ૧૭)

મહારાષ્ટ્ર નિવાસી માનનીય નારાયણ વામન ટિળકના પૌત્ર પંડિત અશોકદત્ત ટિળક, જે નાસિક શહેરમાં યોજાયેલ સત્સંગના પ્રમુખ આયોજક હતા, તેમણે ઉપરોક્ત વાક્યનો સંસ્કૃતમાં નીચે પ્રમાણે અનુવાદ કર્યો છે:

न धर्मस्य खण्डनार्थे जगति जातोऽहं ।
धर्मस्य परिपूर्तिरिव मे अवतार हेतु ॥

પ્રભુ ઈસુ આજે પણ પ્રાચીન યુગના વિદ્વાન ઋષિઓના પ્રતિષ્ઠિત વંશજોને ફરી કહી રહ્યા છે: "હું તમારા ધર્મ યા સંસ્કૃતિને દૂર કરવા કે નષ્ટ કરવા આવ્યો નથી; હું તો તેમને પૂર્ણ કરવા આવ્યો છું." ખ્રિસ્ત અહીં એ માટે નથી કે બ્રહ્માંડની ઈશ્વરી વ્યવસ્થાને તોડે; તેઓ એકમાત્ર તેને સિદ્ધ કરનાર છે.

સત્યનો નાશ કરતા નથી- પણ "હું સત્ય છું" એમ કહીને પોતાનામાં સત્ય પ્રગટ કરે છે. પ્રેમને તેઓ નાબૂદ કરતા નથી-પોતાના અનુપમ વ્યક્તિત્વમાં પ્રેમને સિદ્ધ કરીને કહે છે, "ઈશ્વરને જગત ઉપર એટલો તો પ્રેમ હતો કે તેમણે પોતાનો એકનો એક પુત્ર આપી દીધો, જેથી જે કોઈ એમનામાં શ્રદ્ધા રાખે તે નાશ ન પામે, પણ શાશ્વત જીવન પ્રાપ્ત કરે" (યોહાન ૩:૧૬). ધર્મ સાચો હોય તે, ખુદ પરમેશ્વરમાંથી આરંભ થાય છે અને જ્યાં સુધી પરમેશ્વરનું અસ્તિત્વ છે ત્યાં સુધી ધર્મ પણ રહેશે. આમ છતાં કોઈ ચર્ચા વિના એ વાત એટલી સ્પષ્ટ છે કે ગમે, તો હિંદુ અથવા ખ્રિસ્તી યા અન્ય કોઈમાં, ધર્મના નામે જે કેટલીક અયોગ્ય બાબતો આજે ચાલી રહી છે, તે પરમેશ્વરના ન્યાયના દિવસે ઈસુ ખ્રિસ્તના પ્રકાશની સામે ટકી શકશે નહિ.

જ્યાં સુધી સત્યને અનુરૂપ હોય ત્યાં સુધી પ્રભુ ઈસુની શિષ્યતાનો અર્થ પોતાની સાંસ્કૃતિક પરંપરાને તિલાંજલિ દેવાનો નથી; અને જેમ અગાઉ ચોથા પ્રકરણમાં દર્શાવ્યું છે, તેમ પરમેશ્વર પોતાની જ સૃષ્ટિમાં કદી પણ વિદેશી ન હોઈ શકે. ઈસુ મૂળભૂત રીતે ઈઝરાયેલ દેશમાંથી ઉદ્દ્ભવ્યા નહોતા; તેઓ તો પરમેશ્વરના હૃદય-સ્થળથી પૃથ્વી પર આવ્યા હતા. ઈસુ કોઈ વિદેશી ખ્રિસ્તી સંસ્કૃતિની ઉપજ નહોતા. પરમેશ્વર જે સંસ્કૃતિઓની પર છે; તેમને બધી જ સંસ્કૃતિઓ પોતાનો મહિમા સમર્પિત કરશે.

## નવી શિષ્યતા

ભારત દેશમાં પ્રભુ ઈસુની શિષ્યતાનું ઉત્તમ રૂપ વિકસિત થવાનું બાકી છે. પરદેશી પ્રવૃત્તિઓની ઝુંબેશ અથવા ધાર્મિક ચળવળો દ્વારા નહિ, પરંતુ જ્યારે પૂર્વજો જેમની પ્રતીક્ષા કરતા

હતા તેવા સદ્‌ગુરુ ઈસુ ખ્રિસ્તની સત્યતાને વેદાંતના લોકો પોતે શોધી કાઢશે, ત્યારે જ તેમ બનશે. ભારતભરમાં ભ્રમણ કરતાં મેં એવું અનુભવ્યું છે કે આપણા લોકો, આપણા દેશવાસીઓ, તેમની આત્મિક ભૂખની પરિપૂર્ણતા પામ્યા સિવાય યાત્રાપંથના છેડે આવી પહોંચ્યા લાગે છે. શાંતિ અને આનંદ હજીયે તેમનાથી દૂર રહ્યાં છે, પરમેશ્વરની દૂરદર્શિતામાં પવિત્ર આત્મા ભારતવર્ષ પર પ્રચંડ આંધીની જેમ છવાઈ જશે ત્યારે વિશાળ જનસમુદાય પોતાના પ્રભુ અને મોક્ષદાતાને શરણે આવશે, એ દિવસ હવે કદાચ દૂર નથી. જ્યારે એ સમય આવશે ત્યારે તેમણે પોતાનાં ઘરો કે કુટુંબીઓને છોડવા નહિ પડે અને 'ધર્મ' કે સંસ્કૃતિનો ત્યાગ કરવાની આવશ્યક્તા પણ નહિ રહે. વધસ્તંભ પર સમગ્ર જગતને માટે પરમેશ્વરના હલવાને વહેવડાવેલ રક્ત દ્વારા તેઓનાં મન બદલાશે, પરિવર્તન પામશે અને શુદ્ધ થશે. ત્યારે જે ભોજન તેઓ કરતા આવ્યા છે તે જ ભોજન કરશે અને જે પહેરવેશ હંમેશ પહેરતા હતા તે જ પહેરશે. વહેલી પ્રભાતે સ્નાન અને પ્રાતઃ પૂજા માટે ઉઠવાનું તેઓ જારી રાખશે, ધ્યાન અને મનનમાં કલાકો સુધી મગ્ન રહી ભારતીય ધૂનો અને ભજનો ગાયા કરશે. તેઓ પ્રભુને અસ્વીકાર્ય લાગતી હોય તેવી બધી વસ્તુઓથી પોતે દૂર રહેશે, ત્રિએક પરમેશ્વરમાં પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા સાધવામાં આવેલ પરમશ્રેષ્ઠ યોગમાં તેઓ રાચશે. જ્ઞાતિ, માન્યતા યા રંગના ભેદની ભાવનાથી મુક્ત બનીને પૃથ્વી પર બધાં સ્ત્રી અને પુરુષો સાથે ભ્રાતૃત્વના દર્શન પામશે. બધાં ભેગા મળીને કલીસિયાના રૂપમાં, પ્રભુ મરણ પામેલાંઓમાંથી સજીવન થયા તે દિવસે ઉપાસના કરશે. ખ્રિસ્તની કરુણામાં તેઓ માનવજાતની સેવા કરશે અને સંપૂર્ણ જગતને પ્રભુના હાથોમાં સમાવી લેવાને માટે પોતાની સાક્ષી

આપશે. પ્રભુ પોતાનાં સંપૂર્ણ મહિમામાં પૃથ્વી પર પ્રગટ થવાના છે તે દિવસની તેઓ ઉત્કટ ઉત્કંઠા અને પ્રાર્થના સહિત પ્રતીક્ષા કરશે. ખ્રિસ્તના સમગ્ર શરીર, જીવંત કલીસિયાના તેઓ એક અંગ બનશે. એક બાબતને નવનિર્મિત કલીસિયા અસહ્ય ગણશે - અદશ્ય પરમેશ્વરની કોઈ મૂર્તિ કે પ્રતિમા તેઓની મધ્યે નહિ હોય.

જ્યાં સુધી મારા વાચકો અને મને પોતાને લાગેવળગે છે ત્યાં સુધી નવા શિષ્યોનો એ દિવસ અહીં જ અને હમણાં આવી ગયો છે, આજે જ છે. પ્રભુ ઈસુને અનુસરવાનો એ દિવસ આજે જ છે. આપણે એ પરિવર્તનના છડી પોકારનાર હોઈ શકીએ છીએ.

વિદ્વાન શ્રી શંકરાચાર્યે આગ્રહપૂર્વક વિનંતી કરી છે કે શોધકે પોતાના ગુરુને "દયાના મહાસાગર" સમાન માન આપવું જોઈએ, તથા મૃત્યુમાંથી "શરણાગતિ" મેળવવા તેમની પાસે દોડી જવું જોઈએ (વિવેક ચૂડામણિ ૩૪-૩૬).

કઠોપનિષદના ઋષિ પ્રતિધ્વનિ થાય તેવી હાકલ કરે છે:

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।
क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्ग पथस्तत्कवयो वदन्ति ॥
(૧:૩:૧૪)

ઊઠો, હે મનુષ્ય! જાગો અને મહાપુરુષની નિકટ જઈને તે પરમાત્માને ઓળખો, કારણ કે જ્ઞાનીપુરુષો તો માર્ગને અસ્રાની તીક્ષ્ણ ધાર જેવો સાંકડો અને કઠણ દર્શાવે છે.

અને આપણે નવા કરારનાં આ વચનો પણ સાંભળીએ છીએ:

"ઓ ઊંઘનાર જાગ,
અને મરણમાંથી સજીવન થા!
એટલે ખ્રિસ્ત તારા પર પ્રકાશ પાડશે" (એફેસી ૫:૧૪).

પ્રભુ ઈસુ પોતે હર એક, સૌને પોકારીને કહે છેઃ

भो परिश्रान्ता भाराक्रान्ताश्च मम समीपायात ।
तेनाहं युष्मान् विश्रमयिष्यामि ॥

(मत्ती ११.२८ संस्कृत नया नियम)

"ઓ વૈતરું કરનારાઓ અને બોજ ઊંચકનારાઓ તમે બધા મારી પાસે આવો, અને હું તમને આરામ આપીશ."

(આમીન)

શાન્તિ !

# ૯

# યોગ : હિંદુ અને ખ્રિસ્તી દૃષ્ટિ

આ યુગમાં ભારતનું દુનિયાને જે કોઈ મહાન પ્રદાન હોય તો તે રહસ્યવાદ અને યોગ પ્રત્યે તેનું ધ્યાનપ્રેરક આકર્ષણ છે.

હિંદુ અને ખ્રિસ્તી બંને ધર્મો અનુસાર જીવાત્માનું અંતિમ ધ્યેય પરમાત્મામાં એકાકાર બની જવાનું છે.

યોગ એ સરસ શબ્દ છે. સંસ્કૃતમાં તેનું મૂળ યુજ્ અથવા યુગ્ છે, જેનો અર્થ બાંધવું, જોડવું અથવા એકાકાર થવું એવો છે.

વેબસ્ટરના મોટા અંગ્રેજી શબ્દકોશમાં 'યોગ' શબ્દનું અન્ય ભાષાઓ સાથેનું રોચક તુલનાત્મક વર્ણન નીચે મુજબ આપેલું છે :

| | | |
|---|---|---|
| સંસ્કૃત | युज् अथवा युग | yuj or yuga |
| પુરાતન અંગ્રેજી | ગોયેક | goec |
| મધ્યકાલીન અંગ્રેજી | યોક | yok |
| આધુનિક અંગ્રેજી | યોક | yoke |
| પ્રાચીન શુદ્ધ જર્મન | જોહ | joh |
| લેટિન | જુગુમ | jugum |
| ગ્રીક | ઝીગોન | zygon |
| ગ્રીક (નવા કરાર પ્રમાણે) | ઝુગોસ | zugos |
| હિંદી | યોગ | yoga |

વર્ષો અગાઉ ભારતની બાઈબલ સોસાયટીએ પ્રસિદ્ધ કરેલા

નવા કરારની સંસ્કૃત આવૃત્તિમાં અંગ્રેજી શબ્દ **'yoke'** નો અનુવાદ યુગં કરેલો છે:

मम युंग स्वेष्वर्पयत

મારી ઝૂંસરી તમારા પર લો. (માથ્થી ૧૧:૨૯)

યોગ સાધના એક પ્રાચીન પરંપરા રહી છે. પ્રાચીન પૂર્વ-આર્ય સંસ્કૃતિમાં યોગ પ્રથાની સાબિતીઓ મોહેં-જો-દડો અને હડપ્પાનાં પુરાતત્ત્વીય ખોદકામોમાં મળી આવી છે.

**વ્યાખ્યા**

કઠોપનિષદ (રચના આશરે ઈ. સ. પૂર્વે ૪૦૦) યોગની વ્યાખ્યા આ પ્રમાણે કરે છે:

तां योगमिति मन्यन्ते स्थिरामिन्द्रियधारणाम् ।

(૨:૩:૧૧)

તેઓ ઇન્દ્રિયોની સ્થિર ધારણાને જ યોગ માને છે.

તેની આગળનો દસમો મંત્ર દર્શાવે છે કે આ યોગ અવસ્થામાં બુદ્ધિ નિષ્ક્રિય બની જાય છે.

મહર્ષિ પતંજલિ (આશરે ઈ. સ. પૂર્વે ૨૦૦) એ યોગને નૈતિક તથા શારીરિક કસરતોની વ્યવસ્થિત યોજનાનું રૂપ આપ્યું છે અને યોગની વ્યાખ્યા આ પ્રમાણે કરે છે:

योग: चित्तवृत्ति निरोध्य:

(યોગસૂત્ર ૧:૧-૨)

મનની ચંચળવૃત્તિના નિરોધને યોગ કહે છે.

આના સંદર્ભમાં શંકરાચાર્ય પણ અમુક અંશે સહમત થઈ શકે, કારણ કે તેમની પણ એ જ માન્યતા હતી:

तस्मिन्विनष्टे सकलंविनष्टं

અર્થાત્ : જો મનનો નાશ કરવામાં આવે તો સઘળી ભૂંડાઈનો પણ નાશ થાય. (વિવેક ચૂડામણિ ૧૯૯)

કેટલાક ઉપનિષદોએ કઠોર સિદ્ધાંતો નક્કી કરીને હઠયોગ અથવા યોગ-સાધના માટે હઠીલો અભ્યાસ એવું નામ આપ્યું, પરંતુ પતંજલિએ પોતે પોતાની પદ્ધતિમાં આનો સમાવેશ કર્યો નથી. આમ છતાં એક આઠ અંગી "अष्टांग" વિધિની રચના કરીને પતંજલિએ આ માર્ગના કડક પાલન દ્વારા દરેકને માટે પરિપૂર્ણ સમાધિ પ્રાપ્ત કરવાની સગવડ કરી છે. સમાધિ, એ મૂર્છા કે શૂન્ય અવસ્થા જેવી સ્થિતિ છે, જેમાં મન ધાર્યા પ્રમાણે નિષ્ક્રિય બની જાય છે.

આ આઠ પગથિયાં નીચે મુજબ છે:

૧. યમ (હિંસા, જૂઠથી દૂર રહેવું, ગરમ અને ઠંડુ, ભોજનની આદતો, નિદ્રા તથા ઈન્દ્રિયો પર અંકુશ)
૨. નિયમ (ગુરુભક્તિ, સત્યતા, સંતોષ, એકાંત, ફળપ્રાપ્તિ માટે નિષ્કામભાવ અને વૈરાગ્ય જે ત્યાગની અવસ્થા છે)
૩. આસન (એકાગ્રતાથી બેસવાની વિશિષ્ટ સ્થિતિ)
૪. પ્રાણાયામ (શ્વસનક્રિયા દ્વારા (પ્રાણવાયુ)ને વશમાં રાખવો)
૫. પ્રત્યાહાર (ઈન્દ્રિયોનો સંયમ કરવો)
૬. ધારણા (મનની એકાગ્રતા)
૭. ધ્યાન (નિષ્ક્રિય બની ધ્યાનાવસ્થા મનન, ચિંતન)
૮. સમાધિ (સબીજ યા નિર્બીજ, જાગૃત યા સુપ્ત)

(યોગસૂત્ર ૧:૫૧ અને મંડળ બ્રહ્મોપનિષદ ૧:૧)

જાગૃત સમાધિવસ્થામાં એવી માન્યતા છે કે યોગી આશ્ચર્યજનક શક્તિઓ પ્રાપ્ત કરે છે જેને 'સિદ્ધિ' અને 'વિભૂતિ' કહેવાય છે; જેવી કે આકાશમાં ઊડવું, પાણી પર ચાલવું, સિંહોને વશ કરવા, પોતાનું શરીર છોડીને બીજાં રૂપ લેવાં (સરખાવો યોગતત્ત્વ ઉપનિષદ). તોપણ યોગીને આમાંની કોઈપણ શક્તિનો પ્રયોગ કરવા ઉત્તેજન આપવામાં આવતું નથી. કારણ કે આ શક્તિઓ તેના મનને પરિપૂર્ણ નિર્બીજ સમાધિ પ્રાપ્ત કરવાને બદલે એના મનને બીજી દિશામાં લઈ જાય.

શ્રીમદ્ ભગવદ્ગીતા યોગને समत्वं योग उच्यते અથવા સામ્ય બુદ્ધિ કહે છે (ગીતા ૨:૪૮). સમત્વ એ એવી અવસ્થા છે જ્યાં દરદ અને દુઃખ વચ્ચે ભિન્નતા પરખાતી નથી. ગીતા ૨:૫૬; એ अचल અને निश्चल સ્થિતિ છે. ૨:૫૩. જેમ કાચબો પોતાનાં અંગોને સંકોચી લે છે તે જ રીતે મનુષ્ય પોતાની પાંચેય ઈન્દ્રિયોને સમેટી લે તેને યોગ કહે છે. યોગ એ એક દીપક છે, જેની જ્યોત પવનની ગેરહાજરીમાં સ્થિર રહે છે (ગીતા ૬:૧૯).

અગાઉ જોઈ ગયા તે પ્રમાણે, છેવટે પ્રાણ કે જીવાત્માનું પરમાત્મામાં એકરૂપ થઈ જવું તે યોગ છે. જેમ એક સરિતા મહાસાગરમાં મળીને પોતાના અસ્તિત્વને ગુમાવી દે છે, તેમ જીવાત્મા, પરમબ્રહ્મમાં સંપૂર્ણ એકાકાર થઈ જાય તેવો અર્થ અદ્વૈતવાદીઓને મન હોય છે.

વૈષ્ણવવાદના અગ્રેસર અને વિશિષ્ટાદ્વૈતના સ્થાપક શ્રી રામાનુજાચાર્યનો મત એવું નથી શીખવતો કે મોક્ષ અથવા યોગમાં પોતાની જાતને કે વ્યક્તિત્વને ગુમાવવાં પડે. વૈષ્ણવ મત અનુસાર આ એકત્વ એ એક લોખંડના ટુકડા સમાન છે, જે

અગ્નિમાં નાખવાથી પોતે અગ્નિના સ્વરૂપમાં બદલાઈ જાય છે છતાં પણ પોતે લોખંડ હોવાનું લક્ષણ ગુમાવતો નથી.

પતંજલિના યોગ-સિદ્ધાંત અનુસાર જીવાત્માનું પરમાત્મામાં મિલન કે કોઈ દેવમાં એકરૂપ થઈ જવું એમ નથી. સાંખ્ય અને યોગ-સિદ્ધાંતો અનુસાર જીવાત્મા પોતાના અધિકારની રૂએ સત્ત્વમાં પુરુષ બની જાય છે. યોગપ્રાપ્તિ માટે આ બંને પદ્ધતિઓ અનુસાર પરમેશ્વરની કોઈ કૃપાની આવશ્યક્તા રહેતી નથી. વેદાંત અલબત્ત, આ બાબત સાથે ચોક્કસપણે સહમત થાય નહિ. શંકરાચાર્ય એમ માનતા હતા કે મોક્ષ (યોગાવસ્થા) ઈશ્વરની કૃપાથી મળે છે (देवानुग्रह, हेतुकम्, विवेक चूडामणि-३).

## ખ્રિસ્તી સિદ્ધાંતમાં યોગ

પવિત્ર આત્માના આંતરિક કાર્ય દ્વારા, જે પાપી મનુષ્યને નવો જન્મ દેનાર તથા પોતાના વારસાને માટે તેના પર મહોર લગાવનાર છે, તે જીવાત્માના પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં એકાકાર થઈ જવા અંગે બાઈબલમાં અત્યંત દૃઢ તથા નિશ્ચિત વિચાર વ્યક્ત કરવામાં આવ્યા છે. (એફેસી. ૧:૧૩). પ્રભુ ઈસુ ખ્રિસ્તની મારફતે આપણો આત્મા પવિત્ર ત્રિએક પરમેશ્વરમાં સંયુક્ત બની જાય છે (યોહાન સત્તરમો અધ્યાય). આમ છતાં, બાઈબલમાં યોગ કોઈ અવસ્થા અથવા ક્રિયાઓને અનુશાસિત કરવામાં નથી, બલ્કે તે તો આપણાં જીવનમાં આપણા પ્રભુની મારફતે પરમેશ્વરના પ્રવેશનું પરિણામ છે.

પરમેશ્વરમાં આપણા આ પ્રમાણે લીન થઈ જવાને 'ખ્રિસ્તાદ્વૈત' અથવા પ્રભુ ઈસુમાં એકાત્મક્તા કહેવાય છે. જો કે આ શંકરાચાર્યના અદ્વૈત ભાવથી તદન અલગ છે.

'ખ્રિસ્તાદ્વૈત' નામના પુસ્તકના લેખક અને અમદાવાદની બાઈબલ સેમિનરીના ભૂતપૂર્વ પ્રાચાર્ય રેવ. રોબીન બોયડે ખ્રિસ્તી યોગને છ શીર્ષક હેઠળ વર્ગીકૃત કર્યો છે:

૧. પરમ-પિતા પરમેશ્વરમાં એકીકરણ, જેમ કે ખ્રિસ્ત અને પરમ-પિતા એક છે. (યોહાન ૧૦:૩૦; ૧૭:૧૧).
૨. ખ્રિસ્તનો આ અદ્વૈતવાદ અથવા તેના સર્જન સાથેનો અદ્વૈતવાદ, એ સર્વેશ્વરવાદ પ્રકારનો નથી, પણ સર્વ વસ્તુઓ ઈશ્વરે તેમની મારફતે અને તેમના માટે ઉત્પન્ન કરી તેમની સાથેના જોડાણને કારણે જ યોગ્ય સ્થાને ટકી રહે છે તે રીતે (કલોસી. ૧:૧૭).
૩. વિશ્વાસથી ખ્રિસ્તમાં શિષ્યોની એક્તા. "મારામાં રહો" (યોહાન ૧૫:૪).
૪. શિષ્યોની એકબીજા સાથેની એક્તા જેથી "ખ્રિસ્તનું શરીર" બને છે.
૫. સમસ્ત માનવજાતનું અદ્વૈત અથવા એકીકરણ જેનો અર્થ એ છે કે અંતે દરેક દેશના વિશ્વાસીઓ પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં એક થશે.
૬. છેવટે માણસનું પ્રકૃતિ સાથે અદ્વૈત.

પ્રભુ ઈસુની આ પ્રકારની એકાત્મતા બાઈબલનો મહત્ત્વપૂર્ણ સિદ્ધાંત છે, જે "માં" (IN) ના રહસ્યવાદી સ્વરૂપમાં વારંવાર વપરાય છે તે પરથી જોઈ શકાય છે. નવા કરારમાં જ ૩૩ વાર આપણને જણાવવામાં આવ્યું છે કે ખ્રિસ્ત આપણાં "માં" વસે છે -૨ કોરીંથી. ૧૩:૫ ઈત્યાદિ. "તમને એટલી ખાતરી નથી કે ખ્રિસ્ત તમારામાં વસે છે?"

મૂળ ગ્રીકમાં એકલા એફેસીઓના પત્રમાં ૮૯ વાર 'માં' (IN) શબ્દનો ઉલ્લેખ થયો છે. નવા કરારમાં ખ્રિસ્ત 'માં' (IN) આપણું સ્થાન અથવા તેની સમકક્ષ સ્થિતિ વિશે ૧૩૦ વાર જણાવવામાં આવ્યું છે. "તમે મારામાં વસો અને હું તમારામાં" (યોહાન ૧૫:૪). "આપણે ઈશ્વરમાં વસીએ છીએ અને તે આપણામાં વસે છે. તેનો પુરાવો એ છે કે, તેમણે આપણને પોતાનો આત્મા અર્પ્યો છે" (૧ યોહાન ૪:૧૩). પાઉલ લખે છે, "તેથી હવેથી હું જીવતો નથી, પણ ખ્રિસ્ત મારામાં જીવે છે" (ગલાતી. ૨:૨૦).

"વિશ્વાસની મારફતે જ તમે સર્વ ઈસુ ખ્રિસ્તની સાથેના જોડાણને લીધે ઈશ્વરના પુત્રો છો. ઈસુ ખ્રિસ્તની સાથેના સંબંધમાં તમને બાપ્તિસ્મા આપવામાં આવ્યું છે; જેથી તમે ખ્રિસ્તનું જીવન અપનાવી લીધું છે. આમ યહૂદી કે બિનયહૂદી ગુલામ કે સ્વતંત્ર, પુરુષ કે સ્ત્રી વચ્ચે હવે કોઈ તફાવત નથી. "ઈસુ ખ્રિસ્તની સાથેના સંબંધને લીધે તમે બધા એક છો" (ગલાતી. ૩:૨૬-૨૮).

પ્રભુ ઈસુમાં આપણા એકત્વની લાક્ષણિક્તા અને સીમાનું પ્રકટીકરણ ઈસુના પોતાના શબ્દોમાં, નીચેની કલમોમાં "જેમ" - "તેમ" (AS) પદો દ્વારા સમજી શકાય છે:

> "હું ઉત્તમ ઘેટાંપાળક છું, **જેમ** પિતા મને ઓળખે છે અને હું પિતાને ઓળખું છું **તેમ** હું મારાં ઘેટાંને ઓળખું છું અને તેઓ મને ઓળખે છે" (યોહાન ૧૦:૧૪-૧૫).
>
> "**જેમ** પિતા મારા પર પ્રેમ કરે છે તે **પ્રમાણે** હું પણ તમારા પર પ્રેમ કરું છું. તમે મારા પ્રેમમાં રહો."
>
> (યોહાન ૧૫:૯)

"તેઓ બધા એક થાય, હે પિતા જેમ તમે મારામાં વસો છો અને હું તમારામાં, તેમ તેઓ આપણામાં વસે."

(યોહાન ૧૭:૨૧)

શાસ્ત્ર-વચન બતાવે છે કે ઈસુ ખ્રિસ્તમાં આપણું જે એકત્વ છે તે સંપૂર્ણ અને પરિપૂર્ણ છે. "ઈશ્વરના ઐશ્વર્યની સમગ્ર પરિપૂર્ણતા ખ્રિસ્તમાં જ મૂર્તિમંત થઈ રહેલી છે, અને તેમનામાં જ તમે પરિપૂર્ણ થયા છો" (કલોસી ૨:૯-૧૦). "તેઓ સંપૂર્ણ રીતે એક બને !" (યોહાન ૧૭:૨૩).

'નવો કરાર' પ્રભુ ખ્રિસ્તની 'સાથે' આપણા એકીકરણ અથવા સંબંધ કે જોડાણ વિષે પણ રજૂઆત કરે છે. 'સાથે' શબ્દ યોગમાં આપણાં સક્રિય સંબંધનો પ્રતીક છે. આમ છતાં "માં" શબ્દ ભાવાત્મક ગહનતાને લીધે મહત્ત્વપૂર્ણ છે. આ તફાવત યોહાન ૧૪:૧૭માં બારીકાઈથી જોઈ શકાય છે: "પરંતુ તમે તેને (આત્માને) ઓળખો છો, કારણ, તે તમારી સાથે જ છે; અને તમારાં અંતરમાં વસે છે."

પરમેશ્વર અને વિશ્વાસી વ્યક્તિ વચ્ચે રહેલી એક્તાના સ્વરૂપને બાઈબલમાં વિવિધ દષ્ટાંતો દ્વારા પ્રગટ કરવામાં આવ્યું છે, કેટલાંક નીચે પ્રમાણે છે:

(ક) દ્રાક્ષાવેલો તથા ડાળીઓના રૂપમાં: "હું દ્રાક્ષાવેલો છું, અને તમે ડાળીઓ છો" યોહાન ૧૫:૫

(ખ) બળદની ઝૂંસરીના રૂપમાં: મારી ઝૂંસરી તમારા પર લો... મારી પાસે શીખો... આરામ મળશે" માથ્થી ૧૧ :૨૯. આ એ ચિત્ર તરફ સંકેત કરે છે જેમાં એક નવા યુવાન બળદને બીજા પરિપક્વ બળદની સાથે

ઝૂંસરીએ જોડવામાં આવે છે, જેથી નવો પોતાના પરિપક્વ સાથી પાસેથી ઝૂંસરીમાં જોડાતાં શીખે. આ ઉપરાંત ખેંચવાનો મુખ્ય બોજ પણ મોટા બળદ પર પડે છે.

(ગ) મંદિર અને તેના પથ્થરના રૂપમાં: "ઈસુ ખ્રિસ્ત પોતે એની કોણશિલા છે; તેમને આધારે આખું ચણતર પરસ્પર જોડાઈને વધતું વધતું પ્રભુનું પવિત્ર મંદિર બને છે, અને તમે પણ ઈસુને આધારે બીજાઓ ભેગા ચણાઓ છો. અને એમ ઈશ્વરનું એક આધ્યાત્મિક મંદિર રચાતું જાય છે" (એફેસી. ૨:૨૦-૨૨). સરખાવો ૧ પિતર ૨:૪-૫

(ઘ) પતિ અને પત્નીના રૂપમાં: "આથી માણસ પોતાનાં માતાપિતાને છોડી જશે અને પોતાની પત્નીને વળગી રહેશે, અને બંને એકરૂપ બની જશે. આ એક મોટું રહસ્ય છે અને હું તો એને ખ્રિસ્તને અને ધર્મસભાને લાગુ પાડું છું" એફેસી. ૫:૩૧-૩૨.

(ચ) નર અને નારીના રૂપમાં: "શાસ્ત્રમાં કહ્યું છે તેમ, "બંને એક દેહ બની જશે." પણ જે પ્રભુ સાથે સંયોગ સાધે છે તે પ્રભુ સાથે એકાત્મ બની જાય છે" ૧ કોરીંથી. ૬:૧૬-૧૭.

(છ) માનવદેહ અને અવયવોના રૂપમાં: જેમાં પ્રત્યેક અંગ સંપૂર્ણ શરીરના એક ભાગરૂપ હોય છે. "જેમ શરીર એક છે, અને તેને અનેક અંગો છે, અને શરીરનાં અંગો અનેક હોવા છતાં બધાં મળીને એક શરીર બને છે, તેવું જ ખ્રિસ્તનું છે. એક જ આત્મા દ્વારા સ્નાનસંસ્કાર પામીને આપણે એક શરીર બનેલા છીએ,

પછી યહૂદી હોઈએ કે ગ્રીક, ગુલામ હોઈએ કે સ્વતંત્ર - અને આપણને બધાને એક જ આત્માનું જલપાન કરાવેલું છે" (૧ કોરીંથી ૧૨:૧૨-૧૩).

(જ) પરમેશ્વર પિતા અને તેના પુત્રના રૂપમાં: "પિતા, જેમ તમે મારામાં વસો છો અને હું તમારામાં વસું છું, તેમ તેઓ પણ આપણામાં વસે, જેથી જગતને ખાતરી થાય..." (યોહાન ૧૭:૨૧).

આ પ્રમાણે બાઈબલમાં સત્ય યોગનો ઉલ્લેખ ભારપૂર્વક કરવામાં આવ્યો છે, એ તેથી તદ્દન સ્પષ્ટ છે.

## પરસ્પર તફાવત

ઉપર દર્શાવ્યા મુજબ ઈશ્વર અને માણસ વચ્ચે યોગના સિદ્ધાંતને વેદાંત અને બાઈબલ, બંને દઢતાપૂર્વક અનુમોદન આપે છે. તેમ છતાં બંને વચ્ચે કેટલાક મહત્ત્વપૂર્ણ તફાવત પણ છે, જે નીચે મુજબ છે:

(૧) હિંદુ ધર્મમાં વાસ્તવિક યોગ (મિલન) અલભ્ય સિદ્ધિ છે, અને એક જીવનકાળમાં ત્યાં સુધી પહોંચવું ખરેખર અશક્ય છે.

अभ्यास लभते ब्रह्मन् जन्मजन्मान्तरे क्वचित् ।
मेलनं जन्मनां तत्तुं शतान्तेऽपि न लभ्यते ॥

(યોગ-કુંડલી ઉપનિષદ ૨:૬ સરખાવો ૨:૭)

યોગ અભ્યાસ તો કોઈપણ જન્મમાં મળી શકે, પણ ખરો મિલનયોગ તો સેંકડો જન્મોમાં પણ નથી મળતો.

ખ્રિસ્તમાં વિશ્વાસી વ્યક્તિને તે આ જીવન કાળમાં જ પરમેશ્વર તરફથી મળેલ ભેટ છે અને તે કોઈ ઉગ્ર

દેહ-સાધના નથી. પ્રભુ ઈસુએ કહ્યું "મારી ઝૂંસરી તમારા પર લો.. અને તમારા જીવને આરામ મળશે, કારણ મારી ઝૂંસરી ઊંચકવામાં સહેલી છે..." માથ્થી ૧૧:૨૯-૩૦.

(૨) ખ્રિસ્તયોગમાં આપણું મન કે બુદ્ધિ રદ કરવામાં, દાબી દેવામાં કે નષ્ટ કરવામાં આવતાં નથી. બલ્કે તે પ્રભુના મહિમા અને માનવસેવા અર્થે સમર્પિત કરવામાં આવે છે. ખ્રિસ્ત યોગનું લક્ષ્ય શૂન્યસમાધિ અથવા સુપ્ત ચેતનાવસ્થા નથી. ખ્રિસ્ત દ્વારા પરમેશ્વરમાં તે સભાન એકત્વ છે, જેમાં દર્શન, સમાધિ અવસ્થા અને પરમાનંદની અનુભૂતિને બાકાત રખાતાં નથી. પિતર, યાકુબ અને યોહાનને વારંવાર આવા અનુભવો થયા હતા. અને છેલ્લે;

(૩) હિંદુ ધર્મમાં યોગ સમાધિ અથવા મોક્ષની શોધ તથા તેની પ્રાપ્તિની આશા, કદાચ હોય તોપણ, જીવનયાત્રાના અંતિમ છેડા પર હોય છે. ઈસુ ખ્રિસ્તમાં, આત્મિક જીવનના આરંભની સાથે જ, જ્યારે શિષ્ય વિશ્વાસની મારફતે પોતાનું જીવન ખ્રિસ્તને સમર્પિત કરે છે ત્યારે જ પવિત્ર આત્મા દ્વારા મુદ્રાંકિત કરવામાં આવે છે.

જીવન-મુક્ત (જે મૃત્યુ અને પાપ-બંધનોમાંથી મુક્ત થઈ ગયા હોય)ના અદ્વૈતવાદ મુજબની માન્ય વિશિષ્ટતાઓ, જેણે પ્રભુ ઈસુનો પોતાના આત્મામાં અનુભવ કરી પરમેશ્વરમાં એકત્વ પ્રાપ્ત કર્યું હોય એવા ખ્રિસ્તી શિષ્યની લાક્ષણિક્તાઓ સાથે કેટલીક બાબતોમાં સમાનતા ધરાવે છે. એવા ખ્રિસ્તયોગી પૃથ્વી પરની પોતાની પરદેશયાત્રા, તેનું શરીર અંત પામે ત્યાં સુધી સાક્ષાત્કારની

સ્થિતિમાં સતત ચાલુ રાખે છે.

## સૂફીવાદમાં યોગ

ઈસ્લામ ધર્મનો સૂફીવાદ પરમેશ્વરમાં એકત્વ પ્રાપ્તિ સિવાય અન્ય કોઈપણ બાબતથી સંતોષ માનવા તૈયાર દેખાતો નથી. એક અરબ સૂફી પરમેશ્વરની નિકટતામાં મગ્ન બની અગમ્ય આત્મા સાથે વાત કરતાં કહે છે:

હે પ્રિય, મને પ્રેમ કર, કેવળ મુજને પ્રેમ કર,
માત્ર પ્રેમને ખાતર, મારા પર પ્રેમ કર,
મારામાં, મારા એકલામાં જ તુજને સમાવી પ્રેમ કર,
પોતે મારામાં જોડાઈ જા, મને તારી બાથમાં સમાવી લે,
દુનિયાના કોઈ પણ કરતાં, હું તારી છું નજીક,
જ્યારે નિકટ તું મારી આવે, તો હું ખરેખર તુજ નિકટ,
તારા પોતાના કરતાં, તારા આત્મા કરતાં હું વધુ નજીક,
નિકટ ખરે, છું હું તારા શ્વાસથી પણ સમીપ.

(અંગ્રેજી ઉપરથી ભાવાનુવાદ)

એક અન્ય મુસ્લિમ સૂફી ફારસીમાં લખે છે:

મન તૂ શૂદમ, તૂ મન શૂદી
મન તન શૂદમ, તૂ જાન શૂદી
તકશ ન ગોયદ બાદ અઝીન
મન દીગરમ તૂ દીગરી (ગુજરાતી લિપિમાં)

હું તું બન્યો, તું હું બન્યો
હું દેહ બન્યો, તું પ્રાણ બન્યો
જેથી કોઈ ટીકા ન કરે કે
હું બીજો અને તું વળી બીજો કોઈ.

## શારીરિક કસરત દ્વારા યોગ

ઘણા હિંદુ ચિંતકો, મહર્ષિ પતંજલિ અને બીજા હઠ યોગીઓ સાથે સહમત નહિ થાય, જેઓ યોગપ્રાપ્તિ માટે અષ્ટાંગ (આઠ અવસ્થા), વિભિન્ન આસનો અથવા કુંડલિની કસરતો દ્વારા ચક્રાકાર શક્તિ વિકસિત કરવાની ભલામણ કરે છે. જ્યાં સુધી માનવીનું મન અને ઇચ્છા ભયાનક ત્રિવિધ માયાની અસર હેઠળ હોય ત્યાં સુધી તે શુદ્ધ માનસિક સ્થિતિમાં પોતાના દૈહિક, સંયમ દ્વારા યોગ્ય રીતે એકાગ્ર બની શકે નહિ. ગીતા ૫:૧૫માં સ્પષ્ટતા કરી છે કે अज्ञानेनावृत ज्ञानं અર્થાત્ (આપણું જ્ઞાન અજ્ઞાનતાથી ઢંકાયેલું છે).

યોગ કુંડલિની ઉપનિષદ ૨:૬-૭ અનુસાર નિર્બીજ સમાધિ સેંકડો પુનર્જન્મોમાં પણ શક્ય નથી. શ્રી શંકરાચાર્યની માન્યતા સરખાવતાં કર્મસંસાર ચક્રમાં માનવ પુનઃજન્મ વિરલ છે (વિવેક ચૂડામણિ ૩).

અગાઉના પ્રકરણમાં અમે તેજોબિંદુ ઉપનિષદ ૨ના કથન તરફ ધ્યાન દોર્યું છે કે જ્ઞાનીપુરુષોને પણ ધ્યાન કે મનન કરવું, પ્રાપ્ત કરવું, તેમાં સ્થિર થવું, તેની વ્યાખ્યા કરવી અને પૂર્ણ કરવું તે ખરેખર ખૂબ જ અઘરું છે. (કોઈ પણ રીતે ધ્યાનને આ રીતે ઊતરતી કક્ષાનું ગણતા નથી. ખ્રિસ્તી રહસ્યવાદમાં ધ્યાન બહુ જ અર્થપૂર્ણ છે). આ સંદર્ભમાં બાઇબલ જણાવે છે:

> "એ નિયમો માણસે પોતે ઉપજાવી કાઢેલી ભક્તિ, દેહદમન અને દેહકષ્ટને લીધે જ્ઞાનમાં ખપે છે ખરા, પણ દેહની વાસનાઓને કાબૂમાં રાખવામાં કશા કામના નથી."

(કલોસી ૨:૨૩)

હવે ભગવદ્‌ગીતાનું સાંભળીએ (૧૭:૫-૬):

"શાસ્ત્રોની આણ નથી તોપણ જેઓ ઘોર તપશ્ચર્યા કરે છે, તથા દંભ, અહંકાર, કામના અને લાલસાઓથી ભરપૂર, મૂર્ખ બનીને દેહને લગતાં તત્ત્વોના સમૂહને તેમ જ હું જે તમારામાં વસું છું તેને પણ દાબી દે છે, તેમને તમે આસુરી સ્વભાવવાળા ગણો."

પ્રાણામય દ્વારા (શ્વસનક્રિયા થંભાવી દઈને) બુદ્ધિજ્ઞાનથી શૂન્યતા પ્રાપ્ત કરવા, જેઓ બળપૂર્વક ચિત્તવૃત્તિનું દમન કરે છે, તેમનો કેટલાક લોકોએ અસ્વીકાર કર્યો છે, કારણ કે સામાન્ય શ્વાસોચ્છ્વાસ દ્વારા સ્વચ્છ પ્રાણવાયુ ફેફસામાં જઈ આપણા રક્તને શુદ્ધ કરે છે. અસ્વાભાવિક સાધનોથી શ્વસન ક્રિયા ચિત્તવિકૃતિના કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. ફ્રેન્ચ લેખક અને સંસ્કૃત વિદ્વાન બાર્થે જણાવ્યું છે કે યોગાભ્યાસ દરમિયાન જાણીબૂજીને કરેલી શારીરિક કસરતો મૂર્ખાઈભરી નીવડે છે. શંકરાચાર્યે એક વિશેષ જાહેરાત કરી છે કે યોગ અથવા સંખ્યાવિધિ દ્વારા મોક્ષની પ્રાપ્તિ અસંભવિત છે: વિવેક ચૂડામણિ ૫૬.

## યોગ પર ખ્રિસ્તી વિચારદર્શન

જાન્યુઆરી, ૧૯૦૯માં એક અંગ્રેજ વિદ્વાન ડો. જે. રેન્ડેલ હેરિસે સમયના વહેણમાં ખોવાયેલી શંકાયુક્ત કાવ્ય રચના "સુલેમાનનાં ગીતો"ની એક લગભગ આખી નકલ શોધી કાઢી. જે પ્રથમ શતાબ્દીના ખ્રિસ્તીઓમાં સુપ્રસિદ્ધ હતી. તેમાં ૪૨ ગીતો સ્પષ્ટ રીતે અંત્યોખમાં પહેલી સદીના પાછલા ભાગમાં રહેતા એક ખ્રિસ્તી લેખકની રચના હતી. તેના ત્રીજા ગીતનું ટૂંકું વર્ણન આ મુજબ છે:

જો પ્રભુએ મારા પર પ્રેમ કર્યો ન હોત,
તો તેના પર પ્રેમ કરવાની મને ખબર ન પડત,
કારણ જેના પર પ્રેમ કર્યો હોય તેના સિવાય
બીજા કોને પ્રેમનો અર્થ સમજાય ?
હું મારા પ્રીતમને ચાહું છું,
અને મારો આત્મા એને ચાહે છે,
જ્યાં તે આરામ લે છે, ત્યાં હું પણ હોઉં છું,
અને હું એને મન અજાણી વ્યક્તિ નથી,
કારણ કે અતિ મહાન અને દયાળુ પ્રભુ,
મારાથી કંઈ જ પાછું રાખતો નથી,
ખરેખર હું એની સાથે ઐક્ય અનુભવું છું,
કારણ કે પ્રીતમને પ્રિયતમા જડી છે,
અને જે પુત્ર છે તેના પર હું પ્રેમ કરીશ,
તેથી હું પણ પુત્ર બની જઈશ,
કારણ કે જે અમર છે, કદી મૃત્યુ પામતો નથી,
તેની સાથે હું જોડાયેલો છું.
તેથી તે પણ પોતે અવિનાશી, અમર બનશે,
અને જે કોઈ આ જીવંત પ્રભુમાં આનંદ માણે છે;
તે પોતે જીવંત બની જશે,
આ પ્રભુનો આત્મા છે
તે જૂઠું બોલતો નથી.
એ માનવપુત્રોને એના માર્ગ શીખવે છે;
બુદ્ધિમાન થાઓ. સમજણા થાઓ અને જાગૃત રહો.
હાલેલૂયાહ !" ('ડીસીઝન' મેગેઝિન, ઓકટો-૧૯૭૫)

સંત ઓગસ્ટીને, પોતાના જીવનમાં પરમેશ્વર અંતર્ભૂત હોવા અંગે આ શબ્દોમાં પ્રત્યાઘાત આપ્યો: "મેં તો તમને દૂર દૂર શોધ્યા અને મને ખબર નહોતી કે તમે મારી કેટલી નિકટ છો! મેં તો તમને તમારાં સર્જનોમાં બહાર શોધ્યા, અને જુઓ, પ્રભુ તમે તો મારામાં જ હતા!"

થોમસ મર્ટને તેમના 'Thoughts in Solitude' નામના પુસ્તકમાં 'પરમેશ્વર ખાતર, પરમેશ્વરની સાથે અને 'પરમેશ્વરમાં' જીવંત રહેવામાં પરસ્પર તફાવતનું રસિક આલેખન કર્યું છે.

(ક) જેઓ પરમેશ્વરને 'ખાતર' જીવે છે, તેઓ બીજાઓ સાથે તેમની સામાજિક પ્રવૃત્તિઓમાં જીવતાં હોય છે; કારણ કે જે કંઈ તેઓ કરે છે તેમાં તેમનું જીવન છે.

(ખ) જેઓ પરમેશ્વર 'સાથે' રહે છે, તેઓ એ માટે નથી રહેતા કે તેઓ પરમેશ્વરને 'ખાતર' કાંઈ કરે છે, પણ એ માટે કે પરમેશ્વરની સમક્ષ તેઓ કેવા છે; અને

(ગ) જેઓ 'પરમેશ્વરમાં' રહે છે તેઓ બીજા લોકો 'સાથે' કે પોતાનામાં જીવતા નથી: વળી, તેઓ જે કાંઈ કરે છે એમાં પણ નહિ - કારણ પરમેશ્વર તેમનાં 'માં' રહીને સર્વ કાંઈ કરે છે.

આપણા કવિઓમાંના એક પંડિત નારાયણ વામન ટિળકે તેમની મરાઠી રચના 'ભક્તિ-નિરંજન' માં પ્રભુ ઈસુમાં યોગ અનુભવનુ નિરૂપણ કર્યું છે, જેનો ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે.

જેમ વીણા અને સંગીતકાર, જેમ વિચાર અને બોલેલો શબ્દ,
જેમ ગુલાબ અને સુગંધ, જેમ વાંસળી અને નાદ,

તેમ ખ્રિસ્ત મારા પ્રભુમાં, મારું બંધન ગહન.

જેમ મા અને તેનું બાળક, જેમ ગુમરાહ મુસાફરને પથદર્શક,

જેમ તેલ અને ટમટમતી દીપ-જ્યોત પરસ્પર સાથ

એમ જ ખ્રિસ્ત મારા પ્રભુના જીવનમાં મારું જીવન.

જેમ સરોવર પાસે વર્ષાધાર, જેમ માછલી અને નિર્મળ જળ,

જેમ સૂર્ય અને આનંદમય પ્રભાત, ગાઢ તન્મયતામાં દેખાય,

તેમ હું અને મારા ખ્રિસ્ત, પ્રગાઢ પ્રેમબંધનમાં લીન.

યોગની એક્તામાં વિવિધતા સંબંધી ટિળક વર્ણન કરે છે કે તે એક ચિત્રકારની કળા સમાન છે, જે વિવિધ રંગોથી એક સુંદર દશ્ય બનાવે છે; ઘર કુટુંબમાં, એક બીજાથી ભિન્ન એવાં બાળકોથી એક કુટુંબ બને છે, જેમ કવિ ઘણા શબ્દો લઈ એક મધુર ગીત રચે છે, જેમ જુદા જુદા પ્રકારથી ઝગમગતા તારલા એક સ્વર્ગીય લાલિમા પૃથ્વી પર સર્જે છે, જેમ પિયાનો પર જુદા જુદા સ્વરોની સૂરાવલિથી મધુર સંગીત રચાય છે, તેમ જ 'આત્માઓ જેઓ એકબીજાથી અપરંપાર ભિન્ન છે, તેઓ એક વિશ્વાત્મામાં એકાકાર બની જાય.'

પ્રસિદ્ધ લેખક જે. પેન-લુઈસે પોતાના અનુભવનું આલેખન નીચેના શબ્દોમાં કર્યું છે:

"જે પ્રભુની સાથે જોડાય છે તે તેમની સાથે આત્મામાં એક થાય છે," (૧ કોરીંથી ૬:૧૭). અહીં બહુ સ્પષ્ટતાથી આત્માના મિલન દ્વારા ઈસુ ખ્રિસ્તમાં એકાકાર યા લીન થઈ જવાનું દર્શાવ્યું છે, જે ક્રૂસના કાર્યનો ઉદ્દેશ તથા પરિણામ છે. મરેલામાંથી સજીવન થયેલા અને સ્વર્ગારોહણ કરેલા પ્રભુની સાથે આ એકાત્મક્તા કેવળ આત્મામાં જ હોઈ શકે છે, અને જેમ વિશ્વાસી વ્યક્તિનો આત્મા તેના પ્રાણનાં બંધન ખૂલી જવાથી સ્વતંત્ર બને છે, તેમ પ્રભુમાં

આત્માનું એકત્વ પ્રાયોગિક રીતે પૂર્ણ થાય છે..."

('Soul and Spirit', પૃષ્ઠ ૩૮)

ટિળક પણ ફરી આ મુજબ જણાવે છે:

"સ્વીકાર્ય હો, તુજને પ્રભુ મારી સમર્પિત પ્રાર્થના,
જો કંઈ પણ હોય મારું, પ્રભુ મારામાં ક્યાંય,
કર કૃપા કે તે બધું થાય, તારામાં વિલીન,
બે વ્યક્તિત્વ ભળીને બને આત્મામાં એક."

('ભક્તિ નિરંજન' ૧:૧૭ ભાવાનુવાદ)

ખ્રિસ્તી રહસ્યવાદના વિવિધતાપૂર્ણ દર્શનમાંથી ઉપરોક્ત માત્ર થોડા નમૂનાઓ છે, જે અહીંતહીં ખ્રિસ્તની કલીસિયામાં અસ્તિત્વમાં છે.

## ખ્રિસ્તના શિષ્યો યોગીઓ તરીકે

યોહાનની સુવાર્તા ઈસુના શિષ્યના જીવનને એક યોગીના રૂપમાં વર્ણવે છે, જેણે:

ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો છે, ૧૪:૧

પાપનાં બંધનોથી સ્વતંત્રતા પ્રાપ્ત કરી છે, ૮:૩૨

પરમેશ્વર દ્વારા જન્મ પામી લીધો છે, ૧:૧૩

અનંતજીવન પ્રાપ્ત કર્યું છે, ૩:૧૬

ખ્રિસ્તની શાંતિ મેળવી છે, ૧૪:૨૭

પ્રભુનો પરિપૂર્ણ આનંદ અનુભવ્યો છે, ૧૫:૧૧; ૧૬:૨૨-૨૪

પિતા અને પુત્ર પર પ્રેમ રાખ્યો છે, ૧૪:૨૧

ઈસુ ખ્રિસ્ત સાથે મિત્રતા બાંધી છે, ૧૫:૧૪-૧૫

પવિત્ર આત્માનો સહવાસ સેવ્યો છે, ૧૪:૧૭

પિતાનો પ્રેમ પ્રાપ્ત કર્યો છે, ૧૬:૨૭

ઈસુ ખ્રિસ્તમાં વસવાટ કર્યો છે, ૧૫:૪

પ્રભુ ઈસુમાં પિતા પરમેશ્વરને ઓળખ્યા છે, ૧૪:૭

ખ્રિસ્ત માટે આત્મિક ફળ આપ્યાં છે, ૧૫:૫

પરમેશ્વર અને તેમના પુત્ર સાથે એક્તા સાધી છે, ૧૭:૧૧, ૨૧-૨૩, ૩૬

સંપૂર્ણ રીતે એક બની ઐક્ય સાધ્યું છે, ૧૭:૨૩

ખ્રિસ્તની સેવાના સહભાગી થવાનું છે, ૧૭:૧૮; ૧૫:૨૭

એક બીજા પર પ્રેમ રાખ્યો છે, ૧૫:૧૭

દુનિયાની સતાવણી વહોરી છે, ૧૫:૨૦; ૧૭:૧૪-૧૬

ખ્રિસ્તનો મહિમા પ્રગટ કર્યો છે, ૧૭:૧૦

## દ્વૈતવાદની કરુણ દશા

દ્વૈતવાદ એવી સ્થિતિ છે જે એકબીજાને અળગા કરે છે, તે સૃષ્ટિને પરમેશ્વરથી સર્વદા જુદી સમજે છે અને જેને ફરીથી એક કરવાનું અશક્ય છે. વાસ્તવિક રીતે ધર્મશાસ્ત્રો સાક્ષી પૂરે છે કે પાપે મનુષ્યને પરમેશ્વરથી અલગ કર્યો છે પરંતુ બાઈબલ અને વેદાંત, બંને આ બાબતે સહમત છે કે આવી જુદાઈ કાયમ ટકવાની નથી. એવો સમય આવશે કે જ્યારે ઈશ્વરીય યોજનામાં પૃથ્વી પરથી ભૂંડાઈ નાબૂદ કરવામાં આવશે (પ્રકટીકરણ ૨૧:૮; ૨૨: ૫-૬) અને લોકો ઈશ્વરમાં કાયમને માટે વસશે, (પ્રકટી. ૨૧:૨૨; યોહાન ૧૪:૨૦).

ત્રિએક્તામાં ઈશ્વરનો સ્વભાવ અદ્વૈત છે, અને તેમના સિવાય બીજું કોઈ નથી. આ 'સર્જન' તેમના આદેશથી નિર્માણ થયું.

ઈશ્વરથી અલગ થયેલ પાપી પસ્તાવો કરે છે અને ઈશ્વરના

મૂળ સ્વરૂપમાં કૃપાથી પુનઃસ્થાપિત થાય છે ત્યારે તેને ઈશ્વરને અનુભવમાં જાણવાની તક પ્રાપ્ત થાય છે, અને પરમેશ્વરની જુદાઈની અવાસ્તવિક્તામાં નહિ પણ તેના એકત્વમાં સાચી ઓળખ થાય છે. જો આપણે દ્વૈતવાદને વળગી રહીએ, તો સત્યની કેટલીક બાબતોની જુદાઈમાં વસવાનું જારી રાખીએ છીએ. મોક્ષ કે તારણ એ ખરેખર એવી સ્થિતિ છે કે જેમાં દ્વૈતનો અંત આવે છે અને ઈશ્વરની અનિવાર્ય એક્તામાં માણસ પુનઃસ્થાપિત થાય છે.

પરમેશ્વરે દેહધારી થઈ માણસો માટે જે કર્યું છે તે સામાન્ય રીતે લોકો શા માટે સ્વીકારતા નથી?

જેણે નવો જન્મ પામીને પવિત્ર આત્માની ભરપૂરતાનો અનુભવ કર્યો છે, એવા તાજેતરમાં થયેલા ખ્રિસ્તીનું ઉદાહરણ લઈએ. તેને લાગે છે કે તે જાણે હવામાં ઊડતો હોય, પણ થોડા જ વખતમાં પરિસ્થિતિ પલટાય છે. તે હવે, ટોચ પર રહ્યો નથી. ફરીથી સંસાર તેના જીવનમાં ચૂપકીદીથી પ્રવેશે છે. સ્વપણામાં તે વધારે રાચે છે. હવે તે વિજયવંત જીવનનો આનંદ માણતો નથી. અવારનવાર તે ક્ષણિક વિજય મેળવે છે ખરો. જીવનમાં ચડતી-પડતી અનુભવે છે. નવા વર્ષે કેટલીયે નવી પ્રતિજ્ઞાઓ લે છે અથવા તો જૂની તાજી કરે છે પણ ફરીથી તરત તોડે છે. એના જીવનમાં આ બધું શું થઈ રહ્યું છે?

દેખીતી રીતે તેણે પરમેશ્વરમાં પોતાનું એકત્વ સિદ્ધ કર્યું નથી અને તાત્ત્વિક રીતે એ ગ્રહણ કર્યું જ નથી. કલીસિયા અને રવિશાળાએ તે બાબતો શીખવી નહિ. તેનું પરિવર્તન થયું પણ પછી તેને છોડી દીધો. તે દિન-રાત ઈશ્વરને પ્રાર્થના કરતો રહ્યો, જે ક્યાંક ઉપર છે, પણ એવા પરમેશ્વરને નહિ કે તેનામાં વાસો કરે

છે. તેણે આંતરિક રીતે આત્મિક જીવનને જોયું નહિ પણ માત્ર બાહ્ય રીતે તેનું અવલોકન કર્યું. નિરંતર તે એવી કબૂલાત કરતો રહ્યો કે "પ્રભુ, તું મહાન, સામર્થ્યવાન ને પવિત્ર છે. આ તારો સેવક તુચ્છ, નિર્બળ અને પાપી છે!" વૃદ્ધ થતાં જ્યારે તે હવે વિદાય લેવાનો છે, ત્યારે તેનામાં રહેલી દ્વૈતતા જેવી હતી તેવી જ બળવાન છે.

પરમેશ્વરનાં વચનનો પ્રકાશ તેણે પ્રાપ્ત ન કર્યો તેમાં ખરી મુશ્કેલી રહેલી છે. છેલ્લામાં છેલ્લા એના પાળકે ક્યારે સંપૂર્ણતા, પવિત્રીકરણ, પવિત્ર આત્માનું ભરપૂરીપણું કે યોહાન ૧૭:૨૦-૨૩ પ્રમાણે યોગસાધના પર ઉપદેશ આપ્યો હતો? શું ઈશ્વરવિદ્યાશાળાએ આ કાર્ય માટે પાળકને તૈયાર કર્યો છે? ખ્રિસ્તી કેળવણી વિભાગમાં કયા અભ્યાસક્રમો શીખવ્યા હતા? જે કંઈ તેણે સાંભળ્યું તે મહદ્ અંશે ખ્રિસ્તી કલીસિયાના માળખાની એક્તા સંબંધીનું જ હશે!*

શિવાજી પાર્ક હોલ-દાદર, મુંબઈમાં આયોજિત સત્સંગ બાદ એક ટેક્સી ચલાવનાર ભાઈએ રાત્રીભોજન માટે આગ્રહ કર્યો. દિલ્હી-દરબાર નામની ભવ્ય રેસ્ટોરાં જ્યાં હું કદી ગયો નહોતો ત્યાં તે મને લઈ ગયા. ટેક્સી ચલાવતાં તેમણે મને દિલ ખોલી જણાવ્યું: "બે વર્ષ પહેલાં મેં ઈસુ ખ્રિસ્તમાં નવું જીવન પ્રાપ્ત

---

* સામાન્ય રીતે જોતાં સ્થાનિક મંડળીના વાતાવરણમાં આજે શેતાનના ભરમાવવાથી કે આપણી બેદરકારીને લીધે 'પરમેશ્વરના રાજ્ય'નાં મૂળભૂત બાઈબલ સત્યો બહુ ઓછાં સમજાય છે, 'પવિત્ર આત્માનું ભરપૂરીપણું' એ વિષય પર ઓછું ધ્યાન અપાય છે; 'યોગ' પ્રાપ્તિ અલ્પ છે; 'સત્સંગ' થતો નથી, અને 'ભવિષ્યવાણી' કે 'અંતિમ યુગ' નો જવલ્લે જ વિચાર કરવામાં આવે છે.

કર્યું, પણ હવે બધું ગુમાવી બેઠો છું !" આ સાંભળી મને દુઃખ થયું. મને લાગ્યું કે તેઓ સત્સંગમાં આવતા હતા, અને જે રીતે તેમણે નાણાં ખર્ચ્યાં તે જોતાં તેમણે સર્વસ્વ ગુમાવ્યું નહોતું. પણ એવું બન્યું હતું કે એમને પરિવર્તન બાદ પ્રેમાળ સંગત મળી નહોતી અને જે જીવન ખ્રિસ્ત સાથે એકરૂપ થયેલું છે તેવી વિસ્તૃતતાનો અનુભવ થયો નહોતો, તેમનામાં દ્વૈતતા વધી જતી હતી. મધરાત્રે અમે મુંબઈના મરીનડ્રાઈવના શાંત તટે પહોંચ્યા અને ત્યાં થોડી વાર બેસી અમારાં મસ્તકો નમાવીને આત્મિક પુનઃસ્થાપના માટે પ્રાર્થના કરી.

પોતાની વ્યક્તિગત આંતરિક પરિસ્થિતિનું જ્ઞાન હોવું આવશ્યક છે. યોહાન ૧૭:૩ અનુસાર પરમેશ્વર અને તેમના પુત્ર પ્રભુ ઈસુને ઓળખવા તે અનંતજીવન છે. જ્યાં સુધી વ્યક્તિ પાપના બંધનમાં છે એવું ભાન થતું નથી, ત્યાં સુધી કોઈ વ્યક્તિ એમાંથી છુટકારો શોધતી નથી. પોતાના પરિવર્તન પછી પણ વ્યક્તિ પાપની ક્ષમા અને ઉપરથી થતા નવા જન્મ વિષે જાણતી નથી; તો તેનું જીવન દુઃખમય રહે છે. ઈશ્વરની ઈચ્છા અનુસાર દરેક વિશ્વાસી પચાસમાના પવિત્ર આત્માથી ભરપૂર બને એ વિષે તે અજાણ હોય તો તે તેટલે અંશે એના પોતાના આત્મામાં કંગાળ છે. ખ્રિસ્ત દ્વારા પરમેશ્વર તરફ ફરવાથી આત્મામાં યોગનું જીવન પામવાનો અધિકાર છે તે પણ તે ન જાણતો હોય તો હજી પણ દ્વૈતવાદના અરણ્યમાં ભટકતો રહેશે.

નવા કરારમાં રહસ્યવાદ અને યોગ સંબંધી પ્રભુના વચન પ્રમાણે પુષ્કળ સાબિતીઓ હોવા છતાં પણ ખ્રિસ્તી ઈશ્વરવિદ્યા કે જે ભારતમાં સંસ્થાપિત થયેલી છે (જે સુવાર્તાપ્રચારક, સ્વતંત્ર કે

રૂઢિચુસ્ત ગમે તે પંથની હોય) તેણે નહિવત્ ધ્યાન આપ્યું છે, તે સમગ્ર રીતે ભારત અને કલીસિયા માટે કમનસીબી છે. કલીસિયાના જીવન માટે આ વાત પ્રાણઘાત નીવડી છે. ઈશ્વરવિદ્યાની આવી ઊણપ, ઉચ્ચવર્ણના લોકો જે ભારતમાં મોટી સંખ્યામાં છે તેમને સુવાર્તા પહોંચાડવાની નિષ્ફળતા માટે જવાબદાર છે. યોહાનરચિત સુસમાચારના સત્તરમા અધ્યાયમાં બે વાર પ્રભુ ઈસુ પોતાના શિષ્યોના 'યોગ' માટે પિતાને પ્રાર્થના કરે છે કે, જેથી દુનિયાને ખાતરી થાય કે ખ્રિસ્ત, પરમેશ્વર દ્વારા 'મોકલાયેલા' તારનાર છે, એ શું મહત્ત્વપૂર્ણ નથી? (યોહાન ૧૭:૨૧-૨૩).

## ઉપસંહાર : ખ્રિસ્તી યોગમાર્ગ

વેદાંત અને બાઈબલ સહમત છે કે મનુષ્ય પોતાની વર્તમાન સ્થિતિમાં, પરમેશ્વર એને જેવા હોવાની ઈચ્છા રાખે છે તેવો તે નથી. માણસ માટે પરમેશ્વરની ઈચ્છા તેને પાપના દાસત્વમાંથી મુક્તિ અને પોતાના મહિમામાં એકત્વ આપવાની છે.

ખ્રિસ્તી જીવનનું ધ્યેય ઈસુ ખ્રિસ્ત માટે સ્થિર બની રહેવાનું છે. ખ્રિસ્તી જીવનનો અર્થ કેવળ ખ્રિસ્તની નકલ કરવાનો નથી. પરંતુ પ્રભુની સાથે સહભાગીદાર બનવાનો છે.

પ્રભુ ઈસુની સુવાર્તા આખા જગતને માટે શુભ સંદેશ છે કે પાપમાં પડીને પતિત થવાને કારણે ઈશ્વરથી દૂર થયેલો માણસ વધસ્તંભ પર પરમેશ્વરે તેમની કૃપાથી પાપીના બદલે દુઃખ વેઠયું, તે દ્વારા, મહત્ત્વપૂર્ણ રીતે પુનઃસ્થાપિત થઈ તેમનામાં ફરીથી જોડાઈ શકે.

"મારા પિતા હંમેશાં કાર્યરત રહે છે અને હું પણ કાર્ય કરું

છું." એ યોહાન ૫:૧૭ના કથન અનુસાર આ ખ્રિસ્તી યોગ, ઈસુ ખ્રિસ્તના સેવાકાર્યમાં ક્રિયાશીલ થવા દોરે છે (સરખાવો નિષ્કામ કર્મયોગ). આ કાર્યશીલતા ઈશ્વરના મહિમાને માટે ફળ ઉપજાવે છે. યોહાન ૧૫:૮. યોગમાર્ગ વિશ્વાસીઓના સામાજિક જીવનમાં એક્તા લાવનાર પરિબળ છે - યોહાન ૧૭:૨૩.

યોગ દૈહિક પ્રયાસો અથવા તપશ્ચર્યાની ઊપજ છે એવું સુવાર્તા સાથોસાથ નકારે છે. યોગ એ ઈશ્વરે આપેલ માનસની અદ્ભુત ભેટનું રદ્દીકરણ નથી એવું સુવાર્તા પ્રતિપાદન કરે છે. જ્ઞાનેન્દ્રિયોના દમનથી નહિ પણ તેમને પરમેશ્વર અને મનુષ્ય જાતની સેવામાં સમર્પિત કરવાથી યોગ સિદ્ધિ શક્ય છે તે સુવાર્તામાં સ્પષ્ટ છે. તેમાં ખાતરીપૂર્વક જણાવવામાં આવ્યું છે કે યોગ એ લાખો વર્ષ પછી દૂર અને અજાણ ભવિષ્યમાં પ્રાપ્ત થાય એમ નહિ, પણ તે અહીં અને હાલ શક્ય છે. યોગ ફક્ત ગણ્યાગાંઠયા લોકો માટે છે એમ નહિ, પણ જ્ઞાતિ, ધર્મસિદ્ધાંત, સંપ્રદાય, જાતિ અથવા રંગના ભેદ સિવાય જેમનામાં પરમેશ્વરના હાથોથી ગ્રહણ કરવા વિશ્વાસ, આત્મબળ ને ઈચ્છાશક્તિ હોય એ બધાંને માટે છે.

આપણા જીવનમાં આ યોગ કેવી રીતે સાધી શકાય ? એ બાબત એક હકીકત છે એવો પ્રભુ ઈસુમાં વિશ્વાસ કરવાથી. ઉદાહરણ લો કે, તમારા કોઈ આપ્તજને મોટી સંપત્તિને લગતું વસિયનામું તમારા નામે કર્યું છે. તમે તેથી અજાણ છો અને દરિદ્રતામાં જીવન ગાળો છો. જો તમે તે વિષે જાણો અને તે માટે દાવો કરો તો તે વસિયતનામું તમારું થઈ શકે છે.

માનવમાત્રનો આત્મા જીવતા પરમેશ્વર માટે તૃષાતુર છે. તેને શાશ્વત જીવન જળના અનંત સ્રોતમાં પુનર્મિલનની તૃષ્ણા છે. આથી

આપણા યુગની પેઢીને ઈસુ ખ્રિસ્તનો યોગમાર્ગ શીખવવો અને પોતાના જીવન દ્વારા સાક્ષીરૂપે રજૂ કરવો આવશ્યક છે. યોગ રહિત કોઈપણ પ્રકારના સુસમાચારનો ઉપદેશ ભારતમાં ખોટનો ધંધો થશે, કારણ કે તે ઋષિપુત્રોની આવશ્યક્તાઓનો ઉત્તર નહિ આપે તેમ જ તેમને માટે હલકા ધોરણનો ગણાશે. ભારતે નહેર ખોદીને તેયાર રાખી છે પણ હજી તેમાં જીવન-જળધારા વહેવાની પ્રતીક્ષા કરી રહ્યું છે.

ખ્રિસ્તી યોગીએ ખ્રિસ્ત જે પોતે જ જ્ઞાન છે તેમને પ્રાપ્ત કર્યા છે; તે એક કર્મયોગી તરીકે વિશ્વ પ્રતિ પ્રેમ અને કરુણાથી પ્રેરાઈને કોઈ પુરસ્કાર મેળવવાની ઈચ્છા કર્યા વિના સેવા માટે પ્રવૃત્ત થયો છે; અને પ્રભુને માટે એકનિષ્ઠા તથા સમર્પણની ભાવનાથી ભક્તિમય જીવન જીવે છે. તેથી એ સ્પષ્ટ છે કે ખ્રિસ્તી યોગમાર્ગમાં વેદાંતના મુખ્ય યોગસિદ્ધાંતો જેવા કે જ્ઞાનયોગ, કર્મયોગ તથા ભક્તિયોગની પૂર્ણતાનાં ચિહ્નો સમાયેલાં છે. આખી સૃષ્ટિ અને જે કાંઈ સર્વ તેમાં છે તે સમસ્ત વાનાં પ્રભુનાં જ છે એવો અનુભવ કરવામાં જીવન વિતાવે છે.

> "ઈશ્વરે સર્વ બાબતોને ખ્રિસ્તના પગ નીચે મૂકી છે, અને તેમને સર્વના પ્રભુ તરીકે મંડળીને આપ્યા છે. મંડળી તો ખ્રિસ્તનું શરીર, અને સર્વ-જગ્યાએ સર્વ બાબતોને જાતે જ પૂર્ણ કરનાર ખ્રિસ્તની સંપૂર્ણતા છે." (એફેસી. ૧:૨૨-૨૩)

> "તેથી માણસોના કાર્ય વિષે કોઈએ બડાશ મારવી નહિ. કારણ, બધું તમારું છે. પાઉલ, આપોલસ અને પિતર; આ દુનિયા, જીવન અને મરણ; વર્તમાન અને ભવિષ્ય; આ બધું તમારું છે. તમે ખ્રિસ્તના છો, અને ખ્રિસ્ત ઈશ્વરના છે." (૧ કોરીંથી ૩:૨૧-૨૩)

यस्मिन्सर्वाणि भूतान्यात्मैवाभूद्विजानतः ।
तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ॥

જે અવસ્થામાં પરમેશ્વરને જાણનાર વિદ્વાન પુરુષને માટે સર્વ પ્રાણી પરમેશ્વર-સ્વરૂપ બની જાય છે, તે અવસ્થામાં એક માત્ર પરમેશ્વરનો નિરંતર સાક્ષાત્કાર કરનાર પુરુષને માટે શો મોહ કે શોક રહી જાય ?

(ઈશાવાસ્યેપનિષદ્ ૭)

તે દિવસ આવે ત્યારે તમને ખાતરી થશે કે હું મારા પિતામાં વસું છું અને હું તમારામાં વસું છું અને તમે મારામાં વસો છો.

(યોહાન ૧૪:૨૦).

શાન્તિ !

# ૭

# ખોજ-યાત્રાની પરિપૂર્ણતા

## અતુલ્ય ખોજ

વિશ્વ ઈતિહાસની બે મહાન પ્રજાઓ, ઉત્તર ધ્રુવ પ્રદેશમાં રહેતી આર્ય પ્રજા, તથા મિસર સામ્રાજ્યની યહૂદી પ્રજા, પરસ્પર થોડી શતાબ્દીઓના અંતરે તેમના ઘરબાર ને વતન છોડીને પોતાને માટે અધિક સ્થાયી અને સંતોષકારક નિવાસસ્થાનની શોધમાં પર્વતો અને ખીણોની સંકટગ્રસ્ત યાત્રાએ ચાલી નીકળી. આર્ય પ્રજા આ દેશના પંજાબ વિસ્તારમાં અને યહૂદી પ્રજા વચનના દેશ કનાનમાં આવી પહોંચી. બંને પ્રજાઓએ વિશ્વમાં મહાન ઈતિહાસ સરજ્યો.

પરમેશ્વરની કૃપામાં યહૂદી લોકો પરમ સત્યના અનુપમ દૈવી દર્શનના ઉત્તરાધિકારી અને રક્ષક બન્યા, જ્યારે આર્ય જાતિને પરમેશ્વરના તરફથી સત્યના અન્વેષણની ઉલ્લેખનીય તેમ જ અનોખી ક્ષમતાનો વારસો મળ્યો. બીજી કોઈ પ્રજાએ આ પ્રકારની અન્વેષણની બરાબરી કરી નથી.

પ્રથમ આર્ય લોકોની ખોજ ક્ષિતિજરેખાને સમાંતર હતી, જેમાં તેઓએ પ્રકૃતિનાં અદ્‌ભુત કાર્યો, જેમ કે અગ્નિ, ઉષા, વાયુ ઈત્યાદિની આરાધના-પૂજા કરી. તેમનો એવો વિશ્વાસ હતો કે આમાંના પ્રત્યેક દેવ છે. આ બધામાંથી કયો દેવ મુખ્ય છે એ તેમનો મૂંઝવનારો પ્રશ્ન થઈ પડયો હતો.

આર્યો એ પોતાની ખોજ-યાત્રાને આનંદદાયક "સંહિતાઓ" માં પરિવર્તિત કરીને ગીતોમાં ગાયું છે:

આ જટિલ સૃષ્ટિ ક્યાંથી આવી ? તેને કોણે રચી ? આ બ્રહ્માંડનો સ્વામી, પરમધામમાં વસનાર, સૃષ્ટિની રચના અંગે જાણે છે કે કદાચિત તે ન પણ જાણતો હોય ! (ઋગ્વેદ ૧૦:૧૨૯:૭)

પ્રથમ-જનિતને કોણે જોયો છે ?...

આત્મા ક્યાંથી ઉત્પન્ન થયો ? (ઋગ્વેદ ૧:૧૬૪:૪)

પૃથ્વીનો છેડો ક્યાં છે ?...

તેનું મધ્ય બિંદુ ક્યાં છે ? (ઋગ્વેદ ૧:૧૬૪:૩૪)

આ પ્રમાણે વૈદિક સંપ્રદાયના પિતૃઓ શોધ ને તપાસના એક તબક્કાથી બીજામાં વધતા રહ્યા. તેમની માન્યતા ઈષ્ટ દેવવાદ (એક જ પરમેશ્વર અનેકમાં તથા અનેક એકમાં)થી પ્રગતિ કરીને અનેકેશ્વરવાદ (અનેક દેવદેવીઓ) સુધી પહોંચી. અનુમાન-કલ્પનાઓએ તેમની માન્યતા સર્વેશ્વરવાદ (સર્વ કાંઈ પરમેશ્વરમય છે), બ્રહ્મવાદ (કેવળ ઈશ્વરીય સત્ય છે અને બીજી બધી બાબતો માયારૂપ છે) અને રામાનુજાચાર્યના મર્યાદાયુક્ત બ્રહ્મવાદ (જેમાં પ્રકૃતિ પણ સત્ય છે) જેવી માન્યતાઓ વિકસાવી.

આ જગતમાં દુઃખ અને પીડાઓના મૂળ કારણના ઉત્તરમાં આપણા વડવાઓએ કર્મ-સિદ્ધાંત અને તેના પ્રતિકૂળ જન્માંતર-વાદનો સિદ્ધાંત વિકસાવ્યો ને સમગ્ર સૃષ્ટિને અજ્ઞાનતાનાં પ્રતીક માયાની ઉપાધિ આપી દીધી.

સાંખ્ય તથા યોગ પદ્ધતિમાં એક સંદિગ્ધ વિશ્વાત્મા, જેને પુરુષ નામ આપ્યું તેના પર વિશ્વાસ કર્યો.

છેવટે, દેવ-દેવતાઓની અનેકવિધતા વચ્ચે ઈશ્વરવાદી ભક્તિની વિશ્વાસધારાનો આવિર્ભાવ થયો, જે આજકાલ મોટા પ્રમાણમાં વિદ્યમાન છે.

ઉપનિષદોમાં, જ્યારે તે દર્શનશાસ્ત્રની ઉચ્ચ કક્ષાએ પહોંચ્યાં હતાં, ત્યારે પણ આ ખોજ-યાત્રા અટકી નહિ: તેઓએ કહ્યું,

અમે એ પરમેશ્વરને જાણતા નથી ! (કેનોપનિષદ ૧:૩)

તેઓનો વિશ્વાસ હતો કે 'परंब्रह्म' વ્યક્તિત્વ વિનાના છે ('નેતિ-નેતિ' ન તો આ કે ન તો તે) બૃહદારણ્યક ઉપનિષદ ૩:૯:૨૬. પણ જેને ઓળખતા ન હોય તેને કોઈ કેવી રીતે પ્રેમ કરી શકે ? તેથી તે લોકો 'સગુણબ્રહ્મ' (પરમેશ્વર જે વ્યક્તિ છે તથા ગુણયુક્ત પ્રાકટય છે) સુધી પહોંચી ગયા. હવે વિવાદ ઊભો થયો કે બંનેમાં શ્રેષ્ઠ કોણ છે - નિર્ગુણ કે સગુણ - અદશ્ય કે દશ્ય ? (સરખાવો શ્વેતાશ્વતર ઉપનિષદ ૩:૬-૭). એવી માન્યતા ઉદ્ભવી કે સગુણ પરમાત્મા કોઈને કોઈ રીતે પ્રકૃતિની અજ્ઞાનતા સાથે સંકળાયેલા છે, જેમ કે પાછળથી શંકરાચાર્યના અદ્વૈતવાદે પણ શીખવ્યું.

અન્વેષણની યાત્રા ચાલુ રહી:

> મનને વિષયોમાં ચલાયમાન કરવા કોણ પ્રેરે છે ? કોના દ્વારા નિયુક્ત થઈને આ જીવનયાત્રા ચાલે છે ? (કેનોપનિષદ ૧:૧). આ સૃષ્ટિના મુખ્ય કારક કોણ છે ! આપણે ક્યાંથી જન્મ્યા છીએ ? આપણે કોનામાં જીવી રહ્યાં છીએ ? (શ્વેતાશ્વતર ઉપ. ૧:૧)

ઋષિ કબૂલ કરે છે.

न तत्र चक्षुर्गच्छति न वाग्गच्छति नो मनः ।

દૃષ્ટિ, વાણી ને મન તેમને પહોંચી શક્તાં નથી.

(કેનોપનિષદ ૧.૩ अ)

વારંવાર તપસ્વીઓએ પરમેશ્વર વિષે નોંધપાત્ર ઉદ્ગાર પ્રગટ કર્યા છે:

न तत्र सूर्यो भाति न चन्द्रतारकं
नेमा विद्यतो भ्रांति केतोऽमयग्निः ।
तमेव भान्तमनुभाति सर्वं
तस्य भाषा सर्वमिदं विभाति ॥ (કઠોપનિષદ ૨:૨:૧૫)

સૂર્ય ચંદ્ર, તારા ને વીજળી તેની સન્મુખ પ્રકાશતાં નથી - ઈશ્વરનું પંડનું તેજ એ સઘળાંને પ્રકાશિત કરે છે; તો આ અગ્નિ વિષે તો પૂછવું જ શું? (કઠોપનિષદ ૨:૨:૧૫)

વગર હાથે પરમેશ્વર બધાને ધરી રાખે છે - વગર પગે તે બધે હરીફરી શકે છે. આંખો વિના તે સર્વ કાંઈ જોઈ શકે છે. કાન વિના તે સઘળું સાંભળે છે... તે સર્વજ્ઞ છે, પણ તેનો જ્ઞાતા કોઈ નથી - પરમેશ્વર એવા સર્વોપરી ને આદિ છે.

(શ્વેતાશ્વતર ઉપનિષદ ૩:૧૯)

ઋષિમુનિઓએ પોતાના "આત્મા" ને પરમેશ્વર પરમ આત્મા સાથે ઓળખાવવાની શરૂઆત કરી છે (શ્વેતાશ્વતર ઉપનિષદ ૨:૧૭); બૃહદારણ્યક ઉપનિષદ ૪:૫:૧૫).

તેઓએ પરમેશ્વરીય ત્રિએકને સત્-ચિત્-આનંદના રૂપમાં સ્વીકારવાનો આરંભ કર્યો. જે બાઈબલના પિતા, પુત્ર અને પવિત્ર આત્માના ત્રિએક ધન્ય ઈશ્વરના સિદ્ધાંતને કંઈક મળતો છે. તેઓએ પરમેશ્વરને એક બીજું ત્રિગુણાત્મક નામ આપ્યું, જેમ કે,

सत्यं ज्ञानमनन्तं ब्रह्म ।

(તૈત્તિરીય ઉપનિષદે ૨:૧:૧)

જે સત્ય, જ્ઞાન અને અનંત છે તેને બ્રહ્મ કહે છે.

હવે તેમનાં વિચારોમાં પોતાના વ્યક્તિગત પરમેશ્વરનું મૂલ્ય વિકાસ થવાનો પ્રારંભ થયો. તેઓ સગુણ પરમેશ્વર, જે નિર્ગુણથી

ઉચ્ચ કક્ષાના હોવાથી તેમનો વિચાર કરવા માટે તત્પર થયેલા જણાયા (મુંડકોપનિષદ ૨:૧:૨). પરંતુ એક અન્ય જ્યોતિર્મય ક્ષણમાં, તેઓને એવી સમજ પડી કે નિર્ગુણ પણ સગુણ પરમેશ્વર જેવા જ હતા. જુઓ બ્રહ્મસૂત્ર ૩:૨:૧૫-૧૮; ૩:૨:૨૮. હવે શ્વેતાશ્વતર ઉપનિષદ પરમેશ્વરના વ્યક્તિત્વમાં ગુણદર્શક વિશેષણો ઉમેરે છે. જેવાં કે તે સૌના શાસક તથા રક્ષક (૩:૨); સામર્થ્યવાન પ્રભુ (૩:૧૨); મનુષ્યના હૃદયમાં વાસો કરનાર (૪:૧૭); પ્રેમાળ (૫:૧૪); સર્વ વસ્તુઓના નિપુણકર્તા (૬:૫); સર્વોચ્ચ ઈશ્વર અને પ્રભુઓના પ્રભુ (૬:૭); જન્મ પામ્યા વિનાના (સ્વયંભૂ) (૬:૯); કૃપાળુ (૫:૧૪; ૪:૧૬); જેની ઓળખ કે જ્ઞાન દ્વારા મનુષ્ય પોતાના પાપના બંધનમાંથી સ્વતંત્ર થાય છે (૪:૧૬).

મુંડકોપનિષદ (૩:૨:૩) અને કઠોપનિષદના (૨:૨૩) રચનાકારોએ વિચાર્યું કે પરમેશ્વરને તેમની કૃપા દ્વારા જ માણસ ઓળખી શકે છે.

ત્યાર બાદ ભૂતકાળની બધી વૈચારિક પ્રગતિનું નિરૂપણ કરતાં શ્રીમદ્ ભગવદ્ગીતાએ પોતાના વિચારો ઉમેર્યા, જેનાથી અવતાર (પરમેશ્વરનું પૃથ્વી પર અવતરણ)નો સિદ્ધાંત પ્રતિપાદન થયો.

ઈ. સ. પૂર્વે ૮૦૦ થી ૨૦૦ દરમિયાન આ વિશ્વમાં કેટલાક મહાન ફિલસૂફો અને તત્ત્વચિંતકો થઈ ગયા, જેવા કે, ચીનમાં લાઓત્સે અને કન્ફ્યૂશિયસ; ભારતમાં મહર્ષિ યાજ્ઞવલ્કય અને બીજા ઋષિઓ, ગૌતમ બુદ્ધ, ઈરાનમાં જરથુસ્ત્ર, ગ્રીસમાં પાયથાગોરસ, સોક્રેટિસ અને પ્લેટો; ઈસ્રાએલમાં યશાયા, યિર્મેયા, હઝકિયેલ અને અન્ય. ગ્રીક લોકો એ નિર્ણય પર પહોંચ્યા કે "લોગોસ" (LOGOS – પરમેશ્વરનો શબ્દ) સર્વ અસ્તિત્વનું મૂળ છે. અહીં

ભારતમાં પણ વેદાંતીઓએ સ્વીકાર્યું હતું કે પરમેશ્વરની કૃપાથી મુક્તિ સંભવિત છે (સરખાવો કઠ, મુંડક અને શ્વેતાશ્વતર ઉપનિષદો).

એ અરસામાં ખ્રિસ્તની પરિપૂર્ણતા ખૂબ નિકટ હતી, અને ત્યાર બાદ થોડા જ સમયમાં ઈસુ દેહધારી થયા.

પરમેશ્વર માટેની આર્યોની ખોજયાત્રા કેટલી બધી વિવિધ અને વિસ્તૃત હતી ! તોપણ તેઓએ પોતાના લક્ષ્યની પરિપ્રાપ્તિનો અનુભવ નથી કર્યો. ઈતિહાસમાં ઈસુ ખ્રિસ્તના દેહધારી થવાની વાસ્તવિક્તા સિવાય, પ્રજાપતિ (સૃષ્ટિકર્તા પરમેશ્વર)ની હજી સુધી ઓળખાણ થઈ નથી. ઐતિહાસિક ખ્રિસ્ત પ્રભુ વિના સચ્ચિદાનંદ પોતાની શ્રેષ્ઠતા છતાં માત્ર દર્શનશાસ્ત્રના એક ઘટક સમાન છે. આર્યજનોને માટે શબ્દ બ્રહ્મ આજે પણ એવી કલ્પના છે જે કદી દેહધારી નથી થઈ. જે અવતાર, સદ્‌ગુરુ પ્રભુ ઈસુના વર્ણન મુજબના આલેખાયેલા છે તે હજુ સુધી પ્રગટ નથી થયા. હજી પણ નિષ્કલંક અવતાર (પાપ રહિત, પરમપાવન)ની માત્ર પ્રતીક્ષા કરવાની છે. સૃષ્ટિ ઉપર પરમેશ્વરની શ્રેષ્ઠતાની સ્થાપના ક્યારેય થઈ શકી નથી; કારણ કે વેદાંત અનુસાર પ્રકૃતિ, પરમેશ્વરત્વના પવિત્ર વ્યક્તિત્વ ઉપર આરંભ રહિત પ્રભાવશીલતાના રૂપમાં છવાઈ ગઈ છે (કઠોપનિષદ ૨:૩:૧ અને ગીતા ૧૫:૩).

ખોજ-યાત્રાની પરિપૂર્ણતા આટલી નિકટ આવી ગઈ છે છતાં કેટલી દૂર !

ઐતિહાસિક નિશ્ચિતતા અને વાસ્તવિક્તાને અભાવે, ઉપનિષદોની ગહન અંતદૃષ્ટિ ક્યારેય પણ જન-સામાન્યની સમજમાં આવી નથી અને કોઈ ત્યાં પહોંચ્યું હોય એવું લાગતું

પણ નથી. બંધનોથી મુક્તિ એ ભાગ્યે જ અહીં પ્રાપ્ત થઈ શકે તેવો અનુભવ હોય છે. પરિપ્રાપ્તિની આ પ્રકારની અસફળતાને કારણે જનસમાજ હજુ પણ અનેકેશ્વરવાદના વેરાન પ્રદેશમાં તથા કર્મકાંડો (સારાં કામની યોગ્યતા પર નિર્ભરતા) અને જેમને જ્ઞાની ઋષિઓ કે મુનિઓએ કદી ઓળખ્યા નહોતા, એવા કોટિ-કોટિ દેવતાઓની પૂજા કરવામાં ડૂબેલા છે.

આ કારણે આ ખોજ-યાત્રા એક વિષચક્ર - કદી સમાપ્ત ન થનાર કૂપચક્ર યા કર્મસંસાર બની ગઈ છે.

## પરિપૂર્ણતા

જગતત્રાતા પ્રભુ ઈસુ ખ્રિસ્તના મોક્ષદાથી સ્વરૂપનો પ્રથમ ઈઝરાયલ અને પછી બીજા વેદાંતભૂમિના લોકો દ્વારા અસ્વીકાર, આ વિશ્વના જીવનની ગંભીર પ્રકારની આત્મિક દુઃખદ ઘટના છે. ઈઝરાયલ એ પ્રજા હતી જેને પ્રાચીન ભવિષ્યવાદીઓ દ્વારા આવનાર મસીહની અગમવાણી વ્યવસ્થિત રીતે મળી હતી, અને એ જ પ્રમાણે સત્યની કાળજીભરી ખોજ દ્વારા આર્ય જાતિ પણ સચ્ચિદાનંદની તદન નિકટ આવી ગઈ હતી.

બંને પ્રજાઓ તેમની ઝંખનાની પરિપૂર્ણતાની અધિક નજીક પહોંચી હતી તોપણ વિશ્વાસની આંખોથી પ્રભુને પામવામાં તે બંને નિષ્ફળ ગઈ.

તો શા માટે પરમેશ્વરે તેમની કૃપામાં બે હજાર વર્ષો સુધી આર્યજાતિને આવી ઉચ્ચસ્તરીય ગહન ખોજ અને શોધ કરવા માટે પરવાનગી આપી? દેખીતી રીતે એવું એ માટે બન્યું કે જ્યારે વિશ્વ ઉપર ન્યાયીપણાનો સૂર્ય, પ્રભુ ઈસુ પ્રકાશે ત્યારે તેમની

ખોજની પરિપૂર્તિ સ્વરૂપે તે પ્રભુને ઓળખે અને તેમની આરાધના કરી શકે.

ઈઝરાયલ પ્રજાને જ આવું મહાન પ્રકટીકરણ શા માટે આપવામાં આવ્યું ? એટલા જ માટે કે તેઓ પોતાના પ્રભુને ગ્રહણ કરીને બાકીની દુનિયાને માટે શુભ સંદેશના અગ્રદૂતો બને. એક પ્રજા તરીકે તેઓ તેમ વર્ત્યા નહિ.

'પરિપૂર્ણતા' શબ્દ આ પુસ્તકમાં આપણે વાપરતા આવ્યા છીએ, જેનો અર્થ મનુષ્ય જાતિની સર્વોચ્ચ આવશ્યક્તા પ્રત્યે પરમેશ્વરનો ઉત્તર અને દૈવી જીવનના ભરપૂરીપણામાં માણસોની ભાગીદારી, એવો થાય છે.

ખોજ અને પરિપૂર્ણતા વિદ્યુત શક્તિનાં ઋણાત્મક અને ધનાત્મક પાસાંને મળતાં આવે એવાં છે. બંનેની પરસ્પર આવશ્યક્તા છે. ખોજ એ સારી બાબત છે અને જેઓ ઈશ્વરને શોધે છે તેમના પર ઈશ્વર પ્રેમ કરે છે. પણ જો ખોજ તેની પરિપૂર્ણતા સુધી પહોંચે જ નહિ તો શું થાય ? પ્રકટીકરણ પણ એ જ પ્રમાણે સર્વોત્તમ છે, પણ જેને આત્મિક ભૂખ અને પરખ ન હોય તેમને માટે સંદર્શનનો શો ખપ હોય ? બધા વિચારવિમર્શની વાસ્તવિક્તા એ છે કે જે પ્રજાને પરમેશ્વરનું પ્રકટીકરણ થયું અને જેમણે પ્રભુને વધસ્તંભ પર લટકાવ્યા તેના કરતાં ભારતવર્ષ સદાય ઈસુ ખ્રિસ્તનું અધિક પ્રશંસક બની રહેલ છે.

## ખોજ અને પ્રકટીકરણ એકબીજાનાં પૂરક

આ સંદર્ભમાં ખોજ-યાત્રા અને પ્રકટીકરણનું વિવિધતાપૂર્ણ વિશિષ્ટ આલેખન આ પ્રમાણે કરી શકાય:

| ખોજ | પ્રકટીકરણ |
| --- | --- |
| સનાતન પરમેશ્વરને પ્રાપ્ત કરવા આર્યોની ખોજ, જેમને તેઓ પોતાની પૂજા-આરાધના અર્પવાનું ઈચ્છે છે. | "જેણે મને જોયો છે, તેણે પિતાને જોયો છે." (યોહાન ૧૪:૯) |
| તત્ત્વજ્ઞાનને માટે તેઓની અન્વેષણ અભિલાષા. | "સત્ય હું છું," (યોહાન ૧૬:૬) |
| 'અમૃત-પ્રાપ્તિ' માટે તેઓની ખોજ-યાત્રા. | "જે પાણી હું આપું તે જો કોઈ પીએ, તો તેને કદી તરસ લાગશે નહિ" (યોહાન ૬: ૧૪) |
| 'શાશ્વત' ને પ્રાપ્ત કરવાને માટે તેઓની ખોજ. | "માર્ગ, સત્ય તથા જીવન હું છું," (યોહાન ૧૪:૬). "પુનરુત્થાન તથા જીવન હું છું," (યોહાન ૧૧:૨૫). "હું જીવંત છું માટે તમે પણ જીવશો (યોહાન ૧૪:૧૯). |
| 'શાંતિ' માટે આર્યોની ઝંખના. | "મારી પોતાની શાંતિ હું તમને આપું છું." (યોહાન ૧૪:૨૭) |
| 'આનંદ માટેની તેઓની અન્વેષણ-યાત્રા.' | "તમારો આનંદ સંપૂર્ણ થશે." (યોહાન ૧૬:૨૨, ૨૪) |
| 'પરમ જ્યોતિ' ની પ્રાપ્તિને માટે તેમની કામના. | "હું જગતનો પ્રકાશ છું." (યોહાન ૯:૫; ૮:૧૨) |

| | |
|---|---|
| 'યોગ' માટે તેઓની ઝંખના-ઉત્કંઠા. | "હું તમારામાં વસીશ." (યોહાન ૧૫:૪) "તેઓ બધા એક થાય, હે પિતા, જેમ તમે મારામાં વસો છો અને હું તમારામાં તેમ તેઓ આપણામાં વસે." (યોહાન ૧૭:૨૧) |
| 'તેઓ દેવાનુગ્રહ' અથવા 'પ્રસાદ' પ્રાપ્તિની ચર્ચા કરતા હતા. | "કૃપા અને સત્યતા ઈસુ ખ્રિસ્તની મારફતે આવી." (યોહાન ૧:૧૭) |
| તેઓ 'મેષપાલ ભગવાન'ની વાતો કરતા હતા. | "હું ઉત્તમ ઘેટાંપાળક છું, ઉત્તમ ઘેટાંપાળક ઘેટાંને સારુ પોતાનો જીવ આપે છે" (યોહાન ૧૦:૧૧) |
| તેઓ 'પ્રજાપતિ' અથવા 'વિશ્વકર્મા' ઈશ્વરની પ્રતીક્ષા કરતા હતા. | "તેના દ્વારા જ ઈશ્વરે બધાનું સર્જન કર્યું, અને તે સર્જનમાંની કોઈપણ વસ્તુ તેના સિવાય બનાવવામાં આવી ન હતી." (યોહાન ૧: ૩) |
| તેઓ 'ત્રાતા'ની રાહ જોતા હતા. | "આજ દાઉદના શહેરમાં તમારે સારુ એક તારનાર, એટલે ખ્રિસ્ત પ્રભુ જન્મ્યો છે." (લૂક ૨:૧૧) |

| | |
|---|---|
| તેઓ પરમેશ્વર 'અવતાર' લઈને પૃથ્વી પર ઊતરશે તેની પ્રતીક્ષા કરતા હતા. | "કેમ કે આકાશમાંથી જે ઊતરીને જગતને જીવન આપે છે, તે દેવની રોટલી છે, જીવનની રોટલી હું છું." (યોહાન ૬:૩૩, ૩૫) |
| 'સચ્ચિદાનંદ' જ પૂર્ણ 'અવતાર' થશે તેવી તેમની કલ્પના હતી. | "કેમ કે ખ્રિસ્તમાં ઈશ્વરત્વની સર્વ પરિપૂર્ણતા મૂર્તિમાન છે." (કોલોસી. ૨:૯) |
| તેઓએ તેમને 'હિરણ્યગર્ભ' અથવા 'સુવર્ણગર્ભ' કહીને સંબોધિત કર્યા. | "તે સર્વ વસ્તુઓ પહેલાં હયાત હતા, અને તેમની સાથેના જોડાણને કારણે જ સર્વ વસ્તુઓ તેમના યોગ્ય સ્થાને ટકી રહે છે." (કોલોસી. ૧:૧૭) |
| તેઓએ તેમને 'ગુરુ'નું ઉપનામ આપ્યું. | "હું તમારો પ્રભુ અને ગુરુ..." (યોહાન ૧૩:૧૪) |
| તેઓએ તેમને 'મેધ-પુરુષ' અથવા 'યજ્ઞ-પુરુષ'ના નામે સંબોધ્યા. | "જુઓ ઈશ્વરનું હલવાન! તે દુનિયાનાં પાપ દૂર કરે છે." (યોહાન ૧:૨૯) |

જો ખોજ-યાત્રા અને તેની પરિપૂર્ણતા એક બીજાનાં એટલાં પૂરક છે, તો ઇઝરાયલના લોકોને તેમની પરિપૂર્ણ લક્ષ્યપ્રાપ્તિ માટે પ્રભુ ઈસુ ખ્રિસ્તના શિષ્ય બનતા કોણે અટકાવ્યા ? આપણને બાઇબલમાં આ માટેનાં જે કારણો જોવા મળે છે તે આ મુજબ છે:

(क) સામાજિક પરંપરાઓ : યહૂદીઓને પ્રભુ ઈસુએ કહ્યું: "તમારા પોતાના રિવાજોને પાળવાને માટે અને ઈશ્વરના નિયમોનું ઉલ્લંઘન કરવાને માટે તમારી પાસે ગજબ યુક્તિ છે" માર્ક ૭ : ૯.

(ख) વડીલોનો ભય : "છતાં ઘણાં યહૂદી અધિકારીઓએ તેમના પર વિશ્વાસ મૂક્યો, પરંતુ ફરોશીઓ તેમનો બહિષ્કાર કરે એની બીકને લીધે તેઓ જાહેરમાં કબૂલાત કરતા ન હતા" યોહાન ૧૨:૪૨.

(ग) માણસોની પ્રશંસાની લાલસા : "ઈશ્વર તરફથી મળતી પ્રશંસાને બદલે તેઓ માણસોની પ્રશંસાને વધારે ચાહતા હતા" યોહાન ૧૨:૪૩.

(घ) તેમનો ધર્મ નષ્ટ થઈ જવાનો ભય : મૂસાના નિયમશાસ્ત્રોને અને સંદેશાવાહકોના શિક્ષણને હું નષ્ટ કરવા આવ્યો છું તેમ ન વિચારો. હું નષ્ટ કરવા તો નહિ, પણ તે શિક્ષણને પરિપૂર્ણ કરવા આવ્યો છું" માથ્થી ૫:૧૭.

(च) પવિત્ર મંદિરમાં તેમના ધંધાકીય સ્વાર્થ : ઈસુ મંદિરમાં ગયા અને વેપારીઓને હાંકી કાઢવા લાગ્યા. તેમને કહ્યું, શાસ્ત્રમાં ઈશ્વરે કહ્યું છે, "મારું ઘર પ્રાર્થનાનું ઘર કહેવાશે. પણ તમે તને ગુંડાઓનો અડ્ડો બનાવી મૂક્યો છે." લૂક ૧૯:૪૫-૪૬.

(छ) રાજનૈતિક સગવડિયા તરકીબ : "— તો બધા તેના પર વિશ્વાસ મૂકશે, અને પછી રોમનો આવીને આપણાં મંદિરનો અને આખી પ્રજાનો નાશ કરશે !" યોહાન ૧૧:૪૮.

તો એવો સંભવ છે કે આવાં જ કારણોએ આપણા પ્રિય દેશવાસીઓને તેમની ખોજ-યાત્રાની પૂર્ણતા માટે પ્રભુ ઈસુ

ખ્રિસ્તની 'શરણાગતિ' પ્રાપ્તિથી રોક્યા હોય? આવાં કારણોમાંથી કેટલાંક પર અમે 'સદ્‌ગુરુ અને તેમની શિષ્યતા' પ્રકરણના અંતે ચર્ચાવિચારણા કરી પણ છે.

## સારાંશ : ખ્રિસ્તમાં પરિતૃપ્તિ

ખોજ-યાત્રા અને પરિપૂર્ણતા પરસ્પર એકબીજાને માટે નિર્માણ થયેલાં છે.

પ્રભુ ઈસુના દેહધારણ દ્વારા પરમેશ્વરનું પૂર્ણ અને અંતિમ પ્રકટીકરણ પવિત્ર બાઈબલમાં નોંધાયેલું છે. બાઈબલની શરૂઆતની પહેલી જ કલમ પ્રકટીકરણનો અંશ છે. "પ્રારંભમાં પરમેશ્વરે આકાશ તથા પૃથ્વી સરજ્યાં." બાઈબલના પરમેશ્વર પ્રેરિત લેખકોએ હજારથી વધુ વાર "પ્રભુ યહોવાહ આ પ્રમાણે કહે છે," અથવા એના સમાનાર્થ ઉદ્‌ઘોષણા કરી છે.

વેદાંતોએ મનુષ્યના હૃદય અને આત્માની ભૂમિને ખેડીને તૈયાર કરી, અને ઈસુ ખ્રિસ્ત સત્ય અને જીવનનું બીજ લઈને આવ્યા; જેના પર પવિત્ર આત્માએ પાણી પાયું. યોગ્ય પ્રત્યુત્તર મળતાં, પુષ્પ ખીલી ઊઠશે!

ક્યાંક કોઈ અમારા સંદેશનો બીજો અર્થ સમજી ન બેસે, એ માટે દૃઢતાથી સ્પષ્ટ કરવું જોઈએ: ખ્રિસ્તી ધર્મ નહિ, પણ કેવળ પ્રભુ ઈસુ ખ્રિસ્ત જ છે કે જે ભારતની ખોજ-યાત્રાનાં લક્ષ્યને પરિપૂર્ણ કરે છે. કલીસિયા પોતે પણ પોતાની પૂર્ણતા ખ્રિસ્તમાં જ પ્રાપ્ત કરે છે, જે દેહ (કલીસિયા)ના શિરે છે.

જ્યારે આ દેશમાં ખોજ અને પ્રકટીકરણનું સંપૂર્ણ રીતે એકત્વ થઈ જશે, ત્યારે તે આ વિશ્વમાં પ્રેરકશક્તિનું નિર્માણ કરશે.

ખ્રિસ્ત આપણી મધ્યે એ માટે નથી કે પ્રાચીન વૈદિક ખોજ-યાત્રાનાં મૂલ્યોને બહાર ફેંકી દે. તેઓ તેમને અલગ પાડી દેતા નથી - તેઓ પોતે ખોજ-યાત્રામાં પ્રવેશ કરીને તેમના પોતાનામાં તેની પરિપૂર્ણતાનું નેતૃત્વ કરે છે. તે અદ્વૈતવાદમાં પ્રવેશ કરીને તેને પરમેશ્વર અને સૃષ્ટિની અદ્વૈતતાને અનુમોદન આપે છે, તેમ જ તેમાં પોતાના પ્રકટીકરણનો ઉમેરો કરે છે. પોતાના વિશિષ્ટાદ્વૈતમાં પ્રવેશ દ્વારા ભક્તિ તથા આરાધનાને જે યોગ્ય છે એવા પરમેશ્વરને વ્યક્તિ તરીકે ઓળખવા બદલ એની પ્રશંસા કરે છે અને એમાં પોતાના પ્રકટીકરણનો ઉમેરો કરે છે. ખ્રિસ્ત પોતાની કલીસિયાની (વિશ્વાસીઓનો એ સમૂહ જે ક્રૂસ પર વધ કરાયેલા હલવાનનાં લોહથી ધોવાયેલો છે) પ્રશંસા કરે છે પણ સાથે સાથે ઉમેરે છે કે અનેકાનેક કામો કરવામાં વ્યસ્ત રહેવાને બદલે, સુસમાચારની જ્યોતિ જલતી રાખવાની અને સાથોસાથ યોગ તેમ જ આત્મિક રહસ્યમય અનુભવો માટે વિશ્વની ભૂખ અને તરસ સમજવાની જરૂર છે.

પરિપૂર્ણતા પરસ્પર ભાગીદાર બનવા પ્રેરે છે. કલીસિયાને તેના પ્રભુમાં જે સત્ય અને જીવન મળ્યાં છે તે બીજાંને પહોંચાડવાં, એટલું જ નહિ પણ..... આર્યોએ આપેલ ઉચિત વારસો જે ભારત તેને આપવા માગે છે તે તેણે આનંદથી સ્વીકારવો જોઈએ, એ કારણે કે બાઇબલ જણાવે છે તેમ: "પૃથ્વીના રાજાઓ પોતાનું ઐશ્વર્ય નવી નગરીમાં લઈ આવશે," પ્રકટી ૨૧:૨૪.

વેદાંતિક વ્યવસ્થામાં વિવિધ ચિંતનો હોવા છતાંયે, આપણે આનંદથી વખાણી શકીએ એવી ઘણી યથાર્થ બાબતો છે. સાતતાલ

મસીહી આશ્રમના સ્થાપક અને તત્કાલીન આચાર્ય ડૉ. ઈ. સ્ટેન્લી જોન્સે હિંદુ ધર્મનાં પાંચ જીવંત બીજ સંબંધી ધ્યાન દોર્યું છે.* જે નીચે પ્રમાણે છે:

(૧) અંતિમ વાસ્તવિકતા આત્મા છે;

(૨) સમગ્ર વિશ્વમાં એકતા છે;

(૩) વિશ્વના અંતઃસ્થળમાં ઈન્સાફ છે;

(૪) મુક્તિ (છુટકારા)ની ઉત્કટ ઈચ્છા;

(૫) ધાર્મિક જીવન (શિષ્યત્વ)ને માટે ચૂકવવી પડતી ભારે કિંમત.

આ મૂલ્યો સાચવવાં જ જોઈએ. ખ્રિસ્તી ધર્મ જેમ ફેલાતો ગયો તેમ તેમ તેણે ગ્રીક, રૂમી અને અન્ય સંસ્કૃતિઓના ઘણા વિચારો અપનાવ્યા. ભારતભૂમિમાં પણ એવું ઘણું છે કે જે પ્રભુ અને ગુરુની સેવામાં અપનાવી શકાય.

વેદાંત (જે આર્યધર્મનું સુધારાવાદી સ્વરૂપ છે, જે આપણે અગાઉ જોઈ ગયા છીએ) આપણી કેટલીક ખ્રિસ્તી માન્યતાઓ, ખાસ કરીને બાઈબલ અનુસાર છે, તેની નજીક છે. જેવી કે, ઈશ્વરીય વચનની સર્વોપરિતા પર ભાર મૂકવો. ઉત્પન્નકર્તાનું અવેજી દુઃખ સહન, પરમેશ્વરના દેહધારીપણાની સંભવિતતા, અંગત અનુભવની અપેક્ષા, ગુરુ-શિષ્ય સંબંધો, અને માત્ર ધર્મક્રિયાની અસ્વીકૃતિ. જો અઢારમી સદી પછીની સુધારાવાદી (પ્રોટેસ્ટંટ) પાંખે ખ્રિસ્તી કલીસિયામાં નિશ્ચિત સ્વરૂપે પ્રાપ્ય ભારતીય સંસ્કૃતિ પર ઉચિત ધ્યાન આપ્યું હોત તો આજે ઈશ્વરવિદ્યાના ક્ષેત્રે જે

---

* 'Christ of the Indian Road', Lucknow Publishing House.

દુઃખજનક ગડમથલ અનુભવાય છે તેમાંથી બચી જવાયું હોત. એક સામાન્ય વેદાંતી ખ્રિસ્તી ધર્મના જુદા જુદા સિદ્ધાંતોને લીધે અધિક ઠોકર ન ખાત. દુર્ભાગ્યવશ, પ્રભુ ઈસુ માનવજાતના ઉદ્ધાર માટે એક માત્ર દ્વાર છે તે તેણે હજુ સ્વીકાર્યું નથી.

ખ્રિસ્તીઓને એવી દહેશત છે કે ઈસુ ખ્રિસ્ત દ્વારા આર્યધર્મની પરિપૂર્ણતાનો અર્થ એ થાય કે બધા કર્મ-કાંડ અને કાલ્પનિક સિદ્ધાંતોને અનુમોદન આપવું. પણ તે વાત પાયા વિનાની છે. પરિપૂર્ણતાનો અર્થ એ નથી થતો. જ્યારે પ્રભુ ઈસુએ યહૂદી પ્રજાને એવી પરિપૂર્ણતાની રજૂઆત કરી, (માથ્થી ૫:૧૭) ત્યારે તેનો અર્થ તેઓએ તેમના ધર્મમાં વિકસાવેલી કેટલીયે કાયદાના રૂપવાળી પરંપરાઓને મંજૂર રાખવાનો ન હતો. વાસ્તવમાં જેમ આપણે સુવાર્તાઓમાં જોઈએ છીએ તેમ પ્રભુ ઈસુ તેના કડક અલોચક હતા. તે બાબતના સંદર્ભમાં પ્રભુ ઈસુમાં ખ્રિસ્તી માર્ગની પરિપૂર્ણતાનો અર્થ એ નથી કે આ વિશ્વમાં ખ્રિસ્તી ધર્મના નામે કંઈ પણ કરવામાં આવે છે, તે સર્વ કાંઈ પર ખ્રિસ્તના અનુમોદનની રબર સ્ટેમ્પ છે. **પરિપૂર્ણતા કેવળ તેને જ પરિપૂર્ણ કરે છે જે પરમેશ્વરના ન્યાયપૂર્ણ સ્વભાવ અનુસાર પરિપ્રાપ્તિને યોગ્ય છે.** પણ નિશ્ચિત રૂપે ખ્રિસ્ત તેમની આ મહાન સૃષ્ટિમાં જે ક્યાંય સત્ય, પ્રેમ, ધાર્મિકત્તા અને શાંતિને લગતું છે, એ સર્વને પરિપૂર્ણ કરે છે.

કેવળ એ પ્રાર્થનાની સાથે આ પુસ્તક સાદર કરવામાં આવે છે કે હિંદુઓ અને ખ્રિસ્તીઓ, બંનેના મનમાં પરસ્પર એકબીજાની પ્રામાણિક્તા વિષે ભૂતકાળમાં જે પૂર્વગ્રહ બંધાયા છે તેમનું કેટલેક અંશે ખંડન થાય અને ઈસુ ખ્રિસ્ત, ખરેખર જે છે તે રીતે રજૂ કરી શકાય, એટલે તેઓ સર્વના પ્રભુ છે.

છેલ્લે પૃથક્કરણ કરતાં પરમેશ્વર આના જેવા કોઈ પુસ્તકમાં કે ભાષણોમાં કે ધાર્મિક વાર્તાલાપોથી પ્રાપ્ત થતા નથી. જ્યારે પણ કોઈ તૃષિત આત્મા વિશ્વાસથી પોતાના હૃદયનાં દ્વાર ગુપ્તમાં કે અન્યત્ર ખોલીને પશ્ચાત્તાપ સહિત પોતાનું સંપૂર્ણ આત્મસમર્પણ પરમેશ્વરને કરે ત્યારે તે મળે છે. પરમેશ્વર આવી વ્યક્તિને શોધી કાઢશે અને વ્યક્તિ પરમેશ્વરને શોધી કાઢશે. હું મારા વાચકને આ આખરી પગલું લેવા હમણાં જ આગ્રહપૂર્વક ભલામણ કરું છું. શબ્દોથી જે ઘણી હકીકતો સમજાવી ન શકાય તે બધી પ્રાર્થનામાં પવિત્ર આત્મા દ્વારા કેવળ પ્રાર્થનાથી જ પ્રગટ કરવામાં આવશે.

મારી એ જ આશા છે કે ભૂતકાળના બધા અંતરાયો જલ્દી દૂર થાય, પડદા હઠી જાય અને દેહમાં મારા વિદ્વાન દેશબાંધવો આત્માના મોક્ષથી વંચિત ન રહે પણ તેમને તારનારનો સાક્ષાત્કાર થાય અને તેમનામાં તથા તેમની ખાતર સર્વકાળ જીવે.

હા, આત્મચિંતનની પ્રસવપીડાના અંતમાં,
પૃથ્વીના ગુરુ તરીકે આરૂઢ;
આ ભારતભૂમિ સર્વ જગતને શીખવે-
મૂલ્યો ખ્રિસ્તી જીવન ને ખ્રિસ્તી વિશ્વાસનાં.

('ખ્રિસ્તાયન' ૨ ના.વા. ટિળક)

જો કોઈ તરસ્યો હોય તો તે મારી પાસે આવે ને પીએ. શાસ્ત્ર કહે છે તેમ, "જે કોઈ મારા પર વિશ્વાસ મૂકશે તેના અંતરમાંથી જીવનજળનાં ઝરણાં વહેશે." (ઈસુ યોહાન પ્રમાણે ૭: ૩૭-૩૮)

શાન્તિ !

# ૮

# ઈશ્વરીકૃપા દ્વારા બચાવ

મારો જન્મ એક ખ્રિસ્તી કુટુંબમાં થયો હતો. મારા પિતાજી, શ્રી. અબિલાખલાલ બિહાર પ્રાંતના ચંપારણ જિલ્લામાં એક ક્ષત્રિય ઘરમાંથી પ્રભુ ઈસુની પાછળ આવ્યા હતા તથા મારાં માતાજી રાજસ્થાનના નસીરાબાદનાં હતાં. જીવનના પ્રારંભકાળમાં જ, ૧૯ વર્ષની ઉંમરે, એક નાની છતાં પ્રભાવશાળી સરકારી નોકરી મને મળી ગઈ. બીજા લોકોની માફક, હું પણ મારા ધર્મમાં બહુ દઢ હતો, પરંતુ સાચી રીતે મારા જીવનમાં મને ઈસુ ખ્રિસ્તની ઓળખ ન હતી.

એક રવિવારે સાંજે મારી હંમેશની ટેવ મુજબ એક નાના પ્રભુમંદિરની સભામાં આરાધનામાં જોડાયો હતો અને ધર્મોપદેશક જેનાથી હું પરિચિત હતો એ પુરાણા શુભ સમાચાર સંભળાવતા હતા. ત્યારે પરમેશ્વરના આત્માએ મને જકડી લીધો. ત્યાં જ મારી જગા પર મારું આંતરિક મનુષ્યત્વ ભયંકર રીતે તૂટી ગયું અને જીવનમાં પાપની હાજરીની અનુભૂતિથી મારી દશા દયાજનક બની ગઈ. હું નિરાશામાં ઘેર ગયો, મારી દશા વિષે મારાં ધર્મપત્ની અથવા અન્યને જણાવ્યા વિના મેં દઢતાથી નક્કી કરી લીધું કે તે જ સાંજે તે બાબતનો મારે છેવટનો સામનો કરવો છે.

આ કારણે રાતનું વાળું કરીને હું નજીકના શાંત સરોવરની પાળે ચૂપચાપ પહોંચી ગયો. ચાંદની રાત સુરમ્ય હતી. આજુબાજુ

કોઈપણ નહોતું. ૧૯૩૮નો એ માર્ચ મહિનો હતો. ત્યાં મારી ગુમરાહ સ્થિતિનો પસ્તાવો કરી, કબૂલાત કરતાં કરતાં, પોતાને સંપૂર્ણ રીતે પ્રભુ ઈસુને સમર્પિત કરીને, હું પ્રેમાળ પરમેશ્વરના બાહુમાં ચત્તોપાટ ઢળી પડયો. આનું પરિણામ શું આવશે કે મારું શું થશે તેનો મને વિચાર સુદ્ધાં ન હતો. પણ અચાનક આ ક્ષણો દરમિયાન મને એકાએક એવો સ્પષ્ટ અનુભવ થયો કે મારાં પાપોનો દોષ મારામાંથી નીકળી ગયો છે. ઈશ્વરીય આનંદ તથા શાંતિએ તત્કાળ મારા આત્માને ભરપૂર કર્યો અને એ પછીની જિંદગીમાં આ અનુભવ ચાલુ જ રહ્યો છે. પાપોથી શુદ્ધતા અને ક્ષમા પ્રાપ્ત કરીને તે રાતે હું ઘસઘસાટ ઊંઘી ગયો.

પછીનો દિવસ ખરેખર મારા જીવનનો એક નૂતન દિવસ હતો. પ્રભુ ઈસુનાં વચનો મારા માટે મધ સમાન બની ગયાં, કારણ કે, સામાન્યતઃ મારી નોકરીમાં લાંબો સમય ગાળવા ઉપરાંત હું ઘેર, સવાર-સાંજ અને રાત્રીના ચારથી છ કલાક, પ્રત્યેક દિવસ કેટલાંયે વરસો સુધી નિરંતર મારા બાઈબલ અભ્યાસમાં પસાર કરતો હતો. આ બધાં વરસો દરમિયાન ઉલ્લેખનીય રૂપમાં મેં પ્રભુનું વિશ્વાસુપણું, પ્રાર્થનાઓના આશ્ચર્યકારક ઉત્તરોની મારફતે, સાચું માર્ગદર્શન પ્રાપ્ત કરવામાં, સાજાપણાની સેવામાં, કોઈ કોઈ વિપરીત પરિસ્થિતિઓ હોવા છતાં આંતરિક શાંતિ દ્વારા, અનુભવ્યું છે. આ અમૂલ્ય અનુભવોની મારે તે નોંધ રાખવી પડતી હતી એ માટે કે તેમની આશિષોને ક્યાંક ભૂલી ન જાઉં.

તે 'સાક્ષાત્કાર'નાં ઠીક ચાલીસ વરસો પછી, જ્યારે એક દિવસ મૈથિલ પંડિતોની સાથે હાર્દિક 'સત્સંગ' બાદ હું મધુબનીથી

પાછો ફરી રહ્યો હતો, ત્યારે મેં લહેરિયા સરાય (બિહાર)માં થોભવાનો નિશ્ચય કર્યો; જેથી મારી યુવાવસ્થામાં પ્રથમ વાર મારા તારનારને મળ્યો હતો તે સરોવર તટની ફરી મુલાકાત લઈ શકું. શાંતિથી, હું ત્યાં ઊભો રહ્યો અને કહ્યું: "પ્રભુ ઈસુ, હું તમારો આભારી છું."

શાન્તિ !